કિં. ₹૨૦/-
પાના નં.૧

ઑક્ટોબર-નવેમ્બર
૨૦૨૧

સળંગ અંક: ૯૨
વર્ષ : ૧૭

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID

વિદ્યાસેતુ



કન્યાકુમારી - સ્વામિ વિવેકાનંદ મેમોરીયલ

© iStock/ ePhotocorp




શ્રી હંસરાજભાઈ કંસારાના
વાર્તા સંગ્રહ 'કોરી આંખનું કલ્પાંત' નું
વર્ચ્યુઅલ વિમોચન



વ્યક્તિ વિશેષ:
પ્રો. ડૉ. મહેન્દ્ર છત્રારા

કૃપાનિધાન શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ શ્રી ગુસાંઈજી...૭ | સબંધમાં ખોટ...૧૯ | હું ન હોત તો - સર્જનાત્મક સાહિત્ય...૨૭

VA

Vinod Soni
98254 28255

## M/s. Velji Anandji

Dealers & Manufacturers of Gold Ornaments

Prime Point Shop No.3, Opp. NCC Office,
Santoshi Mata Mandir Road,
Bhuj- Kutch 370 001
Ph. (02832) 220126, 221451
email:va220126@gmail.com, vco221451@gmail.com

925 Sterling Silver Jewellery | Silver Jewellery
All Type of Gold Nosepin | Bali | Ring & Gold - Silver Ornaments

## DISHITA ORNAMENTS

"Precious Ethnic Art"

Wholesaler of Gold & Silver Ornaments

Mausam Patadiya | +91 990 991 1093
Keyur Patadiya | +91 962 448 0916

Office | +079 2216 3040
dishitaornaments@gmail.com

88/86, Ghanchi Ni Pole,
Nr. Jain Derasar, M. G. Haveli Road,
Manek Chowk, Ahmedabad (Guj.) India

/dishitaornaments /dishita_ornaments

## PrabhuKrupa Jewellers

BIS Approved Hallmark Gold Jewellery
Dealers & Makers of Gold and Silver Ornaments

Symbol of Trust & Beauty

5, Srimadshikhar Complex,
M.P. Road, Anjar-Kutch.
02836-242347
asoni2910@gmail.com
prabhukrupajewellers
prabhukrupajewellers

Atul Soni : 97250 38140
Anil S. Soni : 98242 85210
Kirtan A. Soni : 90336 28998

VJ

## વૈશાલી જ્વેલર્સ

સોના-ચાંદી ના દાગીના બનાવનાર તથા વેચનાર

દિનેશ જે. સોની
(M) 9426448597
9601717555

જે. જે. કોમ્પ્લેક્ષ
બેંક ઓફ ઈન્ડિયા ની બાજુમાં, સુભાષ ચોક,
મુ. તલોદ, જી. સાબરકાંઠા

## Ketan Enterprise

TYRE | BATTERY | ALLOY WHEEL

MRF apollo BRIDGESTONE CEAT
Continental GOODYEAR JK TYRE TOTAL CONTROL

કેતન સી. પરમાર
૯૮૨૫૨ ૩૪૬૫૭
ઈમેલ: ketanparmar69@gmail.com
લક્ષ્મી ચેમ્બર્સ, રવિ સિનેમા પાસે, ભુજ-કચ્છ
ફોન: ૦૨૮૩૨ ૨૨૧૪૧૬, ૨૫૩૪૧૬ | ઘર: ૦૨૮૩૨ ૨૫૦૦૫૩

Prakashbhai Soni
Nikul Soni

94288 98444
97258 66886

## Narmada JEWELLERS

Manufacturer of Gold & Silver Ornaments

916

Shivaji road,
Nr. Custom chawk
circle, Anjar.



## કંસારા નવનીતલાલ જગજીવનદાસ

NJ

સોના ચાંદીના વહેપારી

૪૫૦/૧-૩, સાંકડી શેરીના નાકે,
માણેક ચોક, અમદાવાદ - ૦૧.
ફોન : (દુ) ૨૨૧૪૨૮૮૦, ૨૨૧૪૪૯૭૪
(ઘ) ૨૨૧૪૬૯૪૧
મો.: ૯૮૭૯૫૩૯૩૧૧

G

## GAYATRI JEWELLERS

GOLD & SILVER ORNAMENTS

Shop No. 4,
Plot No. 510, Sector 5,
Opp. Bhavnath Temple,
Gandhidham - Kutch
Ph. : 02836 -236644
Email: gayatrijewellers1988@gmail.com

KISHOR P. SONI
98255 33371

NIKUNJ K. SONI
85114 67588

એકમેકને ઓળખવાનો
# જ્ઞાતિસેતુ
વર્ષ : ૧૭ ● સળંગ અંક : ૯૨
ઓક્ટોબર / નવેમ્બર – ૨૦૨૧

**ચેરમેન**
મનુભાઈ કોટડિયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૯૫૫૮૩ ૭૬૩૬૬

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

**સંપાદક મંડળ**
મહિલા અને બાળ વિભાગ :
શ્રીમતી લતાબેન સોલંકી ૯૭૨૫૩ ૨૦૪૪૪
શિક્ષણ અને વ્યવસાય વિભાગ :
પ્રો. રસીક મહીચ્છા ૯૪૨૮૭ ૪૮૨૪૮
કલા અને સાહિત્ય વિભાગ :
પ્રો. જીનલ પરમાર ૯૯૧૩૩ ૩૯૯૦૧

**ડિઝાઇન / મુદ્રણ આયોજન**
જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબસાઇટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૯૭૯૬ ૩૬૨૬૬

**જ્ઞાતિ પ્રમુખ**
ગીરીશભાઈ સોની ૯૮૨૪૦ ૬૩૯૭૦

**માનદ્ સહયોગી**
**અમદાવાદ** નીલેશભાઈ પોમલ
**ભુજ** સુરેશ બીજલાણી
સુધાબેન બુધ્ધભટ્ટી
**જુનાગઢ** ડૉ. શૈલેષ બારમેડા
**અંજાર** અનિલ એસ. સોની
**માધાપર** હિતેશ સોની
**સાબરકાંઠા** દિનેશભાઈ સોની
**નખત્રાણા** પ્રફુલભાઈ કંસારા
**આદિપુર** સુનીલ સોલંકી
**ગાંધીધામ** કિશોર સોલંકી
**માંડવી** વિનોદભાઈ હેડાઉ

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
**કાર્યાલય :** ૧૫,સુપર મોલ, સી.જી. રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯-૪૮૯૭૧૩૨૨
વેબ સાઈટ : www.gnyatisetu.com
ઈ-મેલ : gnyatisetu@gmail.com

છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-
આજીવન (૧૫ વર્ષ) રૂા. ૧૫૦૦/-

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

# તંત્રી સ્થાનેથી

## અધ્યક્ષની અપીલ....

વહાલા વાચકોને વર્ષ ૨૦૨૨ના આગમનના આગોતરા અભિનંદન. ૨૦૨૧ની આખર 'કોરોના વિદાય' સાથે 'વૈશ્વિક ઓમીક્રોન આક્રમણ'ની સૂચક છે. આપણા શાસ્ત્રો અને શાસ્ત્રીઓ, પૂર્વજો અને પંડિતો યુગોથી સદૈવ એકસુત્રી શીખ આપતા રહ્યા છે. આ શીખ છે, 'સમય વર્તે સાવધાન.' ઓમીક્રોન આક્રમણને આપણી નજીક આવવા જ ન દેવો, એજ હાલે એકમાત્ર પ્રતિકારક ઈલાજ છે. અમને આશા અને વિશ્વાસ છે કે 'કોરોના અનુભવે' આપણને જે 'સાવધાની'નો સબક આપ્યો છે તેનો આપણે ચુસ્તપણે અમલ કરીશું. વર્ષ ૨૦૨૨ દરમ્યાન 'સમય વર્તે સાવધાન'નું સુત્ર અપનાવીશું.

કોરોનાએ આપણા સામૂહિક સ્વાસ્થ્ય સાથે સામાજીક, આર્થિક અને માનસિક સંતુલન ડામાડોળ કરી નાખ્યું છે. એના કારણે સમસ્ત માનવજાતિને છેલ્લા બે વર્ષ દરમ્યાન જે નુકસાન થયું છે તેનો કોઈ અંદાજ કે ઈલાજ દેખાતો નથી. દેખાય છે, માત્ર નિમ્ન મધ્યમ વર્ગની હાલાકી અને સમાજના તકસાધુ અનિષ્ટ તત્ત્વોની ચાલાકી. ખેર, જે છે, તેનો સામુહિક સમજ અને વ્યક્તિગત વર્તનથી સામનો કરીએ. જો કે આપણા સમજદાર સમાજે કોરોનાકાળ દરમ્યાન એમ કરી દેખાડ્યું જ છે. કોરોનાને કારણે આપણા સમાજના અનેક સભ્યો સંક્રમિત થયા હતા. એમાંના કેટલાકનું અવસાન પણ થયું. 'સેતુ' પરિવાર આ અંગે ખેદ વ્યક્ત કરવાની સાથે સાથે એ હકીકતની પણ ગૌરવભેર નોંધ લે છે કે, આપણા સમાજના લગભગ બધા જ સંગઠિત મંડળો તેમજ વ્યક્તિગત સભ્યોએ પણ, કોરોના આતંકિત વ્યક્તિઓ / પરિવારોને યથોચિત સહાયતા પહોંચાડવા પૂરતા પ્રયાસો કર્યા છે. અમને આશા અને વિશ્વાસ છે કે આપણો સમાજ આગામી વર્ષ દરમ્યાન પણ એ જ 'પોતિકા'ની ભાવના સાથે પ્રત્યેક પરિવારને હૂંફ આપવા તત્પર રહેશે.

અત્રે 'સેતુ' સંબંધિત એક અન્ય હકીકતની નોંધ લેવી અસ્થાને નહીં ગણાય. આ હકીકત છે, 'સેતુ'ને આપણા સમાજના શ્રેષ્ઠીઓ, શુભેચ્છકો અને સ્વજનોનો કોરોના કટોકટી કાળ દરમ્યાન પણ સંપૂર્ણ - સહૃદય સહયોગ રહ્યો. જાહેરખબર દાતાઓએ સમયની માંગ સમજી, એમની જાહેરાતો ચાલુ રાખી, આપી તેમજ તે માટે પ્રોત્સાહન પણ આપ્યું. વાર્ષિક, ત્રિ-વાર્ષિક કે આજીવન લવાજમ ધરાવતા સભ્યોએ પણ એમનો સહયોગ આપ્યો. 'સેતુ' એના આ 'સ્વજનો'ની લાગણીનું સદૈવ ઋણી રહેશે.

અસ્તુ.

**અતુલ સોની**
**તંત્રી**

**મનુભાઇ કોટડિયા**
**અધ્યક્ષ**

# ગીતા શ્લોકો સાથે સાર – (૩)

પ્રેષક : તુલસીદાસ કંસારા

## ગીતા જયંતી

*હિંદુ પંચાંગ અનુસાર આ વખતે ૫૧૫૮મી ગીતા જયંતી માર્ગશિર્ષ શુક્લ એકાદશી (૧૪ ડિસેમ્બર, ૨૦૨૧)ના રોજ આવશે. તે દિવસને મોક્ષદા અને મૌની એકાદશી પણ કહેવામાં આવે છે.*

*ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે થયેલો સંવાદ શ્રીમદ્ ભગવદ ગીતા છે. આ ઉપદેશ દરમ્યાન ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનનું પોતાનું વિરાટ સ્વરૂપ દેખાડી જીવનની વાસ્તવિક્તાથી તેમને સાક્ષાત્કાર કરાવ્યો હતો. ત્યારથી લઈ અત્યાર સુધી ગીતાના ઉપદેશની સાર્થકતા બની છે. શ્રીકૃષ્ણના ઉપદેશ બાદ અર્જુનનો મોહ ભંગ થઈ ગયો અને તેમણે ગાંડીવ પહેરીને દુશ્મનોનો નાશ કર્યા પછી ધર્મની ફરી સ્થાપના કરી. જે દિવસે શ્રીકૃષ્ણએ અર્જુનને આ ઉપદેશ આપ્યો ત્યારે માર્ગશિર્ષ શુક્લ એકાદશી હતી.*

*આ દિવસની ઉજવણી કરવા માટે શ્રીમદ્ ભગવદ્ ગીતાના પાઠ કરવામાં આવે છે. દેશભરના મંદિરોમાં વિશેષ કરીને ઈસ્કોન મંદિરમાં ભગવાન શ્રીકૃષ્ણ અને ગીતાની પૂજા કરવામાં આવે છે. ગીતા જયંતીના દિવસે લોકો ઉપવાસ રાખે છે. ગીતાના ઉપદેશ વાંચવામાં આવે અને સાંભળવામાં આવે છે.*

*– મનુભાઇ કોટડિયા*

*યાવાનર્થ ઉદપાને સર્વતઃ સંપ્લુતોદકે ।*
*તાવાન્સર્વેષુ બ્રાહ્મણસ્ય વિજાનતઃ ॥ ૪૬ ॥*

*કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન્ ।*
*મા કર્મફલહેતુર્ભૂર્મા તે સઙ્ગોઽસ્ત્વકર્મણિ ॥ ૪૭ ॥*

*યોગસ્થઃ કુરુ કર્માણિ સઙ્ગં ત્યક્ત્વા ધનંજય ।*
*સિદ્ધ્યસિદ્ધ્યોઃ સમો ભૂત્વા સમત્વં યોગ ઉચ્યતે ॥ ૪૮ ॥*

*દૂરેણ હ્યવરં કર્મ બુદ્ધિયોગાદ્ધનંજય ।*
*બુદ્ધૌ શરણમન્વિચ્છ કૃપણાઃ ફલહેતવઃ ॥ ૪૯ ॥*

*બુદ્ધિયુક્તો જહાતીહ ઉભે સુકૃતદુષ્કૃતે ।*
*તસ્માદ્યોગાય યુજ્યસ્વ યોગઃ કર્મસુ કૌશલમ્ ॥ ૫૦ ॥*

***શ્લોક ૪૬ થી ૫૦ :*** ૪૬મા શ્લોકના ભાવ માટે શ્રી વિનોબાજી તેમની ગીતાઇ - ચિંતનિકામાં ત્રિવિધ અર્થની ચર્ચામાં તેઓ વેદો સાતે વિજ્ઞાની એટલે કે અનુભવીઓની સરખામણી કરતાં કહે છે કે : (૧) જેવી રીતે અનુભવી પુરૂષના જ્ઞાનમાં વેદોનો સમાવેશ થાય છે, તેવી રીતે ચારે તરફ પાણી જ પાણી છે, તેમના જેમ જેને તે મળી જાય છે તો તેમાં કુવાના પાણીનો સમાવેશ પણ થઇ જાય છે. (૨) આમ છતાં પણ તે કુવાનું શુદ્ધ મધુર પાણી પીવા માટે ત્યારે કામ આવે છે જ્યારે અન્ય પાણી ગંદુ થઈ ગયું હોય છે અને (૩) ચારે તરફ સરોવર જેવું શુદ્ધ પાણી હોય તો કુવાના પાણીને કોણ પૂછવાનું? અર્થાત્ તેની જરૂરિયાત રહેતી નથી. આ જ પ્રમાણે જેણે બ્રહ્મનું જ્ઞાન મેળવી લીધું હોય તેને પછી વેદનું અધ્યયન કરવાની જરૂરત રહેતી નથી.

૪૭થી ૫૦ શ્લોકમાં કર્મના સિદ્ધાંતને પ્રતિપાદિત કરતાં શ્લોકમાં ભગવાન કહે છે કે, હે અર્જુન! તારો ‘અધિકાર’ માત્ર કર્મ કરવાનો છે. એનું કેવું ફળ મળે તેના પર નથી. એથી ફળ મેળવવાની આશાથી કોઈ કર્મ ન કર. જો તું ફળ મેળવવા માટે કર્મ કરીશ તો તને કર્મમાં આસક્તિ થશે. તેથી હે ધનંજય! કર્મની સફળતા કે નિષ્ફળતા - બંનેમાં સમાન ચિત્ત રહીને તથા કર્મના ફળની આશાથી રહિત થઇને કર્મ કર. આ રીતે કર્મ કરવાને (બંનેમાં સમતાને) જ યોગ કહેવામાં આવે છે. આમ સમબુદ્ધિથી કર્મ કરવાવાળો વ્યક્તિ કર્મથી લેપાતો નથી અને તે પાપ તથા પુણ્યથી પર થઈ જાય છે. એથી તું સમત્વના આ યોગમાં કુશળતા મેળવ.

*કર્મજં બુદ્ધિયુક્તા હિ ફલં ત્યક્ત્વા મનીષિણઃ ।*
*જન્મબન્ધવિનિર્મુક્તાઃ પદં ગચ્છન્ત્યનામયમ્ ॥ ૫૧ ॥*

*યદા તે મોહકલિલં બુદ્ધિર્વ્યતિતરિષ્યતિ ।*
*તદા ગન્તાસિ નિર્વેદં શ્રોતવ્યસ્ય શ્રુતસ્ય ચ ॥ ૫૨ ॥*

*શ્રુતિવિપ્રતિપન્ના તે યદા સ્તાસ્યતિ નિશ્ચલા ।*
*સમાધાવચલા બુદ્ધિસ્તદા યોગમવાપ્સ્યસિ ॥ ૫૩ ॥*

***શ્લોક ૫૧ થી ૫૩*** માં ભગવાન કર્મફળ ત્યાગવાથી થતા ફાયદા દર્શાવતાં અર્જુનને પરમાત્માની સાથે સંયોગ કરવાનું સમજાવતાં કહે છે કે જે વ્યક્તિ સમબુદ્ધિથી સંપન્ન થઇને કર્મફળનો ત્યાગ કરે છે તે જન્મ-મરણના ચક્રથી છૂટી જઇને પરમપદની પ્રાપ્તિ કરે છે. જ્યારે તારી બુદ્ધિ મોહરૂપી અંધકારથી ઉપર ઉઠશે ત્યારે આ લોક અને પરલોકના બધા ભોગપદાર્થોથી તને વૈરાગ્ય પેદા થશે. અત્યારે વિવિધ ઉપદેશ સુણવાથી તારી

મતિ ભ્રમિત થઈ છે. જ્યારે તે પરમાત્મામાં સ્થિર થઈ જશે ત્યારે તું પરમાત્માની સાથે સંયોગ (યોગ-સ્થિતિ) કરી શકશે.

*સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા સમાધિસ્થસ્ય કેશવ ।*
*સ્થિતધીઃ કિં પ્રભાષેત કિમાસીત વ્રજેત કિમ્ ॥ ૫૪ ॥*

***શ્લોક ૫૪માં અર્જુન ભગવાનને પૂછે છે કે —*** હે કેશવ, જેમની બુદ્ધિ સમાધિમાં સ્થિર થઈ ચૂકી છે એ પુરૂષ કેવો હોય છે?

*શ્રી ભગવાન કહે છે :*

*પ્રજહાતિ યદા કામાન્સર્વાન્પાર્થ મનોગતાન્ ।*
*આત્મન્યેવાત્મના તુષ્ટઃ સ્થિતપ્રજ્ઞસ્તદોચ્યતે ॥ ૫૫ ॥*

*દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ સુખેષુ વિગતસ્પૃહઃ ।*
*વીતરાગભયક્રોધઃ સ્થિતધીર્મુનિરુચ્યતે ॥ ૫૬ ॥*

*યઃ સર્વત્રાનભિસ્નેહસ્તત્તત્પ્રાપ્ય શુભાશુભમ્ ।*
*નાભિનન્દતિ ન દ્વેષ્ટિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥ ૫૭ ॥*

*યદા સંહરતે ચાયં કૂર્મોઽઙ્ગાનીવ સર્વશઃ ।*
*ઈન્દ્રિયાણિન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥ ૫૮ ॥*

જ્યારે તે પછીના ***શ્લોક ૫૫ થી ૫૮***માં ભગવાન જવાબમાં કહે છેઃ હે પાર્થ, જ્યારે વ્યક્તિ પોતાના મનમાં ઉઠતી બધી જ કામનાઓને ત્યાગી દે છે અને પોતાના આત્મામાં સ્થિતિ કરે છે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે અને તેનું મન ન તો દુઃખમાં વિચલિત થાય છે કે ન તો સુખની સ્પૃહા (ઇચ્છા - તૃષ્ણા) કરે છે. એનું મન રાગ, ભય અને ક્રોધથી મુક્ત થયેલું હોય છે. તેની બુદ્ધિ સ્થિર થયેલી હોય છે. જેવી રીતે કાચબો પોતાના અંગોને અંદરની તરફ સંકેલી લે છે તેવી રીતે તે પોતાની ઇન્દ્રિયોને વિષયોમાંથી કાઢી આત્મામાં સ્થિર કરે છે. ત્યારે તેની બુદ્ધિ સ્થિર થાય છે.

*વિષયા વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ ।*
*રસવર્જં રસોઽપ્યસ્ય પરં દૃષ્ટ્વા નિવર્તતે ॥ ૫૯ ॥*

*યતતો હ્યપિ કૌન્તેય પુરુષસ્ય વિપશ્ચિતઃ ।*
*ઈન્દ્રિયાણિ પ્રમાથીનિ હરન્તિ પ્રસભં મનઃ ॥ ૬૦ ॥*

***શ્લોક ૫૯ — ૬૦ :*** આ શ્લોકો વિશે સમજણ આપતા ગીતાઈ - ચિંતનિકામાં વિનોબાજી એવું કહે છે કે નિરાહાર (ભોજનનો ત્યાગ)ના બળથી સાધક વિષયોને બહારથી છોડે છે, પરંતુ અંદરની રૂચિ છૂટતી નથી. તે આત્મ દર્શનથી ખાખ થાય છે. નિરાહાર ગીતાને માન્ય છે, પરંતુ તેની શક્તિને મર્યાદા છે એટલું જ અહીં સૂચવાયું છે. આગળ શ્રી વિનોબાજી નિરાહારનું અર્થઘટન કરતાં કહે છે કે નિરાહારનો અર્થ ખાવું નહીં, એટલો જ નથી. આંખનો આહાર જોવું, કાનનો આહાર સાંભળવું, તે સૌ જુદી જુદી ઇંદ્રિયોના આહાર પણ નથી લેવાના.

હે કૌન્તેય, ઇન્દ્રિયો એટલી ચંચળ છે કે — સાવધાનીથી ઇન્દ્રિયોનો સંયમ કરી અભ્યાસ કરનાર વિદ્વાન મનુષ્યના મનને પણ (પરાણે) ઇન્દ્રિયો હરી લે છે અને બળપૂર્વક વિષયો તરફ ખેંચે છે. પરંતુ તે આ પરિસ્થિતિમાં હાર માનતો નથી. તે વિવેક તેમજ ધૈર્ય પૂરતી નથી એમ જોતાં તે ત્રીજી શક્તિનું, ભગવદ્ - આશ્રયનું આવહાન કરે છે.

*તાનિ સર્વાણિ સંયમ્ય યુક્ત આસીત મત્પરઃ ।*
*વશે હિ યસ્યેન્દ્રિયાણિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥ ૬૧ ॥*

***શ્લોક ૬૧ :*** હે અર્જુન, એથી સાધકે પોતાની ઇન્દ્રિયોનો સંયમ કરી મારૂં (પરમાત્માનું) ધ્યાન કરવું જોઈએ. એમ કરવાથી ઇન્દ્રિયો વશમાં રહેશે અને મારામાં (પ્રભુમાં) મન - બુદ્ધિને સ્થિર કરી શકાશે.

*ધ્યાયતો વિષયાન્પુંસઃ સઙ્ગસ્તેષૂપજાયતે ।*
*સઙ્ગાત્સંજાયતે કામઃ કામાત્ક્રોધોઽભિજાયતે ॥ ૬૨ ॥*

*ક્રોધાદ્ભવતિ સંમોહઃ સંમોહાત્સ્મૃતિવિભ્રમઃ ।*
*સ્મૃતિભ્રંશાદ્બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ ॥ ૬૩ ।.*

***શ્લોક ૬૨-૬૩ :*** આ શ્લોકોમાં કહેવામાં આવ્યું છે કે વ્યક્તિ વસ્તુ વિશે વિચારી રહ્યો હોય છે તે સાથે તેનું મન જોડાઈ જાય છે. તે પ્રાપ્ત કરવાની ઇચ્છાથી આસક્તિ ઉત્પન્ન થાય છે. ઇચ્છા પૂરી ન થતાં ક્રોધ (ક્ષોભ) થાય છે. જેમાંથી મોહ વળગે છે અને મોહથી સ્મૃતિનો નાશ થાય છે. જેના લીધે, વ્યક્તિની બુદ્ધિ નાશ અર્થાત્ આત્મનાશ થાય છે.

*રાગદ્વેષવિયુક્તૈસ્તુ વિષયાનિન્દ્રિયૈશ્ચરન્ ।*
*આત્મવશ્યૈર્વિધેયાત્મા પ્રસાદમધિગચ્છતિ ॥ ૬૪ ॥*

*પ્રસાદે સર્વદુઃખાનાં હાનિરસ્યોપજાયતે ।*
*પ્રસન્નચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે ॥ ૬૫ ॥*

*નાસ્તિ બુદ્ધિરયુક્તસ્ય ન ચાયુક્તસ્ય ભાવના ।*
*ના ચાભાવયતઃ શાન્તિરશાન્તસ્ય કુતઃ સુખમ્ ॥ ૬૬ ॥*

*ઈન્દ્રિયાણાં હિ ચરતાં યન્મનોઽનુ વિધીયતે ।*
*તદસ્ય હરતિ પ્રજ્ઞાં વાયુર્નાવમિવામ્ભસિ ॥ ૬૭ ॥*

*તસ્માદ્યસ્ય મહાબાહો નિગૃહીતાનિ સર્વશઃ ।*
*ઈન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય પ્રજ્ઞા પ્રતિતા ॥ ૬૮ ॥*

***શ્લોક ૬૪ થી ૬૮***માં કહેવામાં આવ્યું છે : ઇન્દ્રિયોને

રાગ અને દ્વેષથી મુક્ત કરી પોતાના વશમાં કરનાર મનુષ્યને અંતઃકરણની પ્રસન્નતા અને શાંતિની પ્રાપ્તિ થાય છે. પ્રસન્નચિત્ત થયેલા એવા પુરૂષની બુદ્ધિ, પરમાત્મામાં હંમેશ માટે સ્થિર બને છે. જ્યારે જેની ઇન્દ્રિયો સંયમિત નથી એની બુદ્ધિ સ્થિર રહી શકતી નથી. આવી વ્યક્તિ શાંત કેવી રીતે બની શકે? અને જે શાંત ન બને તેને વળી સુખ કેવી રીતે મળે? જેવી રીતે નૌકાને હવા ખેંચી જાય છે એવી રીતે ભટકતી ઇન્દ્રિયો તેના મનને ખેંચી જાય છે. એની બુદ્ધિનું હરણ કરી લે છે.

*યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી ।*
*યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ ॥ ૬૯ ॥*

*આપૂર્યમાણમચલપ્રતિષ્ઠં સમુદ્રમાપઃ પ્રવિશન્તિ યુદ્વત્ ।*
*તદ્વત્કામા યં પ્રવિશન્તિ સર્વે શ શાન્તિમાપ્નોતિ ન કામકામી ॥ ૭૦ ॥*

*વિહાય કામાન્યઃ સર્વાન્ પુમાંશ્ચરતિ નિઃસ્પૃહઃ ।*
*નિર્મમો નિરહંકારઃ સ શાન્તિમધિગચ્છતિ ॥ ૭૧ ।.*

*એષા બ્રાહ્મી સ્થિતિઃ પાર્થ નૈનાં પ્રાપ્ય વિમુહ્યતિ ।*
*સ્થિત્વાસ્યામન્તકાલેઽપિ બ્રહ્મનિર્વાણમૃચ્છતિ ॥ ૭૨ ॥*

***શ્લોક ૬૯ – ૭૨ :*** જ્યારે સર્વે માટે રાત્રિ છે ત્યારે સંયમી જાગતા હોય છે અને જ્યારે બધા જાગૃત હોય છે ત્યારે સંત લોકો રાત્રિની રાહ જોતા હોય છે. અર્થાત્ સંસારના ભોગોપભોગો માટે સામાન્ય મનુષ્યો પ્રવૃત્તિ કરતા દેખાય છે ત્યારે મુનિ એ માટે તદ્દન નિષ્ક્રિય રહે છે. (અર્થાત્ જે લોકો માટે દિવસ છે, તે એને માટે રાત્રિ – નિષ્ક્રિય રહેવાનો સમય છે). એવી જ રીતે જે લોકો માટે રાત્રિ છે તે મુનિ માટે દિવસ છે. (અર્થાત્ જેને માટે સામાન્ય મનુષ્યો પ્રયત્ન નથી કરતા તે પરમાત્માની પ્રાપ્તિ માટે મુનિ પ્રયત્ન કરે છે). જેવી રીતે સરિતાનું જળ સમુદ્રને અશાંત કર્યા સિવાય સમાઇ જાય છે તેવી જ રીતે સ્થિતપ્રજ્ઞ પુરૂષમાં ઉત્પન્ન થતી વૃત્તિઓ કોઈ વિકાર પેદા કર્યા વિના શાંત થઇ જાય છે. એવો પુરૂષ પરમ શાંતિને પ્રાપ્ત કરે છે. જ્યારે સામાન્ય મનુષ્ય વૃત્તિઓ પાછળ ભાગતો ફરે છે. એથી હે અર્જુન, બધી જ કામનાઓનો ત્યાગ કર. જે મનુષ્ય મમતા, અહંકાર અને બધી જ ઇચ્છાઓથી મુક્ત થઈ જાય છે, તે પરમ શાંતિને પામી લે છે. હે અર્જુન, એવો મનુષ્ય બ્રહ્મમાં સ્થિતિ કરે છે. એવી બ્રાહ્મી સ્થિતિને પ્રાપ્ત કર્યા પછી એ સંસારના ભોગપદાર્થોથી કદી મોહિત નથી થતો અને અંત સમયે ઉત્તમ ગતિને પ્રાપ્ત કરીને મુક્તિને પામે છે.

**॥ અનાસક્તિ યોગ સમાપ્ત ॥**


## જ્ઞાતિસેતુ

*"જ્ઞાતિસેતુ" – એ શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ દ્વારા દર બે માસે અમદાવાદથી પ્રસિદ્ધ થતું સમાજનું પારિવારિક સામાયિક છે.*

**'જ્ઞાતિસેતુ'નું લવાજમ : ● રૂા. ૩૦૦/- (ત્રણ વર્ષ માટે) ● રૂા. ૧૫૦૦/- (પંદર વર્ષ માટે)**

'જ્ઞાતિસેતુ'ના લવાજમ ધારકો, વિજ્ઞાપન સહયોગી તેમજ દાતાઓને નમ્ર નિવેદન છે આપના લવાજમ, જાહેરાત તથા શુભેચ્છા સહયોગની રકમ 'જ્ઞાતિસેતુ'ના સ્થાનિક સહયોગીઓ અથવા અમદાવાદ કાર્યાલય પર જમા કરાવી શકશો. ***અથવા*** નીચે જણાવેલ બેંકમાં RTGS / NEFT દ્વારા ટ્રાન્સફર કરી શકશો ***અથવા*** રોકડા કે ચેક (**"શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ"**ના નામનો) લખીને **"પંજાબ નેશનલ બેંક"**માં કોઈપણ શાખામાં જમા કરાવી શકશો.

***વધુ જાણકારી માટે સંપર્ક*** : ★ મનુભાઈ કોટડિયા મો. 96012 75078 ★ અતુલ સોની : મો. 97250 38140

***બેંકની વિગત*** : *ખાતાનું નામ :* **શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ**

*બેંકની વિગત :* પંજાબ નેશનલ બેંક. ★ *બ્રાંચ :* ઑફ સી.જી. રોડ

*સેવિંગ્સ એકાઉન્ટ નં. :* 5194000100003759 ★ ***IFS Code :*** PUNB0519400

***કાર્યાલય*** : જે. જે. જ્વેલર્સ, ૮, સુપરમોલ, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ઈ-મેઈલ : gnyatisetu@gmail.com

# કૃપાનિધાન શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ શ્રી ગુસાંઇજી

**પ્રેષક : મનુભાઈ કોટડિયા**

*આજથી ૪૦ વર્ષ પહેલાં ઈ.સ. ૧૯૮૦માં લેખકે શ્રી ગુંસાઈજી મહારાજના પાવનકારી દીર્ઘ ચરિત્રામૃતમાંથી ૩૬ પ્રસંગો ચૂંટીને એમને પોતાની આગવી શૈલીમાં બાળોપયોગી સાહિત્ય તરીકેની નાની-નાની વાર્તાઓ રૂપે આલેખિત કર્યા હતા. ત્રણેક વર્ષ સુધી છૂટક-છૂટક રીતે એ સાહિત્ય પ્રગટ થતું રહ્યું હતું. પરંતુ ત્યારપછી ૧૬ વર્ષ રહીને એ ૩૬ વાર્તાઓમાંથી ૨૪ વાર્તાઓ ચૂંટાઈને, યથોચિત ફેરફાર સહિત એક જ પુસ્તકમાં સમાઈ ગઈ હતી. "કૃપાનિધાન શ્રી વિઠ્ઠલેશપ્રભુચરણ શ્રી ગુસાંઈજી" નામના એ સચિત્ર પુસ્તકનું તા. ૨૪-૦૯-૧૯૯૬ના દિવસે વ્રજમાં જતીપુરા ગામે શ્રી ગિરિરાજજીની તળેટીમાં, લેખકની ઉપસ્થિતિમાં, એક દબદબાસભર અધિવેશનમાં વિમોચન થયું હતું. એ પુસ્તક બાળકોમાં અધિક પ્રિય બન્યું હતું. ત્યાર પછી ઈ.સ. ૧૯૯૯માં એ જ પુસ્તકના આધારે એક મંચ – નાટક માટેની સ્ક્રીપ્ટ તૈયાર કરવામાં આવી હતી અને ઈ.સ. ૨૦૦૨માં સેમિ એનિમેટેડ ફિલ્મ સી.ડી. પાંચ ભાગ, ૭૦ પ્રસંગો માટેની સ્ક્રીપ્ટ રચાઈ હતી. એ પાંચ ભાગની સી.ડી.એ અત્યંત લોકચાહના પ્રાપ્ત કરી હતી. આજે સી.ડી. અને પુસ્તક બંને પ્રાપ્ય નથી.*

*તો એ નાની-નાની વાર્તાઓ આ અંકથી હવે પછીના દરેક અંકમાં ક્રમશઃ છપાશે. નાની-નાની વાર્તાઓના પ્રસંગોને મેં અહીં લેખકની અનુમતિથી સાભાર ઉદ્ધૃત કર્યા છે. એમની ઔદાર્યપૂર્ણ અનુમતિ બદલ હું ઋણી છું. આમાં કોઈ જ આત્મશ્લાઘા (Self boasting) કે અંગત હિત (personal vested interest) સમાયેલા નથી. લેખક પ્રત્યેની કૃતજ્ઞતા પ્રગટ કરવા માટેનો અણિશુદ્ધ નિઃસ્વાર્થ ભાવ છે.*

**– મનુભાઇ કોટડિયા**

## ૧. પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે

અગ્નિની જ્વાળામાંથી નીકળેલો તણકો પણ અગ્નિ સ્વરૂપ જ હોય છે. વિદ્યાની સરિતામાંથી ભરેલાં ઘડા પણ વિદ્યા સ્વરૂપ જ હોય છે. અગ્નિમાંથી ગમે એટલા તણખા નીકળે તો પણ એ અગ્નિ ઓછો નથી થતો. સરિતામાંથી ગમે એટલાં ઘડા ભરો તો પણ એ સરિતા સૂકાતી નથી. આ બધા સિદ્ધાંતોનું મૂળ છે "પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે." પૂર્ણમાંથી પૂર્ણ જ નીકળે અને છતાંય પૂર્ણ તો પૂર્ણ જ રહે છે અને નીકળેલાં તમામ પૂર્ણો પણ પૂર્ણ જ હોય.

વાત છે વૈશ્વાનર વિભુ શ્રીવલ્લભની અને કૃપાનિધાન શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણની. શ્રી વલ્લભ (શ્રી મહાપ્રભુજી) બહુ નાની વયે ચારેય વેદો, છએ શાસ્ત્રો, અઢારે પુરાણો વગેરે શીખ્યા. દસ વર્ષની ઉંમરે તો એમણે પ્રથમ લઘુયાત્રા કરી. ત્યાર પછી થોડા જ સમયમાં પહેલી અને બીજી મોટી યાત્રાઓ પણ કરી.

મોટી યાત્રાની શરૂઆતમાં દક્ષિણ ભારતમાંના અતિ લોકપ્રિય દેવ તિરૂપતિ શ્રી લક્ષ્મણ બાલાજીએ શ્રી મહાપ્રભુજીને લગ્ન કરવાની આજ્ઞા આપી. એ જ યાત્રામાં આગળ વધતાં શ્રી મહાપ્રભુજી પંઢરપુર ગામે પધાર્યા. ત્યાં શ્રી વિઠ્ઠલનાથ (વિઠોબાજી)એ પણ શ્રી મહાપ્રભુજીને લગ્ન કરવાની આજ્ઞા આપી અને કહ્યું કે : "અમારે આપને ત્યાં પુત્રરૂપે અવતરીને પુષ્ટિમાર્ગનો વિસ્તાર કરવો છે." એ યાત્રા પૂરી થવા આવી ત્યારે શ્રી મહાપ્રભુજી ઉત્તર ભારતમાં વ્યાસ ઋષિના આશ્રમમાં પધાર્યા. ત્યાં ભાગવતકાર શ્રી વેદ વ્યાસજીએ પણ શ્રી મહાપ્રભુજીને લગ્ન કરવાનું સૂચન કર્યું.

ભગવદ્ ઇચ્છાને માન આપીને વિ.સં. ૧૫૫૯ના અષાઢ સુદ-૫ ના રોજ કાશીમાં શ્રી મહાપ્રભુજીએ મધુમંગલ નામના સજાતીય બ્રાહ્મણની મહાલક્ષ્મી નામની કન્યા સાથે વિવાહ કર્યા. વિવાહ પછી તરત જ શ્રી મહાપ્રભુજીએ, અગાઉ નિર્ધાર કર્યા મુજબ ત્રીજી અને છેલ્લી યાત્રા આરંભી. એ યાત્રા પૂર્ણ કર્યા પછી એમણે કાશીથી થોડે દૂર અડેલ ગામ પાસે દેવરિષી (દેવર્ષિ) ગામમાં નિવાસ કર્યો. ત્યાં પ્રથમ પુત્ર શ્રી ગોપીનાથજીનું પ્રાગટ્ય થયું. ત્યાર પછી શ્રી મહાપ્રભુજીએ નજીકના ચરણાટ (ચરણાદ્રિ, ચુનારગઢ) ગામમાં નિવાસ કર્યો. ત્યાં અદ્ભુત સૃષ્ટિ સૌંદર્ય હતું. આ ગામમાં વામન ભગવાનના ચરણારવિંદના ચિહ્નો હતા. તેથી એનું નામ ચરણાટ અથવા ચરણાદ્રિ પડ્યું હતું. પ્રાકૃતિક સૌંદર્યનું રસપાન કરતાં કરતાં એકાંતમાં શ્રી મહાપ્રભુજી શ્રી સુબોધિનીજીનું લેખન કાર્ય કરાવતા.

બીજી બાજુ, ગંગાજીને કિનારે બેસીને બટુક નામના એક રામાનુજ પંડિત બાર વર્ષથી નિત્ય વિષ્ણુ સહસ્ર નામનો પાઠ કરતા હતા. એક સમયે ગંગાજીમાંથી શ્રી વિઠ્ઠલનાથજીનું સ્વરૂપ પ્રગટ થયું. એ સ્વરૂપે બટુક પંડિતને આજ્ઞા કરી કે : "એક મહિના સુધી તું અમારી સેવા કરજે. પછી અમે કહીએ ત્યાં અમને પધરાવી આવજે."

બટુક પંડિતે ભગવદ્ આજ્ઞા પ્રમાણે એક મહિના સુધી એ સ્વરૂપની સેવા કરી. મહિનો પૂરો થયા પછીની રાત્રે શ્રી વિઠ્ઠલનાથજીએ બટુક પંડિતને આજ્ઞા કરી કે : "અહીંથી ત્રણ કોસ દૂર ચરણાટ ગામ છે. ત્યાં આચાર્ય શ્રી મહાપ્રભુજી બિરાજે છે. અમને એમની પાસે લઇ ચાલ. ત્યાં જઇને કહેજે કે, શ્રી ઠાકોરજી આજ્ઞા કરીને પધાર્યા છે. તેઓ તરત અમને પધરાવી

લેશે અને તારા પર બહુ પ્રસન્ન થશે.''

બીજા દિવસે બપોરના સમયે બટુક પંડિત શ્રી વિઠ્ઠલનાથજીના સ્વરૂપને ઝાંપીજીમાં પધરાવી, મસ્તક ઉપર ધારણ કરીને, શ્રી મહાપ્રભુજીના નિવાસ સ્થાને પહોંચી ગયા. શ્રી મહાપ્રભુજીએ સહર્ષ શ્રી વિઠ્ઠલનાથજીને પોતાને ત્યાં પધરાવ્યા અને બટુક પંડિતનો યથોચિત આદર સત્કાર કર્યો.

એ જ સમયે શ્રી મહાપ્રભુજીને ગૃહે બીજા પુત્ર (શ્રી વિઠ્ઠલનાથજી)નું પ્રાગટ્ય થયું. શ્રી મહાપ્રભુજીએ ભાવવિભોર થઇને કહ્યું કે : ''અમારે ઘેર સેવ્ય અને સેવક એમ બંને ભાવથી આજે શ્રી ઠાકોરજી પ્રગટ થયા છે.''

વિ.સં. ૧૫૭૨ના માગશર વદ-૯ના રોજ બપોરે કસ્તુરી તિલક સહિત શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ગુસાંઇજી)નું અલૌકિક રીતે પ્રાગટ્ય થયું. સૌએ નંદ મહોત્સવ ઊજવ્યો.

(નોંધ : શ્રી વિઠ્ઠલનાથજી શ્રી ઠાકોરજીનું સ્વરૂપ નવનિધિ સ્વરૂપોમાંનું એક છે અને હાલ તે શ્રી નાથદ્વારામાં બિરાજે છે.)

## ૨. તેહી ચેહી, ચેહી તેહી, કછુ ન સંદેહ

શ્રી ગુસાંઇજીના પ્રાગટ્યના થોડા સમય પછી કુલગુરૂ શ્રી ગર્ગાચાર્યજી પધાર્યા અને બાળકની જન્મ-પત્રિકા વાંચી સંભળાવી : ''આ બાળક સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન છે. તે સૌની મનોકામના પૂર્ણ કરશે. એમના બે વાર લગ્ન થશે અને કુલ સાત પુત્રો અને ચાર પુત્રીઓ તેમને ત્યાં અવતરશે. તેઓ અનેક દૈવીજીઓનો ઉધ્ધાર કરશે અને તેમનો અપાર યશ ફેલાશે. એમનું નામ 'શ્રી વિઠ્ઠલનાથજી' રાખવું.'' અગિયારમા દિવસે શ્રી મહાપ્રભુજીએ બાળક શ્રી વિઠ્ઠલનાથજીને અષ્ટાક્ષર મંત્ર સંભળાવી કંઠી ધારણ કરાવી.

એક સમયે એક મહિનાના નાના શ્રી વિઠ્ઠલેશજીને લઇને સૌ ગંગાપૂજન કરવા ગયા. નાના બાળકને ઘાટ ઉપર સૂવડાવીને બધાં પગથિયા ઊતરી નીચે ગયા. બાળસહજ રીતે શ્રી વિઠ્ઠલેશજી એકલા પડતાં રડવા લાગ્યા. એમનું રડવું સાંભળીને માતા મહાલક્ષ્મીજી ગંગાપૂજન છોડીને ઘાટ ઉપર આવ્યા અને ખોળામાં લઇ સ્તનપાન કરાવવા લાગ્યા.

એટલામાં જ એક ચમત્કાર થયો. ગંગાજીના જળ એકદમ વધવા લાગ્યા. નીચે ઊતરેલા સૌ ગંગાપૂજન છોડીને ઘાટ ઉપર આવ્યા. મહાલક્ષ્મીજી બાળકને સ્તનપાન કરાવવામાં અને વહાલ કરવામાં એટલા મશગૂલ હતા કે એમને આ વાતની ખબર જ ન પડી. આ સમયે બાળક શ્રી વિઠ્ઠલેશજીનો જમણો ચરણ માતાના ખોળામાંથી નીકળીને નીચે ધરતીને સ્પર્શતો હતો.

ગંગાજીનું જળ ઝડપભેર વધતાં વધતાં છેક ઘાટની ઉપર આવી ગયું અને શ્રી વિઠ્ઠલનાથજીના ચરણને સ્પર્શ્યું. એ જ સમયે જળમાંથી સોળ વર્ષના અતિ સુંદર નવયૌવના, સંપૂર્ણ શૃંગાર સજેલા, છૂટા કેશવાળા ગંગાજી હસ્તમાં પુષ્પની માળા લઇને પ્રગટ થયા. વાતાવરણ આહ્લાદક થઇ ગયું. ચોમેર શીતળ વાયુ લહેરાવા લાગ્યો. પુષ્પોની મધુર સુવાસ ઝડપથી ફેલાવા લાગી. પક્ષીઓનો કર્ણપ્રિય કલરવ પથ્થરના ઘાટને સજીવ કરી રહ્યો. સઘન વૃક્ષોની ભરાવદાર ડાળીઓ કોઈ ચપળ નૃત્યાંગનાના ઝડપથી સરકતા મરોડદાર અવયવોની જેમ ડોલી રહી હતી.

ગંગાજીના મુખ પર અપ્રતીમ તેજ હતું. ભગવદ્ સ્વરૂપ બાળ શ્રી વિઠ્ઠલેશજીના ચરણ સ્પર્શથી ગંગાજી રોમાંચિત થઈ ગયા હતા. એમના વદન પર પ્રિયસ્પર્શની શીતળતા હતી અને નેત્રોમાં પ્રિય-દર્શનથી પ્રાપ્ત થયેલા અનુરાગની લાલાશ ઊભરાતી હતી. મધુર સ્મિત કરતાં તેઓ નીચા નમ્યા અને પુષ્પમાળા બાળ શ્રી વિઠ્ઠલનાથજીના કંઠમાં પહેરાવી દીધી. નેત્રોથી નેત્રોનું મિલન થયું. શ્રી વિઠ્ઠલનાથજી ખિલખિલાટ હસી પડ્યા. ગંગાજીએ મહાલક્ષ્મીજીને કહ્યું : ''માતાજી, આપનો આ પુત્ર પ્રભુનો અવતાર છે.''

મહાલક્ષ્મીજી વાત્સલ્યસભર નયનો વડે ઘડીકમાં શ્રી વિઠ્ઠલનાથજીને તાકી રહ્યાં તો ઘડીકમાં ગંગાજીને. ગંગાજળ ઘાટ ઉપરથી નીચે ઊતરવા લાગ્યા. નવયૌવના સુંદર જળમાં અદશ્ય થઇ ગયા. ફરી પાછા ગંગાજી પોતાના યથાસ્થાને વહેવા લાગ્યા. પણ હવે ગંગાજીના વહેણમાં એક અજબનું અલ્લડપણું આવી ગયું. દૂર ઊભેલા અને ગંગાજળને શ્રી વિઠ્ઠલનાથજીનો ચરણસ્પર્શ કરી થોડીવાર સ્થિર રહીને ફરી પાછા નીચે ઊતરી ગયેલા જોઇને સૌ આપ્તજનો દોડીને પાસે આવ્યા અને મહાલક્ષ્મીજીને ઘેરી વળ્યા.

ધીમે ધીમે શ્રી વિઠ્ઠલનાથજીની બાલ્યાવસ્થા પૂરી થઇ અને કિશોરાવસ્થા આવી. વિ.સં. ૧૫૮૦ના ચૈત્ર સુદ-૯ (રામ નવમી)ને દિવસે આઠ વર્ષના શ્રી વિઠ્ઠલનાથજીને ગાયત્રી મંત્રનો ઉપદેશ કરી શ્રી મહાપ્રભુજીએ બ્રહ્મસંબંધ મંત્રનું દાન કર્યું.

શ્રી મહાપ્રભુજીના મોટા પુત્ર શ્રી ગોપીનાથજી શ્રીમદ્ ભાગવતનો અખંડ પાઠ કરતા અને નાના સ્કંધનો પાઠ કરતા. પાઠ પૂરો થયા પછી જ બંને ભાઈઓ ભોજન કરતા. આ કારણથી શ્રી મહાપ્રભુજીએ શ્રી ગોપીનાથજી માટે શ્રીમદ્ ભાગવતના સાર રૂપ શ્રી પુરૂષોત્તમ સહસ્રનામની તથા શ્રી વિઠ્ઠલનાથજી માટે દશમ સ્કંધના સારરૂપ ત્રિવિધ નામાવલિની રચના કરી.

શ્રી વિઠ્ઠલનાથજીને નાની વયથી જ ઘોડેસવારીનો શોખ લાગ્યો. મિત્રો સાથે ઘોડેસવારી કરીને ગંગાજીના તટ પ્રદેશના વનોમાં દૂર સુધી નીકળી જતા. ઘોડેસવારી કરીને આવ્યા પછી તેઓ અંગ પર તેલમર્દન કરી ગંગાજીને કિનારે મલ્લકુસ્તી રમતા. મલ્લકુસ્તી રમ્યા પછી તેઓ થાક ઉતારવા અફાટ ગંગાજીમાં

તરવા પધારતા અને તરતા તરતા આસપાસનું સૃષ્ટિ સૌંદર્ય નિહાળતા રહેતા.

શ્રી વિઠ્ઠલનાથજીને આટલી નાની વયમાં ચિત્રકળા પણ બહુ ગમતી. જાતજાતના ચિત્રો પળવારમાં દોરી લેતા. કાગળ ઉપર કોતરણી તો અદ્‌ભુત કરતા. નૃત્ય પણ એટલું જ ગમતું. સમાન વયના કિશોરોને ભેગાં કરીને હંમેશાં રાસલીલાનો ખેલ કરતા. ગીત-સંગીતમાં પણ શ્રી વિઠ્ઠલનાથજીએ પોતાની નિપુણતાને નિખારી. કાવ્યશક્તિ સ્વયં-સ્ફુરિત થઈ.

એક સમયે શ્રી મહાપ્રભુજી શ્રીનાથજીની રાજભોગ આરતી કરી રહ્યા હતા ત્યારે બાજુમાં ઊભેલા નાના શ્રી વિઠ્ઠલનાથજીને કીર્તનની સ્ફુરણા થઇ અને તાત્કાલિક 'વ્રજરાજ વિરાજીત ઘોષવરે...' એ કીર્તનની રચના કરીને ગાયું. સંસ્કૃત ભાષામાં રચાયેલા આ કીર્તનનો ભાવ, એનું માધુર્ય, શબ્દ-રચના, ગેયતા વગેરે એટલા સુંદર હતા કે શ્રી મહાપ્રભુજી અને શ્રીનાથજી ખૂબ જ પ્રસન્ન થયા. ત્યાર પછી શ્રી વિઠ્ઠલનાથજીએ ઘણાં કીર્તનો (સંસ્કૃતમાં) રચ્યાં. શ્રીનાથજીની સેવા અને શૃંગાર પણ શ્રી આચાર્યચરણ પાસેથી મન લગાવીને શીખ્યા. પોતે ભારોભાર રસિક હોવાને કારણે શ્રી વિઠ્ઠલનાથજીને સેવા અને શૃંગાર શીખતા વાર ન લાગી.

શ્રી મહાપ્રભુજીએ શ્રી વિઠ્ઠલનાથજીને સેવા-વિધિ શીખવ્યા પછી જ્યોતિષ વિદ્યા અને સંજીવની વિદ્યા પણ શીખવી. વેદોનું સંપૂર્ણ અધ્યયન પણ પોતે જ કરાવ્યું. થોડો સમય રહીને ગજ્જન ધાવન નામના વૈષ્ણવ પાસેથી શ્રી નવનીત પ્રિયજીનું સ્વરૂપ ફરી પાછું શ્રી મહાપ્રભુજી પાસે પધાર્યું તે શ્રી મહાપ્રભુજીએ શ્રી વિઠ્ઠલનાથજીને શિરે સેવા અર્થે પધરાવી આપ્યું. (શ્રી નવનીતપ્રિયજી ઠાકોરજીનું સ્વરૂપ નવનિધિ સ્વરૂપોમાંનું એક છે અને હાલ તે શ્રીનાથદ્વારામાં બિરાજે છે.)

શ્રી વિઠ્ઠલનાથજીના વિદ્યાભ્યાસનો પ્રબંધ શ્રી મહાપ્રભુજીએ ચરણાટમાં જ રજૂ કર્યો હતો. વિખ્યાત શંકરાચાર્ય મધુસૂદન સરસ્વતી શ્રી મહાપ્રભુજીને મળવા અવારનવાર આવતા. શ્રી મહાપ્રભુજીએ એમને શ્રી વિઠ્ઠલનાથજીના અભ્યાસ અંગે વાત કરી. મધુસૂદન સરસ્વતીએ પોતાના શિષ્ય માધવ સરસ્વતીને બોલાવ્યા અને શ્રી વિઠ્ઠલનાથજીને ભણાવવાનું કાર્ય સોંપ્યું.

માધવ સરસ્વતી શ્રી વિઠ્ઠલનાથજીને ધ્યાનપૂર્વક ભણાવવા લાગ્યા. પણ શ્રી વિઠ્ઠલનાથજી બહુ નટખટ હતા. હાથમાં પુસ્તક હોય પણ ચિત્તમાં કુસ્તીના દાવ અને તરણ સ્પર્ધા ચાલતા હોય. આ વાત સમજાઇ જતાં માધવ સરસ્વતી સહેજ અકળાઈ ગયા અને થોડા પ્રશ્નો પૂછ્યા. શ્રી વિઠ્ઠલનાથજીએ ફટાફટ આ બધાં પ્રશ્નોના ઉત્તરો આપી દીધા.

માધવ સરસ્વતીએ થોડાં અઘરાં પ્રશ્નો પૂછ્યા. શ્રી વિઠ્ઠલનાથજીએ એ પ્રશ્નોના પણ બહુ સરળતાથી ઉત્તરો આપી દીધા. હવે માધવ સરસ્વતી આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા. એમને કંઈ સમજ પડી નહીં. એમણે શ્રી વિઠ્ઠલનાથજીને કહ્યું કે : "જાઓ, અભ્યાસ પૂરો." સાંભળીને શ્રી વિઠ્ઠલનાથજી ગંગા નદી તરફ દોડ્યા અને જળમાં ભૂસકો માર્યો.

માધવ સરસ્વતી મનમાં વિચારવા લાગ્યા, આ કિશોર ભણવામાં તદ્દન બેદરકાર છે છતાં મેં પૂછેલા અઘરામાં અઘરા પ્રશ્નોના ઉત્તરો આટલી સહેલાઇથી કઈ રીતે આપી શકે છે? વિચારતા વિચારતા માધવ સરસ્વતીને તંદ્રાવસ્થા પ્રાપ્ત થઇ. એ અવસ્થામાં સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાને એમને દર્શન આપ્યા. "મુંઝાવ છો શા માટે ગુરૂજી? મને ઓળખ્યો? આપ જ્યારે સાંદિપની ઋષિનો અવતાર હતા ત્યારે હું અને સુદામા આપના આશ્રમમાં ભણવા આવ્યા હતા! આ જન્મે આપ માધવ સરસ્વતી છો અને હું વિઠ્ઠલનાથજી."

બીજે દિવસે સવારે શ્રી વિઠ્ઠલનાથજી ફરીથી ગુરૂ પાસે આવ્યા. "ગુરૂજી! આજે શું ભણવાનું છે?" પૂછીને મરક મરક હસતા ઊભા રહ્યા. માધવ સરસ્વતી ઊભા થયા અને તરત શ્રી વિઠ્ઠલનાથજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. "હું આપને ઓળખી ન શક્યો. પ્રભુ, મને આપનો સેવક બનાવો."

શ્રી વિઠ્ઠલનાથજી સહેજ દૂર ખસી ગયા. "હં... હં... આ શું કરો છો? આપ તો મારા પૂજ્ય છો. આપને સેવક ન બનાવાય."

સમય વીતતો ગયો. શ્રી વિઠ્ઠલનાથજી મોટા થવા લાગ્યા. દિવસે દિવસે તેમની વિવિધ કળાઓ પાંગરવા લાગી. વિ.સં. ૧૫૮૨માં શ્રી મહાપ્રભુજી ચરણાટ છોડી અડેલમાં આવી સહકુટુંબ વસ્યા. અડેલમાં પણ પ્રાકૃતિક સૌંદર્યની કમી નહોતી. ત્યાંના વાતાવરણમાં રહીને શ્રી વિઠ્ઠલનાથજીએ સંસ્કૃત, વ્રજ, ઉર્દુ વગેરે ભાષાઓમાં ઘણાં પદોની રચના કરી.

વિ.સં. ૧૫૮૬માં ૧૪ વર્ષના શ્રી વિઠ્ઠલનાથજીનો વિવાહ વિશ્વનાથ ભટ્ટ બાગરોદી બ્રાહ્મણની સ્વરૂપવાન કન્યા શ્રી રૂક્ષ્મિણીજી સાથે સંપન્ન થયો. વિ.સં. ૧૫૮૨માં જગન્નાથપુરી પાસે ગંગાસાગર સંગમે શ્રી મહાપ્રભુજીને પ્રથમવાર વતન પધારવા માટેની ભગવદ્ આજ્ઞા થઇ ચૂકી હતી. એટલે થોડા જ સમયમાં શ્રી મહાપ્રભુજી અડેલ છોડીને વ્રજમાં આવીને ગોકુળ અને મથુરામાં સહકુટુંબ વસ્યા હતા. ત્યારે શ્રી વિઠ્ઠલનાથજીનો વિવાહ કર્યો. શ્રી ગિરિરાજજી પર્વત ઉપર બિરાજતા શ્રીનાથજીની સેવા પિતા અને બંને પુત્રોએ સાથે મળીને ઘણાં પ્રેમપૂર્વક કરવા માંડી.

***(ક્રમશઃ)***

***સંદર્ભ : "સત્સંગ" - અમરેલી***

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ અંજાર મહિલા મંડળ

**અંજના પોમલ - અંજાર**





શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ અંજાર મહિલા મંડળ દ્વારા નવરાત્રિમાં રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ત્રણ ચાર દિવસ શ્રી કાલીકા માતાજી મંદિર મધ્યે રાસ ગરબા તથા આરતી રાખવામાં આવ્યા હતા. બાદમાં મંદિર મધ્યે જગ્યા મર્યાદિત હોતાં, ભીડ થવાથી સમાજવાડી મધ્યે તથા છેલ્લા ત્રણ દિવસ યુવક મંડળના સહયોગથી રાત્રિના રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. નવરાત્રિ દરમ્યાન મોમ એન મી, બાળકો તથા બહેનો માટે વેશભૂષા સ્પર્ધા (જેમાં દેવી કે દેવતાઓની થીમ), આઠમના આરતીની થાળી ડેકોરેશન સાથે મહાઆરતી તથા વેલ ડ્રેસ - વેલ પ્લેયરની સ્પર્ધાઓ રાખવામાં આવેલ હતી. જેમાં દાતાઓ તરફથી વિવિધ ઇનામોની વણઝાર હતી.

તારીખ ૧૨-૧૦ સાતમના શ્રી કાલીકા માતાજી મંદિર મધ્યે કુમારિકા માટે પ્રસાદીનું આયોજન કર્યું હતું.

અંજાર જ્ઞાતિની બહેનોના સહયોગ દ્વારા પ્રતિદિન શ્રી કાલીકા મંદિરમાં નીત નવા માતાજીના વાઘા, પ્રતિદિન મિષ્ટાન્નની પ્રસાદી, વિવિધ સ્પર્ધાઓમાં ઇનામો તથા કુમારિકા માટે પ્રસાદીમાં (જમણવાર) તથા તેને આપવામાં આવતી વસ્તુઓમાં જે તમામમાં જ્ઞાતિની બહેનોનો મુખ્ય સહયોગ મળતો રહે છે અને એ સહયોગ દ્વારા મહિલા મંડળ વિવિધ પ્રવૃત્તિઓ કરતું રહે છે.

# શ્રી અંજાર મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - અંજાર

*– વિરેન્દ્ર પોમલ - અંજાર*

## અંજાર મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા વડીલ વંદના

અંજાર મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા વડીલવંદના કાર્યક્રમનું આયોજન થયું હતું. તેમાં નૂતન સમાજવાડી નિર્માણ સમયે ફાળો નોંધાવેલા દાતાઓના વડીલોની તસવીર સમાજવાડીના હોલમાં મૂકવામાં આવી હતી. પૂજનવિધિ જ્ઞાતિના ગોર દેવેનભાઈ વ્યાસે કરાવી હતી. દાતા પરિવારના સભ્યોએ પૂજન વિધિમાં ભાગ લીધો અને સદ્‌ગતના સ્મરણાર્થે કોઈ એક સદ્‌કાર્ય કરવાનો સંકલ્પ લીધો હતો. રાત્રે અનિરૂધ્ધભાઈ આહીર ગ્રુપના ભજનોનો કાર્યક્રમ યોજાયો હતો. પ્રભુભાઈ આહીરે જોક્સમાં જોડ્યા હતા. બીજા દિવસે સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં જ્ઞાતિજનોના લાભાર્થે પોતાના પિતા સ્વ. નરેન્દ્રભાઈ બુદ્ધભટ્ટીના સ્મરણાર્થે જીતેનભાઈ તેમજ રાજેનભાઈ સહોદરે જ્ઞાતિના રસોડાનાં તમામ વાસણોની તેમજ અન્ય સાધન સામગ્રીઓ દાન સ્વરૂપે આપી, તેથી તેમનું સન્માન પ્રમુખ દિનેશભાઈ સાકરિયાએ કર્યું હતું. પરિવારનું બહુમાન કરવામાં આવ્યું. એ જ રીતે સમાજવાડીનાં પ્રાંગણમાં માતા સ્વ. ઝવેરબેન હરિલાલ કંસારાના સ્મરણાર્થે ઘનશ્યામભાઈ સોલંકી ભચાઉવાળાએ ચબુતરો બનાવી આપતાં સન્માન કરવામાં આવ્યું હતું.

સાથે સાથે શિક્ષણ સમિતિ માટે કોમ્પ્યુટર અને પ્રિન્ટર આપ્યું છે એ બંને દાતા ભરતભાઈ તુલસીદાસ બગ્ગા, અરુણભાઈ પરસોત્તમભાઈ વિસાપરમારને સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ સંચાલિત માનકેશ્વર મહાદેવ મંદિરમાં સાઉન્ડ સિસ્ટમની કાયમી વ્યવસ્થા પિતા સ્વ. શાંતિલાલ શંભુલાલ પોમલના સ્મરણાર્થે ગોઠવી આપનારા વીરેન્દ્રભાઈ પોમલનું સન્માનપત્ર આપીને સન્માન કરાયું હતું. ઉપપ્રમુખ ચમનભાઈ કંસારા, ઉપપ્રમુખ મનનભાઈ પોમલ, અરુણભાઈ વિસાપરમાર, મંત્રી વીરેન્દ્રભાઈ પોમલ, યુવક મંડળના પ્રમુખ નંદનભાઈ પોમલ તેમજ સભ્યો ચંદુભાઈ પોમલ, ભૂપેન્દ્રભાઈ સાકરીયા, જીગરભાઈ બારમેડા, અમૃતલાલ પોમલ, હર્ષદભાઈ ગોહિલ, નવનીતભાઈ મહિચા, હરીશભાઈ બુદ્ધભટ્ટી, ગિરીશ કટ્ટા, હરીશ બારમેડા, મિતુલ પોમલે સહયોગ આપ્યો હતો. મહિલા મંડળના પ્રમુખ પિંકીબેન કટ્ટાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. સંચાલન નંદનભાઈ પોમલ દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ વીરેન્દ્રભાઈ પોમલે કરી હતી. શરદભાઈ પોમલ તેમજ મહેશભાઈ છત્રાળા અને હરીશભાઈ સોનીએ સેવા આપી હતી. મહેતાજી મુકુંદભાઈ બુદ્ધભટ્ટીએ સહકાર આપ્યો હતો.

***સૌજન્ય : 'કચ્છમિત્ર'***

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

**મહેશ કંસારા - ભુજ**

## મેડિકલ કાયમી ફંડ સમિતિ સંચાલિત સાર્વજનિક પ્રાથમિક નિદાન કેન્દ્ર



આયુર્વેદના નિષ્ણાત વૈદ્યને કોઈ પણ જાતના મેડિકલ રીપોર્ટની જરૂરત રહેતી નથી પરંતુ દર્દીના રોગોની નાડી પરીક્ષણ ઉપરથી દર્દીને દવા આપે છે. આયુર્વેદની દવા અસરકારક હોય છે અને તે દર્દીના રોગને જડમુળથી નાશ કરે છે. આવા આયુર્વેદ નિષ્ણાતો દ્વારા જ્યારે ગુજરાત સરકારનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ - ગાંધીનગર નિયામકશ્રી આયુષની કચેરી, ગાંધીનગર જીલ્લા આયુર્વેદ શાખા - ભુજ દ્વારા શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ સંચાલિત સાર્વજનિક પ્રાથમિક નિદાન કેન્દ્ર કંસારા બજાર મધ્યે યોજવામાં આવેલ. આયુર્વેદ તથા જરા ચિકિસ્તા સારવાર કેમ્પમાં પ્રમુખ સ્થાનેથી બોલતા ડૉ. નરેન્દ્ર વર્માણે જણાવેલ. આ કેમ્પનું ઉદ્‌ઘાટન દીપ પ્રાગટ્યથી હોસ્પિટલના વડા ડૉ. નરેન્દ્ર વર્મા, ડૉ. પરેશ પી. સચદેવ, ડો. પીયુષ ત્રિવેદી, ડો. જીજ્ઞેશ ઠક્કર, કાસ્વા ચેરિટેબલ ટ્રસ્ટના બશીરભાઈ સમા, ડો. નિશાતબેન ખત્રી (ડેન્ટલ સર્જન) તેમના હાથે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. આ કેમ્પમાં વિવિધ રોગના લાભાર્થીઓ આવેલ. પ્રથમ તો હોસ્પિટલમાં આવતા તમામ દર્દીઓને રોગપ્રતિકારક શક્તિ વધારનાર સ્વાસ્થ્યવર્ધક આયુર્વેદિક અમૃતપેય ઉકાળો પીવડાવવામાં આવ્યો. જેમાં દર્દીઓ ઉપરાંત અન્ય લોકોએ પણ આ ઉકાળાનો લાભ લીધો. જેમાં ૨૫૭ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો. આ ઉપરાંત જરા ચિકિસ્તાની અંદર મોટી ઉંમરના લોકો માટે નિર્ગુન્ડી તેમલ તેમજ આરોગ્યવર્ધકની ગોળી રસાયણગુટીકા તપાસણી કરીને આપવામાં આવી. જેમાં અંદાજીત ૯૦ વૃદ્ધોએ આ સારવારનો લાભ લીધેલ. આ કેમ્પમાં અન્ય રોગોની પણ તપાસ કરવામાં આવેલ અને તમામ દર્દીઓને ૧૫ દિવસની દવાઓ નિઃશુલ્ક આપવામાં આવેલ. ત્યારબાદ વધારાની દવાની જરૂરત લાગે તો જનરલ હોસ્પિટલ મધ્યે આયુર્વેદ સરકાર રૂમ નં.-૭૬ માંતી મેળવી લેવા પણ સમજાવવામાં આવ્યું. આ દરમ્યાન આયુર્વેદ દવાઓ અંગે વડીલ દર્દીઓને પૂછતા તેમના તરફથી ગુજરાત સરકાર દ્વારા આયુર્વેદ અંગેની અપાતી દવાઓ ઘણી ગુણકારી છે અને તે દવાઓ ગ્રામ્ય વિસ્તારમાં પણ આયુર્વેદ દવાખાનામાં મળી જાય છે અને તેની કોઈ સાઈડ ઈફેક્ટ થતી નથી. આ કેમ્પ દરમ્યાન ખાસ નાના બાળકો માટે સુવર્ણપ્રાશનનાં ટીપા પીવડાવવા માટેનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૪૦ જેટલા નાના બાળકોએ આનો લાભ લીધેલ. આ કેમ્પમાં નગરપાલિકાના દંડક અને સમાજના ઉપપ્રમુખ શ્રી અનિલભાઈ છત્રાળા, જ્ઞાતિ પ્રમુખ શ્રી હિતેશભાઈ ગુજરાતી તેમજ જીલ્લા આયુર્વેદ અધિકારી ડો. મકરાણીએ હાજર રહી, યોગ્ય માર્ગદર્શન આપેલ. આ પ્રસંગે જૂના અને જાણીતા આયુર્વેદ નિષ્ણાત ડો. જીતુભાઇ વૈદ્ય હાજર રહેલ અને શુભેચ્છા પાઠવેલ. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા આ હોસ્પિટલના પ્રોજેક્ટ ઈન્ચાર્જ જે.કે. કંસારા, રાજેન્દ્ર વિશનજી બુધ્ધભટ્ટી તેમજ ભવાનજીભાઈ ઠક્કર (નિવૃત્ત આરોગ્ય વરિષ્ઠ અધિકારી), હમીરભાઈ રબારી, સુમન પરમાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી. આ સમગ્ર કેમ્પનું આયોજન અને સંચાલન મહેશભાઈ એમ. કંસારા - મંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યું.

## MATRIMONIAL



| | |
|---|---|
| **Name** | : NIRALI BUDHBHATTI |
| **Birth Date** | : 27-12-1989 |
| **Birth Time** | : 04.16 a.m. |
| **Birth Place** | : Bhuj (Kutch) |
| **Height** | : 5.3” |
| **Weight** | : 48 Kg. |
| **Caste** | : Vaishnav |
| **Mother Tongue** | : Gujarati |
| **Resi. Add.** | : 47/668, Kankali Para, B/h. Kankali Temple, Raipur (Chhatisgarh) |
| **E-mail** | : nirali.budhbhatti@gmail.com |
| **Mobile No.** | : 98264 15890 (Father), 97546 91100 (Mother) 83198 70884 (Personal) |
| **Education** | : M.Sc. (Biotechnology) |
| **Profession** | : Working as Assistant Professor at Kalinga University, Naya Raipur, Chhatisgarh. |
| **Hobbies** | : Reading, Gardening |
| **Father** | : Yogesh Budhbhatti |
| **Occupation** | : Business (Engg. Workshop) |
| **Mother** | : Mrs. Harsha Budhbhatti – Homemaker |
| **Brother** | : 1 (Unmarried) |
| **Sisters** | : 2 (Married) |

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

નીલા પોમલ - ભુજ

## આરતી અને ગરબા શણગારની હરીફાઈ





શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ દ્વારા નવરાત્રિ મહોત્સવની અંતર્ગત આરતી અને ગરબા શણગારની હરીફાઈ રાખવામાં આવેલ. બહોળી માત્રામાં બહેનોએ ભાગ લીધો હતો. મહિલા મંડળના પ્રમુખ શ્રી સુધાબેન બુધ્ધભટ્ટીએ અધ્યક્ષ સ્થાનેથી જણાવ્યું હતું કે એક લાંબા સમય પછી આપણે આ કાર્યક્રમનું આયોજન કરીએ છીએ. કોરોનાકાળને કારણે ધૂમધામથી નવરાત્રી ન ઉજવી શકાય એનું દુઃખ વ્યક્ત કર્યું હતું અને આગામી દિવસોમાં મંડળ કયા કયા પ્રોજેક્ટ લેવા માંગે છે એની જાણકારી આપી હતી. અરૂણાબેન અને ખુશાલીબેને ચેર પર્સન તરીકેની સેવાઓ આપી હતી જ્યારે મીનાબેન વાઘમશી અને નિમિષાબેન ભટ્ટશ્રીએ જજની ભૂમિકા સુપેરે નિભાવી હતી. જજશ્રીએ બહેનોને અભિનંદન આપ્યા હતા અને સાથે સાથે ગરબા અને આરતી શણગાર માટેની ટીપ્સ પણ આપી હતી. પ્રવીણ જમનાદાસભાઈ કટ્ટા અતિથિ વિશેષ તરીકે લોકોને પ્રોત્સાહન આપ્યું હતું. મહિલા મંડળને તેમણે રૂા. ૧,૦૦૦/- નું ડોનેશન આપ્યું હતું. હરીફાઈમાં ભાગ લેનાર બહેનોને પ્રોત્સાહન ઈનામ પણ આપ્યા હતા. જ્ઞાતિ પ્રમુખ શ્રી હિતેશભાઈ પી. ગુજરાતી અને યુવક મંડળના પ્રમુખ શ્રી ભાવેશભાઈની હાજરીથી મહિલા મંડળને પ્રોત્સાહન પ્રાપ્ત થયું હતું. હિતેશભાઈ અને ભાવેશભાઈએ મહિલા મંડળની કામગીરીને બિરદાવી હતી.

ગરબા શણગાર સ્પર્ધામાં પ્રથમ વિજેતા કૃપાલીબેન ભવ્યભાઈ, દ્વિતીય વિજેતા પ્રણવભાઈ બુધ્ધભટ્ટી રહ્યા હતા. આરતી શણગારમાં પ્રથમ વિજેતા ચાંદનીબેન રાજ સોલંકી અને દ્વિતીય રીંકલબેન સાગરભાઈ રહ્યા હતા. મંચસ્થ મહાનુભાવોના હસ્તે તેમને ઈનામો અપાયા હતા.

ત્યારબાદ બહેનોએ હાઉસી ગેમ રમવાનો આનંદ ઉઠાવ્યો હતો. ઈનામ વિતરણ બાદ આદ્યશક્તિ મા અંબાજીની આરતી ગાઈ કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

ખુશાલીબેન, ઈંદીરાબેન, માલતીબેન, જયશ્રીબેન, કવિતાબેન, ભાવિનીબેન, ભાવનાબેન ચનાણી, ભાવનાબેન બુધ્ધભટ્ટીએ કાર્યક્રમને સફળ બનાવવામાં જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન રોહિણીબેન બુધ્ધભટ્ટીએ કર્યું હતું. આભારવિધિ લતાબેન સોલંકીએ કરી હતી.

---

*મકાન સાથે જીવનારો માણસ મકાન માટે નથી જ જીવતો. ભોજન સાથે જીવનારો માણસ ભોજન માટે નથી જ જીવતો. વસ્ત્રો સાથે જીવન જીવનારો માણસ વસ્ત્રો માટે જીવન નથી જ જીવતો. પણ કરુણતા માણસના મનમાં એ સર્જાઈ છે કે એ પૈસા સાથે જીવન નથી જીવતો પણ પૈસા માટે જ જીવન જીવી રહ્યો છે.*

*'સાથે'નું સ્થાન જ્યારે 'માટે' લઈ લે ત્યારે જીવનમાં કેવી અરાજકતા વ્યાપી જાય એ જોવું હોય તો આજના ધનલંપટોને જોઈ લેવા જેવા છે.*

# આપણાં પરિવારો – (૩૦)

તુલસીદાસ કંસારા - અમદાવાદ



વડ, વડવા અને વડવાઈઓની વાતો

*"Life's most urgent question is : What are you doing for Others?"*

*– Martin Luther King Jr.*

અમેરિકામાં થઇ ગયેલ માર્ટીન લ્યુથર કિંગ જુનિયરનું એક વાક્ય છે : ***"જીંદગીનો સૌથી અગત્યનો સવાલ છે : તમે અન્ય લોકો માટે શું કરો છો?"***

ઉપરના સવાલો જવાબ છે, મહેશભાઈ મોહનલાલ કંસારા (ગુજરાતી), જેમને ખૂબ જ ગમતું વાક્ય છે : Ability is nothing without opportunity (કંઈક કરવાની તક મળેતો આવડત તો પોતાની જાતે આવી જાય છે!) જેમણે સમાજસેવાનું વ્રત લીધેલ છે તેવા આપણા સમાજની સેવામાં વિવિધ હોદ્દાઓ સાથે છેલ્લા અનેક વર્ષોથી સંકળાયેલ છે મહેશભાઈ. તેઓ જ્ઞાતિના યુવક મંડળના સહમંત્રી તરીકે છેલ્લા છ વર્ષથી કાર્યરત છે. ખજાનચી તરીકે ચાર વરસ, કારોબારીના સભ્ય તરીકે એક દાયકા જેટલો લાંબો સમય, સમાજના જરૂરિયાતમંદ લોકોને મેડિકલ સારવાર આપવા માટે તપાસ, દવા, ઓપરેશન, ઇત્યાદિ માટે આર્થિક મદદ કરતા કાયમી ફંડના મંત્રી તરીકે છેલ્લા આઠ વરસોથી કાર્યરત છે અને આપણા મહામંડળની મેડિકલ સમિતિના ચેરમેન તરીકે ત્રણ વરસ તેમજ જ્ઞાતિના મહામંત્રી તરીકે છેલ્લા અઢી વરસથી સેવાઓ આપી રહેલ છે.

મહેશભાઈએ પ્રાથમિક શિક્ષણ ધોરણ ૧ થી ૭ સુધી નખત્રાણાની કુમારશાળામાં, માધ્યમિક ૮થી ૧૨ સુધી ત્યાંની જ કે.વી. હાઈસ્કુલમાં લીધા બાદ કોલેજ ગુજરાત યુનિવર્સિટી - અમદાવાદથી એક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે કરેલ. ૧૯૮૦થી તેમણે સરકારી નોકરીની શરૂઆત તાલુકા પંચાયત, નખત્રાણાથી ક્લાર્ક - ટાઈપીસ્ટ તરીકે કરેલ અને એક વરસ પછી જીલ્લા પંચાયતના સબ-ડિવિઝન નખત્રાણામાં બદલી થયેલ. ૨૦૦૫માં તેમણે છોકરાઓનાં શિક્ષણ અર્થે તેમના મૂળ વતન નખત્રાણાથી ભુજમાં બદલી કરાવી, ભુજ જળસિંચન પેટા વિભાગમાં કાર્ય સંભાળ્યું. તેમના કુટુંબમાં પત્ની આશાબેન કેશવલાલ છત્રાળા - ભુજના દીકરી છે. તેમનો પુત્ર ભાવિક સિવિલ એન્જિનિયર થયેલ છે અને હાલે ભુજ નગરપાલિકામાં નોકરી કરે છે. પુત્રી વિશ્વાએ પણ કોમર્સમાં ગ્રેજ્યુએશન કરેલ છે અને પોતાનું બ્યુટી પાર્લર ચલાવે છે તેમજ પુત્રવધૂ એમ.કોમ., બી.એડ. છે અને પ્રાઈવેટ સ્કુલમાં માધ્યમિક વિભાગમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. આમ તેમના પરિવારના બધા જ સભ્યોએ પર્યાપ્ત શિક્ષણ મેળવેલ છે અને નોકરી અથવા તો પોતાના વ્યવસાયમાં સ્થિર થયેલ છે.



મહેશભાઈએ મોકલાવેલ વંશાવળીનું બાજુમાં આપવામાં આવેલ ચિત્ર જોતાં જણાય છે કે આપણે ત્યાં જેને પરિવારનો આંબો કહેતા, તે ખરેખર આંબાના વૃક્ષની જેમજ આ દેવજીભાઈનો વંશવેલો ફૂલ્યોફાલ્યો છે અને તેમાંયે તેમની સત્તરમી પેઢીએ ભાવિકના નામ સુધીમાં એકેય નામ બીજી વખત આવેલ નથી!

દેવજી (૧) → દામોદર (૨) → દુદા (૩) → દેવશી (૪) → પોપટ (૫) → જગશી (૬) → પીતાંબર (૭) → જેરામ (૮) → ગાંગજી (૯) → મુલજી (૧૦) → રવજી (૧૧) → ડુંગરશી (૧૨) → ડોસા (૧૩) → માધવજી (૧૪) → મોહનલાલ (૧૫) → મહેશભાઈ (૧૬) → ભાવિક (૧૭)

મહેશભાઈને મેં ટેલીફોન પર પૂછ્યું કે તમે આટલી બધી સંસ્થાઓ સાથે સંકળાયેલ છો અને મેડિકલ ઉપરાંત શૈક્ષણિક અને આર્થિક તેમજ અન્ય અનેક સેવા પ્રવૃત્તિઓમાં વરસોથી ઓતપ્રોત છો, તો તમને આવી રીતે સમાજસેવા માટેની પ્રેરણા ક્યાંથી મળી? આનો પ્રત્યુત્તર વાળતાં મહેશભાઈએ એક સરસ વાત કરી. વરસો પહેલાં જ્યારે લેન્ડલાઇન ફોન માટે ટેલિફોન એક્ષચેન્જમાં જવું પડે, વાહન ન મળે, તેવા સમયે મારા મિત્રના પિતાને છાતીમાં દુ:ખાવો થયેલ, ત્યારે આર્થિક સ્થિતિ પણ સારી ન હતી. એવા સમયે તેઓ આઠમા ધોરણમાં નખત્રાણામાં ભણતા હતા ત્યારે તેમના ખાસ ભાઇબંધના પિતાશ્રીની આ રીતે તબિયત લથડી અને તેઓ પાસે ખિસ્સામાં માત્ર બે રૂપિયા હોવા છતાં, આટલી નાની ઉંમરમાં પણ હિંમત કરીને ગામમાંથી ટેક્ષીનો બંદોબસ્ત કરી, તેમના મિત્ર સાથે વડીલને લઇને ભુજ પહોંચ્યા. ત્યારે ખાડાખૈડાવાળા રસ્તે અને

ખખડધજ એમ્બેસેડર ગાડીથી ભુજની જનરલ હોસ્પિટલ પહોંચતા તેમને અઢી-ત્રણ કલાક લાગેલ. ત્યારે હોસ્પિટલમાં માત્ર એક જ ડોક્ટર હાજર હતા, પરંતુ તેમણે હાર્ટ ટ્રબલની શંકા દૂર કરીને ગેસની તકલીફને કારણે બગડેલ તબિયતનું સરસ નિદાન કરીને યોગ્ય દવાઓ વડે વડીલને સાજા કરી દીધા. જે વાતને આજે વરસો થઇ ગયા અને વડીલ આજે પણ જીવિત છે! જ્યારે નખત્રાણાના ડોક્ટરે તો હાર્ટ એટેક જેવી વાત કરીને ડરાવી દીધેલ. ત્યારથી મહેશભાઈનો એક ગુરૂમંત્ર બની ગયેલ છે કે એક કરતાં વધારે ડોક્ટરોનો અભિપ્રાય લેવો. આ નાનપણના અનુભવે તેમને સમાજસેવાની ભેખ લેનાર સમાજસેવક બનાવી દીધા. તેમને ૨૦૦૫માં ભુજ આવ્યા બાદ આ સમાજસેવાની લગની ન માત્ર ચાલુ રાખેલ, પરંતુ તેમાં વધારે વિચાર અને આયોજન કરીને પદ્ધતિસર સેવાકાર્ય ઉપાડી લીધેલ. તેમને ત્યારે સમજાયું કે ગ્રામ્ય વિસ્તારમાંથી આવતાં લોકોને સાચું માર્ગદર્શન મળે તો શારીરિક, આર્થિક તેમજ માનસિક રીતે તેમના પર ભારણ ન આવે.

નોકરી દરમ્યાન પણ મહેશભાઈએ જીલ્લા પંચાયત કચ્છના તાંત્રિક (ટેકનિકલ) કર્મચારી મંડળના મંત્રી તરીકે બાર વરસ સુધી સેવા આપેલ અને કર્મચારી સહકારી મંડળી - ભુજના ખજાનચી તરીકે છ વરસ સુધી જવાબદારી સંભાળેલ. તેમજ ગુજરાત લેવલે, એક વરસ માટે ગુજરાત તાંત્રિક કર્મચારી મંડળના મહામંત્રી રહેલ. નોકરીમાં પણ કાર્યદક્ષતા, એ તેમનો પહેલો મંત્ર હતો. જેના પરિણામે શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા ૨૬ જાન્યુઆરી, ૨૦૧૯ના ધ્વજવંદન કાર્યક્રમમાં પધારેલ ત્યારે, તેમને કચ્છ જીલ્લાના બેસ્ટ કર્મચારી અને સમાજસેવાના સરપાવ તરીકે સન્માનિત કરવામાં આવેલ. આ સન્માન સ્વીકારતા મહેશભાઈનો, મંત્રીશ્રી સાથેનો ફોટો અહીં આપેલ છે.



આપણા સમાજની સેવા ઉપરાંત મહેશભાઈ સાર્વજનિક હિંદુ સોનાપુરી ટ્રસ્ટ - ભુજના મંત્રી તરીકે પાંચ વરસથી કાર્યરત છે. રઘુનાથ જીનામ સેવા ટ્રસ્ટ, ભુજમાં મહામંત્રી તરીકે ચાર વરસથી સેવા આપી રહેલ છે. આ ટ્રસ્ટ દ્વારા સમાજના નબળા પરિવારોને રાશન, દવા, ગરીબ પરિવારોના બાળકોને હાયર એજ્યુકેશન તેમજ આર્થિક સહાય પણ પહોંચાડી રહેલ છે. તેમના દ્વારા વિધવા પેન્શન, મા કાર્ડ, આયુષ્માન કાર્ડ, સરકારી સહાય માર્ગદર્શન, ઘરમાં વણવપરાયેલ દવાનું કલેક્શન તેમજ તે દવાઓ અન્ય જરૂરિયાતમંદ લોકોને પહોંચાડવાનું કામ, આરોગ્યલક્ષી જાણકારી, મેડિકલ નિઃશુલ્ક સારવાર કેમ્પનું આયોજન ઇત્યાદિ કામો કરવામાં આવે છે.

આ ઉપરાંત જનકલ્યાણ મેડિકલ સોસાયટી - માંડવી, નવનીત કેન્સર રીસર્ચ એન્ડ હોસ્પિટલ સેન્ટરમાં છેલ્લા સાત વરસથી ટ્રસ્ટી છે. આ સેન્ટર મહિલાઓના ગર્ભાશયના કેન્સર, બ્રેસ્ટ કેન્સર વિ.ની તપાસ રાહત દરે, પચાસ ટકા રાહત દરે દવાઓ અને રાહત દરે ઓપરેશનનું કામ કરે છે તેમજ નિઃશુલ્ક કેમ્પનું પણ આયોજન કરે છે. તેમને આવા કાર્ય કરતાં હોસ્પિટલમાંના એમ.ડી., એમ.બી.બી.એસ., એમ.એસ. વગેરે ઉચ્ચ હોદ્દાઓ ધરાવતા અને વિઝીટીંગ ડોક્ટરો સાથે કાર્ય કરવાની તક મળે છે એનો તેમને આનંદ છે. આવો જ આનંદ વર્ણવતા મહેશભાઈ જેમનો જીવનમંત્ર જ મેડિકલ સેવા છે, કહે છે કે એક વખત નવરાત્રીના દિવસોમાં રાત્રે બારેક વાગે તેમને ફોન આવ્યો કે ફોન કરનારના કાકાનો પેશાબ બંધ થઇ ગયેલ છે પરંતુ કોઈ ડોક્ટર મળતા નથી. કાકાનો એક પગ કૃત્રિમ હતો અને તેઓ બેસી પણ શકતા ન હતા. તેથી વારંવાર પટકાવવાને કારણે તેમને પીડા પણ ખૂબ જ થતી હતી અને ઘરનાં સર્વે સભ્યો પરેશાન હતા. તેથી તેમના ભત્રીજાએ રડમસ અવાજે મહેશભાઈને ફોન કરીને કહ્યું કે કાકા માટે કાંઈક કરી આપો. રાત્રે કોઈ ડોક્ટર ફોન ઉપાડે નહીં પરંતુ ખૂબ પ્રયત્નો પછી એક ડોક્ટર મળ્યા અને કાકાને ૨૦ મિનિટમાં હોસ્પિટલમાં દાખલ કરાવી આપેલ. ડોક્ટરે કેથરેટ ચડાવી તુરત જ આરામ કરાવી આપેલ અને રજા આપેલ. આ સમયે દર્દીના ચહેરાનો ભાવ અને આભારની લાગણી જોઈ તેમને ખૂબ જ સંતોષ થયેલ કે કાકાને પીડા મુક્ત કરાવી આપ્યા. આ ઘડી તેના જીવનની ધન્ય પળ હતી. આવા તો અનેક અનુભવો મહેશભાઈને આવી સેવા કરતા કરતા થયેલ છે.

મહેશભાઈ ધાર્મિક કાર્યોમાં પણ એટલો જ રસ લે છે. દા.ત. ૨૦૦૧ના ભૂકંપ પછી ઘણા મંદિરો અને ધાર્મિક સ્થળોને નુકસાન થયેલ. જેમાં નાગર ચકલામાં આવેલ સંત શ્રી મેકણદાદાના મંદિરનું નવનિર્માણનું કાર્ય છ એક વરસ પહેલા થયેલ. તેના ખજાનચી તરીકે જવાબદારી સંભાળેલ તેમજ ભુજની સ્થાપના સમયના ૪૫૦ વરસ જૂના રઘુનાથજીના મંદિરના પુનઃ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૬ ઉપર)**

# આંતરરાષ્ટ્રીય શિક્ષણ-૩ : નોર્થ અમેરિકામાં આંતરરાષ્ટ્રીય શિક્ષણ

પ્રો. રસિકભાઈ મહિચ્છા



ઉત્તર અમેરિકા આંતરરાષ્ટ્રીય શિક્ષણ માટે વિશ્વમાં સૌથી વધુ પસંદ કરવામાં આવતો દેશ છે. પ્રતિવર્ષ વિવિધ દેશોમાંથી લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ જુદા જુદા પોસ્ટ ગ્રેજયુએટ અને અંડર ગ્રેજ્યુએટ કોર્સમાં પ્રવેશ મેળવે છે. ૨૦૧૯માં યુ.એસ.એ.ની વિવિધ કોલેજો અને યુનિવર્સિટીઓમાં કુલ ૧૦,૯૫,૨૯૯ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ જુદા જુદા અભ્યાસક્રમોમાં ઉચ્ચ ડિગ્રી મેળવવા પ્રવેશ મેળવ્યો હતો. જે છેલ્લા ૧૦ વર્ષમાં અંદાજીત ૩૮ ટકાનો વધારો દર્શાવે છે. ૨૦૧૮માં વિદેશથી અભ્યાસ કરવા આવતા ફોરેનના વિદ્યાર્થીઓએ ૪૫ બિલિયન ડોલરની કમાણી કરાવી આપી હતી.

વિદેશથી ભણવા આવતા વિદ્યાર્થીઓમાં ચાઇનીઝ પ્રથમ ક્રમે આવે છે. ૨૦૧૮ના વર્ષમાં ૩,૬૯,૫૪૮ ચાઈનીઝ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. જ્યારે એ સમયગાળા દરમ્યાન ભારતના ૧,૯૩,૧૨૪ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. ત્યારબાદ સાઉદી અરેબિયા, કોરિયા અને કેનેડા જેવા દેશો આવે છે.

***વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન વિવિધ દેશોના નીચે મુજબના વિદ્યાર્થીઓએ અમેરિકાની જુદી જુદી કોલેજોમાં પ્રવેશ મેળવ્યો હતો.***

| દેશ | વિદ્યાર્થીઓની સંખ્યા | % |
|---|---|---|
| ચાઇના | ૩,૭૩,૦૦૦ | ૩૪.૬ |
| ભારત | ૧,૯૩,૦૦૦ | ૧૮.૦ |
| સાઉથ કોરિયા | ૫૦,૦૦૦ | ૪.૬ |
| સાઉદી અરેબિયા | ૩૧,૦૦૦ | ૨.૯ |
| કેનેડા | ૨૬,૦૦૦ | ૨.૪ |
| વિયેતનામ | ૨૪,૦૦૦ | ૨.૨ |
| તાઇવાન | ૨૪,૦૦૦ | ૨.૨ |
| જાપાન | ૧૮,૦૦૦ | ૧.૬ |
| બ્રાઝીલ | ૧૭,૦૦૦ | ૧.૬ |
| મેક્સિકો | ૧૪,૦૦૦ | ૧.૩ |
| અન્ય દેશો | ૩,૦૭,૦૦૦ | ૨૮.૫ |
| **કુલ** | **૧૦,૭૫,૦૦૦** | **૧૦૦** |

અમેરિકાની પ્રથમ ૧૦ યુનિવર્સિટીઓ, જ્યાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ ૨૦૧૯-૨૦માં પ્રવેશ લીધો હતો. ૨૦૧૭થી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના પ્રવેશમાં ૨.૫ ટકાનો ઘટાડો નોંધાયો છે.

| INSTITUTION | INTERNATIONAL STUDENTS |
|---|---|
| New York University | 21,093 |
| Northeastern University - Boston | 17,491 |
| University of Southern California | 17,309 |
| Columbia University | 17,145 |
| University of Illinois – Urbana - Champaign | 13,962 |
| Arizona State University – Tempe | 13,136 |
| University of California – Los Angeles | 11,447 |
| University of California – San Diego | 11,272 |
| Purdue University – West Lafayette | 11,173 |
| Boston University | 11,158 |
| **ALL U.S. INSTITUTIONS** | **10,75,496** |

અમેરિકા ખૂબ વિશાળ ભૂખંડ છે અને ક્યાં જવું તે પ્રશ્ન થઇ શકે છે. અમેરિકામાં કુલ ૫૦ રાજ્યો છે. દરેક રાજ્યની ઘણી વિશિષ્ટતા છે. પરંતુ જે રાજ્યોમાં ભારતીય વધારે રહેતા હોય તે ઈસ્ટ કોસ્ટમાં ન્યુયોર્ક, બોસ્ટન, ન્યુજર્સી, પેન્સિલ્વેનિયા, મેરીલેન્ડ અને સાઉથમાં નોર્થ અને સાઉથ કેરોલિના, જ્યોર્જીયા અને છેક ફ્લોરીડા સુધી વિવિધ રાજ્યો વિસ્તરેલા છે. જ્યાં આપણા ભારતીયોની વસ્તી સારી છે. સેન્ટ્રલ અમેરિકામાં ચિકાગો ઈલિનોઈસ, મિશિગન, કોલોરાડો અને છેક સાઉથમાં મેક્સિકો જેવા ઘણા રાજ્યો આવેલા છે, જ્યાં ભારતીયો વસે છે તથા વેસ્ટ કોસ્ટ પર લોસ એન્જેલસ, કેલિફોર્નિયા અને સાન જોઝ સંતા ક્લારા તથા ટેક્સાસમાં ફોર્ટ વર્થ, હ્યુસ્ટન, સુગર લેન્ડ તેમજ એટલાન્ટા વગેરેમાં પણ ભારતીયોની વસ્તી સારી છે અને

ત્યાં ઉચ્ચ શિક્ષણ માટે જઈ શકાય.

આંતરરાષ્ટ્રીય શિક્ષણ માટે અમેરિકા અભ્યાસ કરવાનું શા માટે પસંદ કરે છે? તો તેના કારણો આ પ્રમાણે આપી શકાયઃ

૧. અમેરિકન વિશ્વ વિદ્યાલયોમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા શ્રેષ્ઠ છે. વિશ્વની ટોપ ૧૦૦ યુનિવર્સિટીઓમાં ૪૮ ટોપ વિશ્વ વિદ્યાલયો યુ.એસ.એ.માં આવેલી છે.

૨. અમેરિકાની કોલેજો અથવા વિશ્વ વિદ્યાલયોમાં વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્ટેટ-ઓફ-ધ આર્ટ ફેકલ્ટી અને બહુ સાંસ્કૃતિક કેમ્પસ ધરાવે છે. જેમાં વિશ્વની તમામ સંસ્કૃતિઓનો સમાવેશ થાય છે.

૩. અમેરિકાની કોલેજો અથવા વિશ્વ વિદ્યાલયોમાં સંશોધન (રીસર્ચ)ને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. ખાસ કરીને પોસ્ટ ગ્રેજ્યુએટ ડોક્ટરલ અભ્યાસક્રમોમાં કે જ્યાં Research અને Innovation ને પ્રાથમિકતા આપવામાં આવે છે.

૪. અમેરિકન કોલેજોમાં કોર્સ અને અભ્યાસક્રમની પસંદગીમાં ઘણી ફ્લેક્સિબિલિટી હોય અને વિદ્યાર્થી તેની પસંદગી પોતાની અનુકૂળતા પ્રમાણે કરી શકે છે.

૫. અમેરિકાની ઘણી કોલેજોનું રેપ્યુટેસન ખૂબ જ ઊંચું છે. તેમાં અભ્યાસ કરવાથી કારકિર્દી અચૂક સારી થાય છે. ઉદાહરણ તરીકે યેલ, પ્રિન્સટન, એમ.આઈ.ટી., હાર્વર્ડ, કોલમ્બિયા પેન્સિલ્વેનિયા, કેલિફોર્નિયા સ્ટેટ યુનિવર્સિટી, જ્યોર્જીયા ટેક યુનિવર્સિટી એટલાન્ટા, વિસ્કોસીન, વિશ્વની ટોપ યુનિવર્સિટીઓ અને કોલેજો છે. આ બધી ફર્સ્ટ ગ્રેડની કોલેજો છે અને ફી વધારે હોય છે અને પ્રવેશનું ધોરણ ખૂબ જ ઊંચું હોય છે.

- **કયા અભ્યાસક્રમ માટે અમેરિકામાં આંતરરાષ્ટ્રીય શિક્ષણ માટે જવું જોઈએ?**

એન્જીનિયરીંગ, કોમ્પ્યુટર સાયન્સ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, બિઝનેસ મેનેજમેન્ટ, મેથેમેટીક્સ, ફિઝીકલ સાયન્સ, લાઈફ સાયન્સ વગેરેના વિષયો માટે અમેરિકામાં જવું સારૂં છે. નીચેના ટેબલ પરથી કેટલા વિદ્યાર્થીઓએ કયા અભ્યાસક્રમમાં પ્રવેશ લીધો તેનો ખ્યાલ આવશે.

| S. No. | Top Courses | No. of Students |
|---|---|---|
| 1. | Business Management (MBA in USA) | 1,97,258 |
| 2. | Engineering | 1,96,750 |
| 3. | Maths and Computer Sciences | 1,12950 |
| 4. | Social Sciences | 75,951 |
| 5. | Physical and Life Sciences | 73,838 |

અમેરિકા અભ્યાસ કરવા જવા માટે પાસપોર્ટ વિઝા જરૂરી છે. જતા પહેલા આ વિઝા મેળવી લેવા જરૂરી છે. એટલું જ નહીં, પરંતુ તેના શું નિયમો છે, તેને ખૂબ ધ્યાનથી સમજી લેવાની જરૂર છે. તેની ચર્ચા હવે પછીના અંકમાં કરીશું.

## આપણા પરિવારો

**(અનુસંધાન : પાના નં.-૧૪ ઉપરથી ચાલુ)**

નિર્માણના કામમાં પણ મહામંત્રી તરીકે સેવા આપેલ.

એક પત્રકારે તો તેમની મેડિકલ ક્ષેત્રની સેવા જોઈને તેમને બિરદાવતાં લખેલ છે કે તમને મેડિકલ ઈમરજન્સી આવે અને તમે ૧૦૮ની સેવા માટે ફોન કરો તો ૧૦૮ની ગાડી આવતાં કદાચ મોડું થાય પરંતુ મહેશભાઈને ફોન કરો તો તેઓ તુરત જ હાજર થઈ જાય! આમ તેમણે મહેશભાઈને ૧૦૮ની ઉપમા આપી દીધેલ છે! આ છે તેમની સમાજસેવા માટેની લગની. તેમણે સમાજસેવા માટે સારૂં એવું ગૃહકાર્ય કરેલ છે અને શહેરના ડૉક્ટરો તેમજ હોસ્પિટલો અને આરોગ્ય સંસ્થાઓ સાથે સારો એવો ઘરોબો કેળવ્યો છે. જેના કારણે તેઓ ગમે તે સમયે કોઈ પણ વ્યક્તિને મેડિકલ ક્ષેત્રે જરૂરિયાત ઊભી થતાં તુરત જ યોગ્ય કાર્યવાહી કરાવી શકે છે. તેઓ અમદાવાદના આપણા મંડળ સાથે પણ હંમેશાં સંપર્કમાં રહે છે અને આપણી મેડ-એઈડ સેવા માટે અમદાવાદ આવતા જરૂરિયાતમંદોને પણ માર્ગદર્શન આપતા રહે છે.

શ્રી મહેશભાઈ વાતની પુર્ણાહૂતિ કરતાં કહે છે કે સમાજસેવા કરવા માટે યશ કરતાં અપયશની વધુ પ્રમાણમાં યાતના મળે છે્ ને આ અપયશમાંતી થતી ભૂલ સુધારવાનો મોકો મળે જેથી સમાજસેવા કરતાં સમયે કોઈ પણ અપેક્ષા ન રાખવી. આવા પોઝીટીવ - હકારાત્મક વિચારો હોય તો જ સમાજસેવાનું કામ કરી શકાય.

■ **End Piece :**

*જોને, સમર્પણનો પણ કેવો સદ્‌ભાવ હોય છે. "હું" અને "મારૂં"ની બાકબાકી થઈ જાય અને અન્યના હિતનું સહર્ષ બંધારણ હોય છે...*

*– નિલીમા-કી-કલમની કવિતાની છેલ્લી બે લાઈનો*

# શું તમે મોઢામાંથી આવતી દુર્ગંધથી પરેશાન છો?

**ડૉ. ઇશિતા સોની (ડેન્ટીસ્ટ)**

દુર્ગંધયુક્ત શ્વાસ એ એવી સામાન્ય જોવા મળતી તકલીફ છે, કે જેના કારણે વ્યક્તિ માનસિક સ્ટ્રેસ અનુભવે છે. શ્વાસમાંથી આવતી દુર્ગંધ માટે ઘણા બધા કારણો જવાબદાર છે. પરંતુ તેમાં મોં ની સાર-સંભાળ મુખ્ય છે. સરેરાશ ૫૦% લોકોને આ પ્રકારની તકલીફ જોવા મળે છે. જેના કારણે વ્યક્તિ શરમ, ચિંતા અને સંકોચનો અનુભવ કરે છે.

દાંતના રોગો જેવા કે દાંતના પેઢાની તકલીફો અને દાંતમાં સડો વગેરે પછીનું આ ત્રીજા નંબરનું મહત્ત્વનું કારણ છે. જેના માટે વ્યક્તિ દાંતના ડોક્ટરનો સંપર્ક કરતા હોય છે.

***મોઢામાંથી દુર્ગંધ આવવાના કારણો આ મુજબ છે :***

૧. **દાંતની અપૂરતી સાર-સંભાળ :** દાંતની સાર-સંભાળ મહત્ત્વનું કારણ ગણવામાં આવે છે. દાંતની યોગ્ય સાર-સંભાળ ન લેવાથી મોઢામાં અમુક પ્રકારના બેક્ટેરીયા પેદા થાય છે જેને પ્લાક (Plaque) કહે છે. પ્લાકના લીધે મોઢામાં સોજો આવે છે અને દુર્ગંધ ઉત્પન્ન થાય છે.

૨. **મોઢામાં અપૂરતી લાળ બનવાના કારણે સૂકાપણું કે શુષ્કતા :** કુદરતી રીતે જ લાળ દ્વારા મોઢામાંથી સફાઇનું કાર્ય થતું હોય છે. ઘણા લોકોમાં લાળને લગતા રોગો જેવા કે ફ્લુ, મમ્સ, મોં નું કેન્સર વગેરેથી આ સામાન્ય કાર્ય ખોરવાઈ જાય છે અને મોઢામાંથી દુર્ગંધ ઉત્પન્ન થાય છે.

૩. **ખોરાકને લગતા કારણો :** જમ્યા પછી મોઢાની સફાઈ કે કોગળા ન કરવાથી ખોરાકના કણો બે દાંત વચ્ચે ફસાઈ જાય છે. મોટાભાગે ડુંગળી, લસણ, કોબીજ, ફ્લાવર વગેરે જેવા શાકભાજીના કણો દાંતમાં ફસાઈ જતા હોય છે. આ ખાદ્ય પદાર્થો એવા હોય છે કે જેમનું પાચન થતાં લોહી દ્વારા ફેફસા સુધી એ તત્ત્વો પહોંચે છે જે શ્વાસમાં દુર્ગંધ પેદા કરે છે.

૪. **અપચો :** ખોરાક વ્યવસ્થિત ન પચવાથી પણ મોઢામાંથી વિશિષ્ટ પ્રકારની દુર્ગંધ આવે છે. મોઢાની દુર્ગંધના કારણે મોઢાની સાર-સંભાળ પછી આ બીજા નંબરનું મહત્ત્વનું કારણ છે.

૫. **તમાકુ-પાન-મસાલા :** તમાકુ અને તમાકુયુક્ત પાન મસાલામાંથી એક વિશિષ્ટ પ્રકારની ગંધ આવે છે. આ આદતો દુર્ગંધ ઉત્પન્ન કરતાં પેઢાના રોગોને આમંત્રણ આપે છે.

૬. **દવાઓ :** કિમોથેરાપી તથા હૃદયરોગો જેવા અન્ય રોગો માટેની દવાઓ શ્વાસમાં અમુક પ્રકારની દુર્ગંધ ઉત્પન્ન કરી શકે છે.

૭. **મુખગુહા (Oral Cavity) સિવાયના મોઢામાં દુર્ગંધ ઉત્પન્ન કરતા કારણો :** ટોન્સિલ (કાકડા)માં ઇન્ફેક્શન થવાથી ઉત્પન્ન થતા બેક્ટેરીયા (જીવાણું) એક વિશિષ્ટ ગંધ પેદા કરે છે. નાક, ગળા તથા સાયસનમાં થતા ઇન્વેક્શન અને સોજાના કારણે પણ મોઢામાંથી આવતી દુર્ગંધથી મોઢામાંથી દુર્ગંધ આવે છે.

૮. **ફોરેઇન બોડી (બહારી તત્ત્વો / દ્રવ્યો) :** નાકની ગુહામાં કોઈ દ્રવ્ય (બહારી તત્ત્વ) ફસાઈ જવું.

૯. **કેટલાક રોગો :** જેવા કે કેન્સર, લીવર ફેઇલ્યોર, પાચન સંસ્થાનને લગતા રોગો જેવા કે GERD (Gastroesophageal Reflux Disease).

૧૦. **કીટોએસિડોસિસ :** આ લોહીમાં ઇન્સ્યુલીનનું પ્રમાણ ઘટવાના કારણે ઉત્પન્ન થતી એક પરિસ્થિતિ છે. જેના કારણે શ્વાસમાંથી એક મીઠી ગંધ (Sweet smell) આવે છે.

મોઢામાંથી શ્વાસમાંથી આવતી દુર્ગંધને રોકવાના ઉપાયો :

૧. **Natural Mouth Washનો ઉપયોગ :** મીઠા (નમક) પાણીના કોગળા કરવા. એક કપ પાણી (૧૦૦થી ૧૫૦ મિલી)માં એક ચપટી મીઠું નાખીને પાણી થોડું હુંફાળું ગરમ કરીને ઉપયોગ કરવો. આના કારણે પેઢામાં ઉત્પન્ન થતો સોજો મટે છે અને પેઢા મજબૂત થાય છે. આ આલ્કલાઇન પાણી જીવાણુંઓનો નાશ કરે છે.

૨. **શ્વાસમાં સુગંધ લાવતા ઉપાય :** ચ્યુઇંગગમ - મિન્ટ (ફુદીનાયુક્ત) : આના કારણે કલાકો સુધી મોઢામાં તાજગીનો અનુભવ થાય છે.

- **(A) વરીયાળી :** મુખવાસ તરીકે ઉપયોગ કરી શકાય.
- **(B) લવિંગ :** એકથી બે નંગ દિવસમાં એકથી બે વાર મોઢામાં નાખવા.
- **(C) ઇલાયચી :** જીવાણુંઓનો નાશ કરે છે તથા શ્વાસમાંથી આવતી દુર્ગંધથી બચાવે છે.
- **(D) કોથમીર :** એમાં Chlorophyll નામનું તત્ત્વ હોય છે. જેમાં વિટામન વધુ હોય છે. તેમાં ઇન્ફેક્શનથી બચાવ કરવાના, સોજાનો નાશ કરવાના તથા રસાયણના ગુણો હોય છે.
- **(E) હર્બલ ટી :** જીવાણુ નાશક અને એન્ટી ઓક્સિડન્ટ રસાયણ ગુણ ધરાવે છે.
- **(F) મેથીના દાણા :** પલાળીને ખાવાથી દુર્ગંધનો નાશ કરે છે.
- **(G) સુગંધિત તેલ (Essential Oil) :** અમુક તેલ જેવા કે પીપરમિન્ટ ઓઇલ, લવિંગનું તેલ, Orange Oil, નીલગીરીનું તેલ તથા ટીટ્રી ઓઇલ

વગેરે – આ કોઈપણ તેલને પાણીમાં નાખીને તેના કોગળા કરવા.

૩. **પાણી :** પાણી ખૂબ પ્રમાણમાં પીવું. જેનાથી લાળ બનવાનું પ્રમાણ પણ યોગ્ય રહે છે તથા લાળગ્રંથિનું કાર્ય પણ સામાન્ય રહે છે અને મોઢામાં જીવાણુંઓનો વધારો અટકે છે.

૪. **રાતના સમયે ગળ્યા પદાર્થો ખાવા કે પીવા નહીં :** રાતના સમયે મોઢામાં લાળનું પ્રમાણ ઘટે છે. જેથી જીવાણુંઓ બનવાનું પ્રમાણ વધી જાય છે.

૫. **ખોરાક પર ધ્યાન આપવું :** શ્વાસમાં દુર્ગંધ ઉત્પન્ન કરનાર દ્રવ્યો જેવા કે ડુંગળી - લસણ ન ખાવા. વધારે ફ્રુક્ટોઝ કે સુગર તથા એસિડ જેવા દ્રવ્યો જીવાણું વધારે છે.

૬. **જીભ પર વ્યવસ્થિત રીતે ઉલ ઉતારવી :** જેથી જીવાણુંઓનું સંક્રમણ ઘટે તથા જીભ પર થતી પરત (પ્લાક) દૂર થાય છે.

૭. **દિવસમાં બે વાર બ્રશ કરવું** તથા દરરોજ બે વાર ફ્લોસ્સ કરવું. જેથી દાંત વચ્ચે જમા થયેલા ખોરાકના કણો દૂર થાય.

૮. **દાંતના પેઢા સ્વસ્થ રહે તેવા ઉપાયો કરવા.** જેથી તેમાં જમા થતા જીવાણુંઓ બનવાના અટકે અને તેમાં ઉત્પન્ન થતી દુર્ગંધ ઘટે.

૯. ધૂમ્રપાન દાંતના પેઢા માટે નુકસાનકારક છે. માટે ધૂમ્રપાન ન કરવું.

૧૦. **મોં વાટે શ્વાસ ન લેવો :** જ્યારે મોં વાટે શ્વાસ લેવામાં આવે છે ત્યારે ઠંડી અને શુષ્ક હવા મોઢામાં પ્રવેશે છે. જેના કારણે લાળ બનવાનું ઘટે છે અને અંતે દુર્ગંધ ઉત્પન્ન થાય છે.

૧૧. **ફળોનો ઉપયોગ :** ખાટાં ફળો જેવા કે લીંબુ અને સંતરા / બેરી જમતા પહેલા લેવા જોઈએ. આ ફળો લાળનું પ્રમાણ વધારે છે અને પાચન સુધારે છે તથા આ ફળો વિટામિન યુક્ત હોવાથી દાંતના પેઢાનાં રોગો પણ અટકાવે છે.

૧૨. **દહીં ખાવું :** આમાં પ્રોબાયોટીક્સ એટલે કે અમુક સારા કે ફાયદાકારક બેક્ટેરીયા હોય છે. જે ખરાબ ઉચ્છવાસ લાવતા બેક્ટેરીયાનું પ્રમાણ અટકાવે છે.

૧૩. સફરજન તથા નાસપતિ વગેરે ફળો ખાવા. જે કુદરતી રીતે જ મોઢામાં લાળનું પ્રમાણ વધારે છે.

૧૪. **ગાજર અને કાકડી :** આવા શાકભાજી પણ લાળનું પ્રમાણ વધારે છે.

૧૫. **બદામ અને અન્ય નટ્સ :** જે કુદરતી બ્રશનું કામ કરે છે. જે જીવાણુંઓને દાંત પર જમા થતા અટકાવે છે.

## લગ્ન વિષયક



*નામ* : પાર્થકુમાર પ્રકાશભાઈ સોની (કટ્ટા)
*જન્મ તારીખ:* ૨૧-૦૨-૧૯૯૨
*જન્મ સમય:* ૨૦.૩૦
*જન્મ સ્થળ :* બાયડ
*હાઈટ* : ૫'૭"
*વજન* : ૬૦ કિ.ગ્રા.
*અભ્યાસ* : બી.એ. સેકન્ડ યર
*વ્યવસાય* : અંબિકા જ્વેલર્સ (ગામ ડેમાઈ)
*આવક* : રૂા. ૩૫,૦૦૦/- પ્રતિ માસ
*મોબાઈલ* : ૯૪૨૬૫ ૪૧૨૧૫
*ગામ* : ડેમાઈ, જીલ્લો : અરવલ્લી
*મોસાળ* : યોગેશભાઈ પ્રાગજીભાઈ સોની - અમદાવાદ

**છૂટાછેડા થયેલ છે**

## ONE PAPER

One Paper has a power to
Record a person's birth.

One Paper has a power to
Preserve my notes and secret.

One Paper has a power to
Communicate with my loved one.

One Paper has a power to
decide my future.

One Paper has a power to buy things.

One Paper has a power to
certify a person's marital status.

One Paper has a power to
Seperate a married couple.

One Paper has a power to
Declare one dead even though he is not.

***Jenisha R. Kansara - Sola, Ahmedabad***

# સંબંધમાં ખોટ

કવિતા કમલેશ સોલંકી 'ક્વન' – આદિપુર (કચ્છ)

બ્રહ્માની રચના અને વિષ્ણુનું સર્જન એટલે સૃષ્ટિ. આ સૃષ્ટિ પર અનેક જીવો વાસ કરે છે અને તે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એકબીજાથી જોડાયેલા છે, એક જાળ રચે છે. આ જોડાણની જ એક જાળ છે – "સંબંધની માયાજાળ."

આ સંબંધોની માયાજાળ પણ અનેક પ્રકારની હોય છે. પશુ-પંખી વચ્ચે, પ્રકૃતિ-પ્રાણી વચ્ચે અને સૌથી મોટી માનવ-માનવ વચ્ચે. પરંતુ આ પ્રત્યેક જાળનો ભેદ જુદો જુદો છે, સ્વભાવ જુદો જુદો છે, લાગણી જુદી જુદી છે. ક્યાંક નિઃસ્વાર્થ પ્રેમ, તો ક્યાંક સ્વાર્થ-દ્વેષનો રાગ.

શું આ જાળ વર્ષોથી, સદીઓથી આવી જ છે? શું એનું સ્વરૂપ અકબંધ છે કે પરિવર્તનશીલ છે? અરે... અઢળક સવાલોનો કાફલો છે આ તો!! જેના ઉત્તર બધાને ખબર છે છતાં બધા નિરૂત્તર છે!! કારણ??? કારણ છે – "ખોટ."

સવાલ ઉદ્ભવશે – 'ખોટ શેની?'

જી હા... – ખોટ... ખોટ એક વિશ્વાસની, ખોટ નિઃસ્વાર્થ લાગણીની, ખોટ સંવેદનાની અને મુખ્ય ખોટ સંબંધમાં હક્કની!

પ્રાચીન પરંપરાઓમાં એક વાક્ય પ્રચલિત હતું – "સંયુક્ત કુટુંબ, સમૃદ્ધ કુટુંબ." એક પરિવારમાં ભાઈઓનાં કુટુંબ પેઢીઓ સુધી સંયુક્તમાં રહેતા. હા, હાથની પાંચેય આંગળી સરખી નથી હોતી એટલે નોકજોક ન થાય તે તો અશક્ય છે. પણ કહે છે ને કે ચાર દિવસ પશુ પણ જો સાથે રહે તો ત્યાં પણ લાગણી બંધાઈ જાય. તેમ નોકજોક છતાં પણ પરિવારમાં એકમેક પ્રત્યે હક્ક રહેતો. એ હક્ક હતો મનની લાગણીનો. સાસુ-વહુ, નણંદ-ભાભી, ભાઈ-ભાઈ એકબીજાના મનને સમજી શકતા હતા. કારણ હતો સહવાસ. કહે છે ને, "અન્ન એક, તેના મન એક." ભલે સ્વતંત્રતા ઓછી હતી પણ સ્વચ્છંદતા નહોતી. ચાર વાસણ ખખડતા જરૂર પણ એ હક્કને લીધે એ ખખડાટ સ્નેહના રણકારમાં પરિવર્તિત થઇ જતો. એ જ હતો એક સુંદર નફો.

આજે આપણે સૌ આધુનિક યુગની આધુનિકતા સ્વીકારવા સજ્જ છીએ. પણ શું આ આધુનિકતાએ કહ્યું કે 'તમે સ્વચ્છંદ બનો? લાગણીને રોળી નાખો તો જ હું મળીશ?' તો પછી આજનાં આ આધુનિક વિભક્ત યુગમાં એ લાગણી, એ હક્ક ક્યાં ખોવાઈ ગયા?'

અહમ્, ક્રોધ, ઈર્ષ્યા, બદલાની ભાવના, વચનોનો રંજ... આવી અઢળક અંતઃઅગ્નિએ પ્રેમ, સમર્પણ, જતું કરવાની ભાવના અને સંબંધોનાં એ હક્કની નિર્મમ હત્યા કરી દીધી છે અને દુઃખની વાત તો એ છે કે દુનિયાની કોઈ અદાલતમાં આ નિર્મમ હત્યાનાં કૃત્યની સજા પણ નથી. કેમકે તે પ્રચ્છન્ન છે, સામે દેખાતી જ નથી! હા, સજા મળે છે પણ એ ગુનેગારને નહીં પરંતુ એ વ્યક્તિને, જેઓ સંબંધમાં નિખાલસતા, નિઃસ્વાર્થતા, સમર્પણ અને હૂંફ ઝંખે છે પણ... એ સ્થાપી શકાતી નથી! ત્યારે સજા મળે છે અશ્રુઓનાં ખારા પાણીની, મનમાં થતી ગૂંગળામણની...!! અને એ વિચારે છે કે 'કાશ! આ એક સપનું હોય, જે આંખ ખૂલતાં અલોપ થઇ જાય અને એનાં સંબંધ ફરી નિર્મળ થઇ જાય. પણ... અફસોસ...!!'

આધુનિક યુગ મસીનોનો યુગ છે. જેમાં મશીનો સાથે રહીને, જીવીને, તેને વાપરતા વાપરતા માનવ મન પણ મશીનની જેમ જ વર્તે છે. લાગણીહીન મન બસ એક ઝંખના રાખે છે... "નફો"!! નફો – રૂપિયાનો, નફો – આવકનો, નફો – બચતનો, નફો – ખુદનાં હોદ્દાનો, નફો – પોતાના અહમનો...!! પણ એ બધામાં સંબંધનો નફો ક્યારે ખોટમાં ફેરવાઈ ગયો એની તો જાણ જ નથી હોતી!!

આ નફો-ખોટ એટલે શું??? રૂપિયા, બચત, સંપત્તિ...? જી, ના... સંબંધમાં નફો એટલે પરિવારના સંબંધ મા-બાપ, દીકરો-દીકરી, સાસુ-વહુ, સસરા-જમાઈ, પતિ-પત્ની... જ્યારે હક્કથી એકબીજાને પોતાનાં મનની વાત નિઃસંકોચપણે જણાવી શકે, પોતાની લાગણી, ઈચ્છા ભય વિના રજૂ કરી શકે, જ્યારે એકનાં દુઃખથી બીજાને અંતઃમનમાં પીડા અનુભવાય અને બંને સંબંધ અરસપરસ મરહમ બને અને ક્યારે દુઃખના આંસુ ખુશીમાં પલટાઈ જાય ખબર પણ ન પડે, એ છે 'સંબંધમાં નફો.'

શું આજે આ નફો છે ખરો?? મારા મતે તો... ના...!! આજે તો દરેક સંબંધમાં સ્વાર્થ અને ભય છુપાયેલા છે. એ ભય છે ખુદનાં અહમનો. જે વ્યક્તિમાં એ છે, એ પોતે તો પોતાને ૧૦૦% દુઃખી કરે જ છે પરંતુ પોતાનાં લીધે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સ્વજનોને બમણા, ત્રણ ગણા દુઃખી કરે છે એ તેને દેખાતું જ નથી. જેમાં સંબંધ દંડાય છે! કહેવાય છે કાનૂન અંધ છે, પ્રેમ અંધ છે. ખરું જ છે કારણકે એમની આંખો પર પાટો બંધાયેલ છે. પણ અહીં તો સંબંધો જ અંધ થઇ રહ્યાં છે. જ્યાં ખુલ્લી આંખે બધું જાણવા છતાં પણ લાગણીઓ પર પાટા બંધાઈ ગયા છે અથવા એમ કહો કે સાંકળો બંધાઈ ગઈ છે. હા, બાહ્ય દેખાવે જોતાં બધા સંબંધ બહુ ગાઢ દેખાય છે પરંતુ બહુ જૂજ જ એવા હોય છે. બાકી તો જેમ વન બહારથી રળિયામણું લાગે અને અંદર જતાં બિહામણું લાગે તેવા જ સંબંધો બનતા જાય છે. કારણ... એ જ... ખોટ!!

*"અહમની તલવારે દલડું જ્યાં વિંધાય છે
સંબંધની આ હોડીમાં સ્નેહ ખોટ ત્યાં વર્તાય છે."*

આજે સંબંધો અરસપરસ હક્ક જતાવી શકતાં નથી. ભય રહે છે, કદાચ પોતે જેને પ્રિય માને છે અતુલ્ય, અમૂલ્ય માને છે, જે સંબંધમાં એ પોતાનું જીવન માને છે, એ તૂટી જશે તો!! અને ખરૂં કહું તો આ એટલે હોય છે કે તે જાણે છે કે સામે કદાચ ફક્ત બાહ્ય રીતે, બાહ્ય - ઉપરછલ્લા મનથી લાગણી પીરસવાનો ડોળ હશે તો!! પરંતુ એક હકીકત છે કે રંગમંચ પર નાટકનો ડોળ ત્યાં સુધી રહે છે જ્યાં સુધી પડદો ન પડે. એમ જ એ લાગણીનો ડોળ પણ લાંબો નથી ટકતો.

આજે આખું વિશ્વ કોરોનાની મહામારી સેવી રહ્યું છે. કેટલાયનાં જીવનમાં સ્વજન વિરહની અસહ્ય વેદનાઓ પ્રવેશી ચૂકી છે. એ વેદનાઓ એ શીખવાડે છે કે જ્યાં છો, જેમની સાથે છો, જે પોતાનાં છે તેમની સાથે નિઃસ્વાર્થ પ્રેમથી જીવી લો. જે ઇચ્છા એકમેક માટે છે તે એકમેકેન સમર્પિત કરી લો. કાલની શું ખબર?? અરે, કાલની શું, બે ઘડી પછીનું પણ નથી ખબર કે કાળ શું કરવાનો છે?? તો શા માટે...? શા માટે મનમાં અહમ રાખી એકમેકથી દૂર જઈએ? શું થોડું જતું કરવાની, સ્વજન માટે, સંબંધ માટે સમર્પણ કરવાની ભાવના વડે બાકી રહેલ જીવનને નફાની મૂડીથી ભરી ન શકીએ??

*"રૂપિયાની મૂડી ખર્ચી પ્રશંસા મેળવવી સામાન્ય કળા છે
સંબંધોમાં લાગણીનું વાવેતર કરી
'કવન' વહેંચાઈ જવામાં અજીબ મજા છે."*

જીવનના આ રંગમંચ પર ક્યારે કોનો પાત્ર પૂર્ણવિરામ પામી જાય શું ખબર!! તો ચાલોને, સંબંધનાં દરેક પાત્રને જીવંત બનાવી સંબંધમાં આવેલી એ હક્કની ખોટને પૂરી દઈએ અને મરણોપરાંત ભાવિ પેઢી માટે મૂકી જઈએ તો બસ...

*નફો... નફો... નફો...
સંબંધમાં અમૂલ્ય - અતુલ્ય હક્કનો.*

**વ્યવસાય**

# જી.એસ.ટી.નાં પ્રશ્નો અંગે સંયુક્ત સેમિનાર યોજાયો

## ભુજમાં સી.એ. બ્રાંચ તથા સેલ્સ ટેક્સ બાર એસોસિએશનના સભ્યો જોડાયા

ધી ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા - ભુજ બ્રાંચ તથા કચ્છ સેલ્સ ટેક્સ બાર એસોસિએશનનાં સંયુક્ત ઉપક્રમે જી.એસ.ટી. આકારણી, ઓડિટ તથા રદ થયેલા નંબરને પુનઃ શરૂ કરવા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ભુજ બ્રાંચના ચેરમેન રમેશભાઈ પિંડોલીયાએ સ્વાગત કર્યું હતું અને આવા કાર્યક્રમની અગત્યતા જણાવી હતી. ઉપરાંત કચ્છ સેલ્સ ટેક્સ બાર એસોસિએશનના પ્રમુખ અતુલભાઈ દેસાઈએ પ્રાસંગિક પ્રવચનમાં જી.એસ.ટી.નાં પ્રશ્નો અંગે સંયુક્ત સેમિનાર કરવાથી દરેક સભ્યોને થતા ફાયદાઓ વર્ણવ્યા હતા. પ્રથમ તબક્કામાં વક્તા દીપભાઈ કોરડિયાએ જી.એસ.ટી. સ્ક્રુટીની એસેસમેન્ટ તથા જી.એસ.ટી. વિભાગ દ્વારા કરદાતાના ધંધાનાં સ્થળે આવીને થતાં ઓડિટ એસેસમેન્ટ અંગે વિસ્તારપૂર્વકની માહિતી આપી હતી. ઉપરાંત આકારણી સમયે કઈ વિગતો તથા પુરાવાઓ રજૂ કરવા, તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. ભુજ બ્રાંચ દ્વારા ચાલુ વર્ષે સી.એ. ફાઈનલ પરીક્ષા ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓનાં સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૨ નવા સી.એ. સભ્યને પ્રમાણપત્ર સાથે બહુમાન કરવામાં આવ્યું હતું. બીજા તબક્કામાં વક્તા તરીકે કરવેરા સલાહકાર સમીર કંસારાએ નવા જી.એસ.ટી. નંબર લેવા તથા રદ થયેલા જી.એસ.ટી. નંબરને પુનઃ શરૂ કરવા માટેની વિવિધ જોગવાઈઓની છણાવટ કરી હતી. પ્રશ્નોત્તર દરમ્યાન સભ્યોએ ઓડિટ અને અન્ય મુદ્દાઓ પર બહોળી સંખ્યામાં ભાગ લીધો.




જીતેન્દ્ર ઠક્કર, હાર્દિક ઠક્કર, ઉમંગ ઠક્કર તથા એસોસિએશનના સભ્ય પૂર્વેશ ગણાત્રા, મનસુખ ધોળુ તથા સચીન નાકરનો સહયોગ મળ્યો હતો. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ચિરાગ શાહે કર્યા હતા.

***સૌજન્ય : 'કચ્છમિત્ર'***

**મીતા'સ કોર્નર**

# નો મેક-અપ લૂક!!

**મીતા એન. સોલંકી**

હેલ્લો ફ્રેન્ડ્સ, આજે નવો વિષય છે મેક-અપ. સિનેમા જગતે દુનિયાને મેક-અપ શબ્દ આપ્યો છે. મેક-એપ એ ફિલ્મી પડદા પર અનિવાર્ય છે. ત્યાં મેક-અપ વગર પડદા પર દેખાવું એ પોસીબલ જ નથી.

આંખને સુંદર વસ્તુ જોવી ગમે છે, મન પ્રસન્ન થાય છે. આજ સિધ્ધાંતને અનુસરીને "સારા દેખાવાનું મહત્ત્વ, સારા હોવા કરતાં વધુ થઈ ગયું છે." શોમેનશીપની આ ગ્લેમરસથી ભરેલી દુનિયામાં બધુ મેક-અપ કરેલું જ હોય છે. એ તમારૂં હસવું હોય કે તમારૂં રડવું હોય!!

તમે અંદરથી કેવા વ્યક્તિ છો એનું કોઈ મહત્ત્વ નથી. તમે બહારતી કેવા દેખાઓ છો એનાથી તમારી વેલ્યુ થશે. એમાં મેક-અપનું ખૂબ જ મહત્ત્વ છે.

આખે આખો લુક (આઉટ) ચેન્જ થઇ જાય. માત્ર ડ્રેસ નહીં, પૂરેપૂરી પર્સનાલિટી, નાક-નકશોને દેખાવમાં ધરખમ ફેરફાર કરી એક નવી પર્સનાલિટીના વિકાસને 'મેક-ઓવર' કહેવાય છે.

'એક ચેહરે પે કઈ ચેહરે લગા લેતે હૈં લોગ...' મુજબ લોકો કેટકેટલા મોહરા લઈને આ દુનિયામાં ફરતા હોય છે!

લેક્મે, લો-રીઅલ જેવી અસંખ્ય બ્રાન્ડ કરોડો અબજોના બિઝનેસ ધરાવે છે. સેલિબ્રિટી બની ગયા બાદ લોકોની અપેક્ષા મુજબનો દેખાવ રાખવો ફરજીયાત બની જતો હોય છે. પરંતુ તેઓ પણ સતત નકલી મહોરું પહેરીને કંટાળી જતા હોય છે.

વિદેશી મશહુર અભિનેત્રી ગ્વાનેથ પલેટ્રોએ એક નવો ટ્રેન્ડ સ્ટાર્ટ કર્યો છે. તે છે : "નો મે-અપ લૂક."

એવી પાર્ટીઓના આયોજન પણ થાય છે જેમાં તમને તમારી ઓરીજીનલ સ્કીન સાથે આવવાનું હોય છે.

સરેરાશ સ્ત્રીઓ ફાઉન્ડેશન, બ્લશર, આઈ લાઈનર, આઈ શેડો, લિપસ્ટીક જેવા કોસ્મેટીકથી પરીચિત હોય છે. નોકરીયાત બહેનો રોરેજરોજ મેક-અપ કરતી હોય છે. પછી પોતાનો મેક-અપ વગરનો ચહેરો જોવો પોતાને જ નથી ગમતો. જો કે હવે, વૈશ્વિક સ્તરે 'નો મેક-અપ લૂક'નો નવો ટ્રેન્ડ શરૂ થયો છે. જો કે તેમાં પૌષ્ટીક આહાર, સ્કીન કેર, રૂટીન જાળવવું જરૂરી બને છે. તો જ નેચરલ સ્કીન હેલ્ધી રહે છે.

સૌંદર્ય પ્રસાધનોનું ઉત્પાદન કરતી કંપનીઓ પણ કહે છે કે કોસ્મેટીકનું વેચાણ ઓછું અને સ્કીન કેર પ્રોડક્ટનું વેચાણ વધી રહ્યું છે.

મેક-અપના થપેડાની જગ્યાએ તેજસ્વી ત્વચા અને હેલ્ધી લૂકનું મહત્ત્વ વધ્યું છે.

પાઉડર, ચાંલ્લો, કાજલ કરતી સ્ત્રીઓની સ્કીનમાં પ્રસંગોપાત મેક-અપ વધુ ઉઠાવ આપતો હોય છે.

'નો મેક-અપ લૂક'માં ખાસ વાત એ છે કે તેમાં તમારી સ્કીન ખૂબ ગ્લો કરતી હોય એ જરૂરી છે. ખીલ, કાળા કુંડાળા, દાગ, પિગ્મીટેશન ધરાવતી સ્ત્રીઓ ઈચ્છે તોય મેક-અપ છોડી શકે એમ નથી.

સ્કીન ટ્રીટમેન્ટ ખૂબ ખર્ચાળ હોય છે. દરેકને તે પરવડે તેમ પણ નથી હોતી.

મેક-અપ કરવાથી સામાન્ય દેખાવ ધરાવતી યુવતી પણ સારી લાગતી હોય છે. આત્મવિશ્વાસથી ભરેલી લાગે છે. પ્રેઝન્ટેબલ રહેવું આ જમાનામાં વધુ જરૂરી થઈ ગયું છે.

પ્રસંગોપાત, તહેવારોમાં, ખાસ મેક-અપ કરે તો કશું જ ખોટું નથી. પર્સનલી મારૂં માનવું છે કે સ્ત્રીઓને અતિ 'ટ્રેન્ડ' પાછળ પડવા જેવું નથી. હા, પોતાને જેટલું ગમતું હોય એ જરૂરથી કરવું જ. પણ, સેલિબ્રિટી કે ટી.વી. સ્ટારના નવા નવા બદલાતા ફેશન પાછળ ગાંડા ન થવું. કેમકે આ બધું સતત બદલાતું રહે છે. આજે એક ફેશન, કાલે બીજી! આનો કોઈ એન્ડ જ નથી. ફેશન એ લાખો, કરોડોનો બિઝનેસ છે. નકલ કરવામાં જ ફેશન નથી, તેઓનો તો કારોબાર છે. રોજ નવું નવું લાવ્યા જ કરશે.

માટે જ કમ્ફર્ટેબલ અને પ્રેઝન્ટેબલ રહેવું પ્રસન્ન રહેવા જેટલું જ જરૂરી છે.

મસ્ત રહો, વ્યસ્ત રહો અને સ્વસ્થ રહો!

---

## તું મંજૂર છે!

દરિયારૂપે તું ન મળે તો,
મૃગજળ રૂપે તું મંજૂર છે!

કસ્તુરીરૂપે તું ન મળે તો,
અત્તર રૂપે તું મંજૂર છે!

વરસાદ રૂપે તું ન મળે તો,
બુંદ રૂપે તું મંજૂર છે!

મહાકાવ્ય રૂપે તું ન મળે તો,
પંક્તિ રૂપે તું મંજૂર છે!

હકીકત રૂપે તું ન મળે તો,
સ્મરણ રૂપે તું મંજૂર છે!

જિંદગી રૂપે તું ન મળે તો,
સંબંધ રૂપે તું મંજૂર છે!

*– ભક્તિ સોની*

# સ્વયંસિદ્ધ મહિલા શક્તિ

લતાબેન સોલંકી - ભુજ

*આપણા સમાજના મુખપત્ર "જ્ઞાતિસેતુ"માં "સ્વયંસિદ્ધ મહિલા શક્તિ" કોલમની માળામાં એક તેજસ્વી મણકો ગૂંથાઈ રહ્યો છે – પ્રફુલાબેન મનીષભાઈ બુધ્ધભટ્ટી, નિવાસી જુનાગઢને આપણે આજે મળી રહ્યા છીએ. પ્રફુલાબેને નાની ઉંમરમાં – ૨૫ વર્ષની ઉંમરે પોતાના પતિની છત્રછાયા ગુમાવી. પણ માતા-પિતાના સાથ સહકાર અને આત્મબળથી પગભર થયા અને સિંગલ પેરેન્ટ હોવા છતાં પોતાના બંને સંતાનોને ડૉક્ટર બનાવ્યા. અનેક તડકી છાંયડી જોઈને મક્કમ મને પોતાની જીંદગીને એક નવી દિશા તરફ વાળી. આજે સમાજમાં માનભેર પોતાનું એક અલગ વ્યક્તિત્વ લઈ જીવન સુચારૂ રૂપે જીવી રહ્યા છે.*

*ચાલો, આજે આપણે પ્રફુલાબેનની સંઘર્ષ યાત્રા એમના મુખેથી સાંભળીએ. હિંમતને દાદ દઈએ અને એમના સંઘર્ષમાંથી જે શીખવા જેવું હોય તે ગ્રહણ કરીએ.*

## પ્રફુલાબેન મનીષભાઈ બુધ્ધભટ્ટી - જુનાગઢ (મો. ૯૧૦૪૪ ૧૮૫૨૫)



દીકરી ડૉ. ભૂમિ અને દીકરા ડૉ. દિવ્યરાજ સાથે પ્રફુલાબેન.



ઓ.ટી. આસિસ્ટન્ટ તરીકે પ્રફુલાબેન

*નામ* : પ્રફુલાબેન મનીષકુમાર બુધ્ધભટ્ટી (શિહોર, જુનાગઢ)

*જન્મ તારીખ* : તા. ૨૭-૦૯-૧૯૭૩

*અભ્યાસ* : ૧૨ પાસ, નર્સિંગ તાલીમ.

*સરનામું* : ગિરનાર હાઈટ્સ-૧, મોતીબાગ પાસે, જુનાગઢ.

*વ્યવસાય* : સંકલિત બાળવિકાસ યોજના આં.વા. વર્કર, કાન, નાક, ગળા તેમજ કેન્સર સર્જરી (ઓ.ટી.) આસિસ્ટન્ટ.

*પતિનો સ્વર્ગવાસ* : તા. ૧૮-૧૧-૨૦૦૧

*બાળકો* : પુત્રી : ડૉ. ભૂમિ, પુત્ર : ડૉ. દિવ્યરાજ.

*પિતા* : સામતભાઈ બી. વાઢેર (રીટાયર્ડ આર.એફ.ઓ.)

*ભાઈ* : યોગેશ એસ. વાઢેર, FSL ફિઝીક્સ

*ભાઈ* : ભરત એસ. વાઢેર, એસ.ટી. ડેપો - જુનાગઢ.

***પ્રશ્ન : તમારૂં નામ શું છે? અત્યારે તમે ક્યાં રહો છો?***

**જવાબ :** મારૂં નામ પ્રફુલા મનીષકુમાર બુધ્ધભટ્ટી છે. હું અત્યારે જુનાગઢમાં રહું છું.

***પ્રશ્ન : જયશ્રીકૃષ્ણ બેન. તમે અત્યારે શું કરો છો?***

**જવાબ :** જયશ્રીકૃષ્ણ. હું અત્યારે I.C.D.S. વિભાગમાં આં.વા. વર્કર તરીકે તા. ૧૩-૪-૨૦૦૪થી સર્વિસ કરૂં છું અને E.N.T. હોસ્પિટલમાં O.T. આસિસ્ટન્ટ પણ છું (તા. ૪-૧-૨૦૦૮થી).

***પ્રશ્ન : તમારી ફેમિલીમાં કોણ છે?***

**જવાબ :** મારી દીકરી અને દીકરો છે.

***પ્રશ્ન : તમારા ૩ જણાનું ફેમિલી છે?***

**જવાબ :** હા.

***પ્રશ્ન : અને તમારા પતિ?***

**જવાબ :** મારા પતિ વર્ષ ૨૦૦૧માં એક્સિડન્ટમાં એક્સપાયર થઈ ગયા છે.

***પ્રશ્ન : ત્યારે તમારી ઉંમર કેટલી હતી?***

**જવાબ :** ૨૬મું વર્ષ ચાલતું હતું.

***પ્રશ્ન : તમારા બાળકોની ઉંમર કેટલી હતી?***

**જવાબ :** મારી દીકરીની ઉંમર સાડા છ વર્ષ અને દીકરાની ઉંમર પાંચ વર્ષ હતી.

***પ્રશ્ન : આટલી નાની ઉંમરે આટલી બધી દુઃખદ ઘટના બની તો તમે કોની સાથે રહેતા હતા?***

**જવાબ :** પહેલા ૧-૨ મહિના જામનગર મારા સાસુના ઘરે રહેલી. પછી જુનાગઢમાં પીયરના ફેમિલી સાથે રહી. પછી પપ્પા - ભાઈઓએ મેડીક્લેઈમ અને વિધવા સહાયના કાગળો તૈયાર કરી મેડીક્લેઈમ કર્યા. પછી સમાજ કલ્યાણ વિભાગમાંથી વિધવાની આંગણવાડી કાર્યકર અને તેડાગરની ભરતીનો મને કોલ લેટર આવ્યો. પછી કલેક્ટર, ડી.ડી.ઓ. તેમજ આઈ.સી.ડી.એસ. અધિકારી દ્વારા મારો ઈન્ટરવ્યુ લેવામાં આવ્યો. હું ઈન્ટરવ્યુમાં આંગણવાડી વર્કર તરીકે પસંદગી પામી અને ૧ અઠવાડિયામાં ઓર્ડર આવ્યો અને ૨૦૦૪માં મેં નોકરી જોઈન કરી. ખાસ કરીને આંગણવાડીમાં અપાતી સેવા જેમ કે દર મહિનામાં ૧ વખત બધા જ વિસ્તારના લાભાર્થીને બધી જ રસીકરણ કરવામાં આવે છે અને દર મહિને વજન - ઊંચાઈ માપવામાં આવે છે.

અને ઓનલાઈન એન્ટ્રી - ગૂગલ દ્વારા મોબાઈલથી આધાર નોંધ કરવામાં આવે છે. આ કામગીરી તેમજ ૧ થી ૧૧ નંબરના રજીસ્ટરો નિયમિત કરવાના હોય છે. તેમજ 'વહાલી દીકરી યોજના' કે તા. ૨-૮-૨૦૧૯ પછી જે દીકરીઓનો જન્મ થયો તેમને સરકાર તરફથી રૂા. ૧,૧૦,૦૦૦/- મળવાપાત્ર છે તેના પણ ફોર્મ મેં ભરી આપેલ છે.

***પ્રશ્ન : તમારા બાળકોને ઉછેરવામાં સિંગલ પેરેન્ટ્સ તરીકે કોઈ તકલીફ પડી?***

**જવાબ :** બાળક નાનું હોય તો કઈ તકલીફ ન થઈ હોય બહેન – એ તો દરેક માતા-પિતા, સમાજ સારી રીતે સમજી શકે છે. પણ મને શું તકલીફ થઇ તે હું ટુંકમાં જણાવું. જ્યાં સુધી પીયરવાળા ફેમિલી સાથે રહેતી ત્યાં સુધી તો તકલીફ ન હતી પણ પતિ ગુમાવ્યાનો અફસોસ ખૂબ જ હતો. પણ બે વર્ષ પછી હું અને મારા બે બાળકો મમ્મી-પપ્પાની બાજુમાં ભાડાના મકાનમાં રહેતા થયા. પીયરવાળા ના પાડતા, પણ મેં કહ્યું, ક્યાં સુધી તમારા ઉપર બોજ બની રહીશ? તો પણ અલગ થયા પછી પણ મમ્મી-પપ્પા ઘર ખર્ચમાં મદદ કરતા. તેમના માટે તો જેટલું કહું તેટલું ઓછું છે.

***પ્રશ્ન : તમારા બાળકો અત્યારે શું કરે છે?***

**જવાબ :** અત્યારે મારા બંને બાળકો ડોક્ટર છે – ઓડિયોલોજીસ્ટ અને સ્પીચ પેથોલોજીસ્ટ. બંને સિવિલ હોસ્પિટલા ઇ.એન.ટી. ડિપાર્ટમેન્ટમાં છે અને તેઓનું ક્લિનિક પણ છે : "ક્રિષ્ના સ્પીચ એન્ડ હિયરીંગ ક્લિનિક." અને બહારગામની સેવા પણ ડૉ. ભૂમિ અને ડૉ. દિવ્યરાજ આપે છે. ★ જી.જી. હોસ્પિટલ - જામનગરમાં દર ગુરૂવારે. ★ ઉના - આરતી હોસ્પિટલ અને રીલીફ હોસ્પિટલમાં દર મહિનાના ૪થા શનીવારે. ★ વેરાવળ – સંજીવની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં મહિનાના બીજા અને ચોથા શનિવારે. ★ માંગરોળ આશિર્વાદ હોસ્પિટલ – મહિનાના ત્રીજા શનિવારે. – આ બધી જગ્યાઓએ સેવા આપે છે.

***પ્રશ્ન : બંને બાળકો પરણી ગયા છે?***

**જવાબ :** ના. મારી દીકરીની સગાઈ થઈ છે. દીકરો હજુ કુંવારો છે.

***પ્રશ્ન : તમે બહુ હિંમતવાન છો. તમારી દીકરી તો પરણીને સાસરે જશે. પછી તમારો દીકરો અત્યારે તો અહીં જ નોકરી કરે છે. કાલે બીજે પણ જાય તો તમે ભવિષ્યનું શું વિચાર્યુ છે?***

**જવાબ :** મારા બંને બાળકોને વિદેશ જવાનો પણ ચાન્સ હતો ને અત્યારે પણ છે પણ આ લોકો ના પાડે છે અને ભવિષ્યમાં જાય તો પણ એમ જ કહે છે કે, મમ્મી તું સાથે આવીશ તો જ જશું.

બીજું, મેં ભવિષ્ય માટે આગળ કાંઈ જ નથી વિચાર્યું. અત્યારે તો મારી નોકરી ૫૮ વર્ષ સુધી તો છે જ. પછી જોયું જશે. અત્યાર સુધી રસ્તો ભગવાને જ બતાવ્યો તો તે જ પાર ઉતારશે. આમ તો મારી જીંદગીમાં અત્યારે કાંઈ જ તકલીફ નથી. બાળકો પણ વેલસેટ છે. બસ, બીજું શું જોઈએ!

***પ્રશ્ન : તમે વિધવા થયા ત્યારે સાસરીપક્ષમાં કોણ કોણ હતું?***

**જવાબ :** મારા સાસુ અને દિયર.

**પ્રશ્ન :** *મારે તમને એક ખાસ વાત પૂછવાની રહી ગઈ કે બેન, તમે આટલી નાની ઉંમરમાં પતિ ગુમાવ્યા, તો રી-મેરેજ કેમ ન કર્યા? તેનું શું કારણ?*

**જવાબ :** બેન, નાની ઉંમરમાં પતિ ગુમાવ્યાનો અફસોસ તો આજે પણ ખૂબ જ છે. પણ મને જીંદગી પરથી વિશ્વાસ જ ઉઠી ગયો તો અને ખૂબ જ અપસેટ થઈ ગઈ હતી. અને રી-મેરેજનો તો કોઈ સવાલ જ નહોતો કેમકે મારી પાસે મારા ફૂલ જેવડા મારા બાળકો છે. આ લખું છું તો અત્યારે પણ મારી આંખો ભરાઈ ગઈ. તેનું કારણ... ખાસ... મારા બાળકો એજ મારી જીંદગી.

**પ્રશ્ન :** *બેન, જ્ઞાતિની બહેનોને આના વિશે, જીવનમાં કાંઈ માર્ગદર્શન મળે તે માટે કશું કહેશો?*

**જવાબ :** બેન, જ્ઞાતિની બધી જ બહેનો, જે ખાસ કરીને વિધવા, અનાથ કે જે નિસહાય છે, તેઓને હું એટલું જ કહેવા અને સંદેશો આપવા માગું છું કે કોઈ પણ મુસીબત આવે તો તેનો સામનો હિંમતથી કરવાનો અને હિંમત ક્યારેય ન હારવી. અને ખાસ તો મહેનત કરવામાં કાંઈ જ શરમ નથી. સાચી નીતિથી મહેનત કરશો તો જીવનમાં આગળ વધતા કોઈ જ રોકી નહીં શકે. ઘરમાં બેસી રહેવાથી કાંઈ જ નથી વળવાનું અને મળવાનું! મહેનત કરશો તો જરૂરથી આગળ વધશો. પણ તમારી નીતિ અને ઈમાનદારી ક્યારેય ન ચૂકશો. પછી જુઓ, ભગવાન તમારી સાથે જ રહેશે. જય શ્રીકૃષ્ણ.

## માનવીના મગજ વિશે અવનવું

માણસનું મગજ શરીરના કોઈ પણ અંગ કરતાં વધારે જટીલ છે અને હજી એને પૂરેપૂરૂં સમજી શકાયું નથી. હજી એવું ઘણું હશે જે આપણે જાણતા નહીં હોઈએ. અહીં કેટલીક રસપ્રદ વાતો જોઈએ.

યુગોથી માનવ મસ્તિષ્કે લોકોને અચરજમાં રાખ્યા છે. કેટલાક વૈજ્ઞાનિકો અને ડોક્ટરોએ એમની આખી જીંદગી મગજ કેમ કામ કરે છે તે સમજવામાં ગાળી છે. માનવ શરીરના આ કલ્પનાતીત અંગ વિશે જાણીને આનંદ અનુભવીએ તેમાં નવાઇ નથી. અહીં નીચે કેટલીક હકીકતો આપીએ છીએ, જેથી ખ્યાલ આવશે કે મગજ કેમ કામ કરે છે, કેમ એનો વિકાસ થાય છે, એ શાનું નિયંત્રમ કરે છે, એ કઈ રીતે ઊંઘ લાવે છે, સપનાં જુએ છે, યાદ રાખે છે અને એવી બીજી ઘણીયે વાતો છે, એ જાણવાની ખરેખર મજા આવશે.

૧. મગજ અને શરીરના બીજા અંગો વચ્ચે વહેતા સંદેશ કલાકના ૨૭૦ કિ.મી.થી વધારે ઝડપથી જતા હોય છે.
૨. મગજ માત્ર ૧૦ વોલ્ટના બલ્બ જેટલી જ ઉર્જા વાપરે છે.
૩. મગજના કોશ પાંચ એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા જેટલી માહિતી સંઘરી શકે છે.
૪. તમારા લોહીમાં પ્રવેશતા ઓક્સિજનનો પાંચમો ભાગ તો મગજ વાપરે છે.
૫. મગજ દિવસ કરતાં રાતે ઘણું વધારે સક્રિય હોય છે.
૬. વૈજ્ઞાનિકો કહે છે કે IQ ઊંચો હોય તો સપનાં વધારે આવે.
૭. ન્યુરોન આખી જીંદગી પાંગરતા રહે છે.
૮. અલગ અલગ પ્રકારના ન્યુરોનમાં માહિતીની ગતિ એકસરખી નથી હોતી.
૯. મગજને પોતાને પીડા થતી નથી.
૧૦. મગજ એટલે ૮૦ ટકા પાણી!
૧૧. મગજની સામાન્ય ખાસિયતો

- **વજન :** મગજનું વજન લગભગ ૧ કિલો ૩૬૦ ગ્રામ હોય છે.
- **ચામડી :** તમારી ચામડીનું વજન મગજના વજન કરતાં બમણું હોય છે.
- **રંગ :** મગજનો ૬૦ ટકા ભાગ સફેદ અને ૪૦ ટકા ભાગ રાખોડી હોય છે.
- **ન્યુરોન :** મગજમાં ૧૦૦ અબજ ન્યુરોન હોય છે.
- **સાઇનેપ્સ :** દરેક ન્યુરોનના ૧૦૦૦થી માંડીને ૧૦,૦૦૦ સાઇનેપ્સ (ન્યુરોનના વીજળી કે રાસાયણિક સંકેતને બીજા કોશ સુધી જવા દેતું તંત્ર) હોય છે.

*(સંદર્ભ : ઇન્ટરનેટ)*

*– ક્રિષ્ના રમેશભાઈ બુધ્ધભટ્ટી*

*જિંદગી પરિવર્તનથી જ બનેલી છે. કોઈપણ પરિવર્તનથી ગભરાવું નહીં પરંતુ તેનો સ્વીકાર કરી લેવો. કોઈ પરિવર્તન આપણને સફળતા અપાવશે તો કોઈ પરિવર્તન આપણને સફળ થવાના ગુણ શીખવાડશે.*

# સ્વયંસિદ્ધ મહિલા શક્તિ

લતાબેન સોલંકી - ભુજ

*આપણા સમાજના મુખપત્ર ''જ્ઞાતિસેતુ''માં ''સ્વયંસિદ્ધ મહિલા શક્તિ'' કોલમની માળામાં એક તેજસ્વી મણકો ગૂંથાઈ રહ્યો છે – જીજ્ઞાબેન હિતેનભાઈ બીજલાણી – રાયપુર નિવાસી બેનને આપણે આજે મળી રહ્યા છીએ. જીજ્ઞાબેન ચકરી અને અન્ય નાસ્તા બનાવવાનો વ્યવસાય કરે છે. સૌથી અગત્યની અને મોટી વાત એ છે કે તેમણે જે વ્યવસાય ચાલુ કર્યો એમાં એમના પતિદેવે પણ ઝુકાવ્યું છે. સામાન્ય રીતે તો પતિના વ્યવસાયમાં પત્ની સાથ આપતી હોય છે, પણ હિતેનભાઈએ જીજ્ઞાબેને ચાલુ કરેલ વ્યવસાય અપનાવી લીધો છે અને આજે એ વ્યવસાય થકી તેઓ બે પાંદડે થયા છે. આપણે એમની વ્યવસાય યાત્રાના સહભાગી બનીએ.... એમને મળીએ....*

## જીજ્ઞાબેન હિતેનભાઈ બીજલાણી - રાયપુર

*નામ* : જીજ્ઞા હિતેનભાઈ બીજલાણી (રાયપુર)

*દીકરીઓના નામ* : વંશિકા, ટ્વિંકલ

*સાસુ-સસરા* : ધનલક્ષ્મીબેન ભાઈલાલભાઈ બીજલાણી

*માતા-પિતા* : ભારતીબેન પ્રદીપભાઈ સાકરીયા

*ભાષા* : ગુજરાતી, હિંદી

*વ્યવસાય* : ફરસાણ.

***પ્રશ્ન** : કેમ છો જીજ્ઞાબેન? જય શ્રીકૃષ્ણ. તમને ખબર છે આ ઈન્ટરવ્યુ શેના માટે લેવાય છે?*

***જવાબ** :* જય શ્રીકૃષ્ણ, લતાબેન. હા મને ખબર છે ''જ્ઞાતિસેતુ''માં આપવા માટે. જેથી બધી મહિલાઓ પોતાની કલાને જાગૃત કરી શકે.

***પ્રશ્ન** : તમે શેનો વ્યવસાય કરો છો અને કેટલા સમયથી કરો છો?*

***જવાબ** :* હું ચકરી બનાવવાનો વ્યવસાય કરૂં છું અને નાસ્તાનો ઓર્ડર પણ લઉં છું. જેમ કે થેપલા, કેળા વેફર વગેરે. આ વ્યવસાય હું ૧૦-૧૨ વર્ષથી કરૂં છું.

***પ્રશ્ન** : તમે ઘરના જ ઓર્ડર લો છો કે બજારમાં પણ ઓર્ડર લો છો?*

***જવાબ** :* હા. અમે ઘરના ઓર્ડર લઈએ છીએ અને રીટેઈલ હોલસેલમાં પણ કરીએ છીએ.

***પ્રશ્ન** : તમે રાયપુરની કઈ પ્રખ્યાત દુકાનોમાં માલ આપો છો?*

***જવાબ** :* અમે રાયપુરની ભાનજીભાઈ ગુજરાતી, નૈવેદ્ય વગેરે જેવી પ્રસિદ્ધ દુકાનો અને આજુબાજુના ગામમાં પણ આપીએ છીએ.



***પ્રશ્ન** : તમને શરૂઆતમાં આ કામમાં શું તકલીફ આવી?*

***જવાબ** :* શરૂઆતમાં અમે ઘરના ગેસમાં જ કામ કરતા, તો બહુ ટાઈમ લાગતો. લોટ પણ હાથથી



*જીજ્ઞાબેનના પતિ હિતેનભાઈ*

બાંધતા. પછી મારા પતિએ ધીરે ધીરે બધા મશીન લીધા. હવે તો કામ સરળ થઈ ગયું છે.

**પ્રશ્ન : *તમે રોજ કેટલો માલ બનાવો છો?***

**જવાબ :** શરૂઆતમાં હું એકલી ૨ થી ૫ કિલો જ માલ બનાવતી. પછી મારા પરિવારની મદદથી હવે અમે રોજ ૪૦થી ૫૦ કિલોનો માલ બનાવી શકીએ છીએ.

**પ્રશ્ન : *તમે સવારે કેટલા વાગે કામમાં આવો છો?***

**જવાબ :** હું સવારે ૬ વાગે ઉઠી અને ઘરનું બધું કામકાજ, ટિફીન વગેરે બનાવી ૮.૩૦ સુધીમાં કામ ઉપર આવી જાઉં છું. નાની બેબી પણ સર્વિસ ઉપર જાય છે. એનું ટિફીન બનાવી, બધું કામકાજ પૂરૂં કરી કામ ઉપર પહોંચી જઈએ.

**પ્રશ્ન : *તમે ચકરી કઈ રીતે બનાવો છો? કોઈ બહેનને ઘરે બનાવવી હોય તો તમારી રેસીપી જણાવો.***

**જવાબ :** અમે મેંદા અને મગની દાળની ચકરી બનાવીએ છીએ. સૌપ્રથમ મેંદા અને મગની દાળને વરાળમાં બાફ્યા બાદ લોટને વણી, એમાં સ્વાદ અનુસાર મીઠું, મરચું, તેલ અને તેલનું મોણ નાખો. લોટ બાંધી ચકરી બનાવી, તળી લેવાની.

**પ્રશ્ન : *આ ચકલી – મેંદા અને મગની દાળનો ઉપયોગ કરવાથી તમારી રેસીપી હેલ્ધી કેમ કહેવાય?***

**જવાબ :** આ રેસીપીમાં હેલ્થના રેસા ઓછા છે પણ સ્વાદની લિજ્જતના લીધે બધાને બહુ સારી લાગે છે. એટલે વાર તહેવારે ઘરના પ્રસંગે કે પછી મહેમાન આવી જાય તો આને બધા પસંદ કરે છે. એટલે ચકરીનું વેચાણ સારૂં થાય છે અને એમાં મગની દાળ નાખવાથી હેલ્ધી પણ કહેવાય છે.

**પ્રશ્ન : *તમને આ કામની પ્રેરણા ક્યાંથી મળી?***

**જવાબ :** અમારા પડોશમાં એક બહેન ચકરી બનાવવાનું કામ કરતા હતા અને મને પણ આ કામ કરવાનું કીધું અને ઘરબેઠા પોતાનો વ્યવસાય કરી શકો છો. તો એમના માર્ગદર્શનથી મેં કામ ચાલુ કર્યું, ને એમાં સફળ થઇ.

**પ્રશ્ન : *તમે આ કામની શરૂઆત એકલા હાથે કરી કે પરિવારની મદદ હતી?***

**જવાબ :** શરૂઆતમાં મને કોઇનો સપોર્ટ નહોતો. પછી ધીરે ધીરે કામ વધવા લાગ્યું તો મારા પતિ પણ આમાં મને હેલ્પ કરાવતા થયા. મારો પરિવારે પણ મને આમાં સાથ આપ્યો અને વ્યવસાયીક રૂપમાં અપનાવ્યો.

**પ્રશ્ન : *આ કામને વિસ્તારવામાં તમને કેટલા વર્ષ લાગ્યા અને ભવિષ્યમાં હજી એને કેટલી ઊંચાઈ સુધી લઈ જવાનો વિચાર છે?***

**જવાબ :** અમે આ કામને ૪થી ૫ વર્ષમાં જ વિસ્તારી લીધું. અમે આ કામમાંથી જ મારી મોટી દીકરીના લગ્ન કર્યા અને મકાન પણ લીધું અને હજી આને મોટા ઉદ્યોગનું રૂપ આપવાનું અમારૂં સપનું છે. એના માટે હું અને મારા પતિ સતત પરિશ્રમ કરી રહ્યા છીએ.

**પ્રશ્ન : *તમને ક્યાંય પ્રસંગમાં કે કુટુંબમાં કોઈ પ્રસંગમાં જવું હોય તો કામનો સમય કેવી રીતે મેનેજ કરો છો?***

**જવાબ :** જ્યારે અમને પ્રસંગમાં જવાનું હોય તો અમે સવારે વહેલા ઉઠીને કામ પતાવી લઈએ અને ઘરનો પ્રસંગ હોય તો કામમાં રજા પણ રાખી દઈએ.

**પ્રશ્ન : *તમને ખૂબ ખૂબ અભિનંદન અને તમારા પરિવારને પણ અભિનંદન, જેમણે તમારૂં આ કામ સ્વિકારી, તેમાં તમને મદદ કરી અને તમે આમાં આગળ વધી રહ્યા છો.***

**જવાબ :** થેંક યુ. થેંક યુ વેરી મચ. તમને પણ ખૂબ ખૂબ અભિનંદન. ઘરમાં કામ કરતી બધી મહિલાઓને આગળ વધવાનું પ્રોત્સાહન આપો છો.

**પ્રશ્ન : *તમે આ કામમાં સૌથી વધારે કોનો આભાર માનો છો?***

**જવાબ :** આમાં હું સૌથી વધારે આભાર મારા પતિનો માનું છું. પછી મારા પરિવારનો પણ ખૂબ આભાર માનું છું, જેમણે મને ખૂબ સાથ આપ્યો છે. મારી બે દીકરીઓએ પણ મને ખૂબ સાથ આપ્યો અને અમારા ગ્રાહકોનો પણ ખૂબ આભાર માનીએ છીએ, જેમણે અમારા કામમાં સાથ આપ્યો, અમારો માલ પસંદ કર્યો. અને હું લતાબેન, તમારો પણ ખૂબ આભાર માનું છું, જેમણે મારો ઇન્ટરવ્યુ લીધો. થેંક યુ.

**પ્રશ્ન : *તમે બીજી બહેનોને શું સંદેશ આપવા માંગો છો?***

**જવાબ :** બધી બહેનોમાં કંઈક ને કંઈક કળા હોય જ છે. જેમકે મારામાં ફરસાણની આઈટમ બનાવવાની કળા છે તેમ દરેક વ્યક્તિમાં કાંઈક કળા હોય જ છે. તો બહેનોને વિનંતી કરીશ કે તે પોતાની કળાને બહાર લાવે અને પોતાના કાર્યને સફળ બનાવે.

# હું ન હોત તો.....?

પ્રા. જીનલ જીગર પરમાર

(કુબડી મંથરા હાસ્ય કરતી પ્રવેશે છે...)

ઓળખી મને? ના ઓળખી? અરે, ઓળખવાનો જરા પ્રયત્ન તો કરો? હં... થોડો પ્રયત્ન કરો. ચાલો, હું પણ કહી દઉં થોડું મારા વિશે.

રામને વનવાસ થયો મારા કારણે...

કૈકેયીને કાન ભંભેરણી કરીને, એક પરિવારને તોડ્યો...

ભાઈઓ ભાઈઓને અલગ કર્યા...

રાજા દશરથનો જીવ ગયો...

ઉર્મિલાને વિરહવાસ ભોગવવો પડ્યો...

હા, બધું મારા કારણે જ...

ઓળખીને હવે? તો ચાલો, આગળ વધીએ.

આજે પણ જોડવાને બદલે તોડવાનું કામ કોઈ કરે તો તમે એને 'મંથરા' કહીને સંબોધો છો. વાહ, સારું... તમે આજ સુધી મને આ રીતે જીવતી તો રાખી છે.

ચાલો, માની લઉં કે રામને વનવાસ મારા લીધે થયો. પણ, તમારામાંથી કોઈએ એવું વિચાર્યું કે રામને વનવાસ ન થયો હોત તો...? તો શું થાત? શું થાત તો???

વિચારો... વિચારો... તમે સૌ તો વિચારશીલ છો... તો વિચારો... આમ તો વાતવાતમાં બોલતા હો છો કે જે થાય તે સારા માટે... તો વિચારો...

ક્ષણવાર માટે તો વિચારો, કે રામ વનમાં ન ગયા હોત તો? તો... તો... પેલો દુષ્ટ રાવણ આજે પણ જીવતો હોત. કેમકે આજીવન અમર રહેવાનું વરદાન હતું ને એને? રામ વનમાં ન ગયા હોત તો સદા અજિત એવા, ખર અને દુષણ ત્રિશિરા જેવા રાક્ષસોનો વધ કોણ કરત...? વન આખામાં આતંક ફેલાવનારા રાક્ષસોનો અંત કેવી રીતે આવત?

અરે અનેક જીવોને ફફડાવનારા અતિ પરાક્રમી એવા કુંભકર્ણનો વધ, તાડકાનો વધ કરીને વનના ઋષિ મુનિઓ, તપસ્વીઓને રામ સિવાય નિર્ભય કોણ કરી શકત?

(અભિમાનપૂર્વક) હા, મારા કારણે જ તો, આ કારણે જ તો રામનું દંડકારણ્ય અભયારણ્યમાં પરિણમ્યું. કેવળ રાક્ષસોનો વધ નહીં, પણ રામ વનમાં ન ગયા હોત તો વર્ષોથી રાહ જોતાં શબરી અને વિભીષણની પ્રતિક્ષાનો અંત પણ ક્યારેય ન આવ્યો હોત અને રામની પ્રતીક્ષામાં જ બંનેનું જીવન વીતી ગયું હોત. રામના દર્શનની અભિલાષા તો કોને ન હતી? પેલો જટાયુ... પેલો જામવંત... અરે નાની એવી પેલી નાની ખિસકોલી... સૌ કોઈ રામના સ્પર્શથી, રામના દર્શનથી પરિતૃપ્ત થયા... મારા કારણે... હા, આ મંથરાના કારણે જ.

હવે તો મને બરાબર ઓળખીને તમે?

હવે લાગે છે ને તમને કે મેં બરાબર કર્યું. તમે જ કહો!

(પોતે જ પોતાની પીઠ થાબડે છે) "વાહ મંથરા, વાહ... ભારે ભાગ્યશાળી તું તો... ભગવાન રામ જેવા રામના કાર્યમાં નિમિત્ત બની. વાહ, મંથરા વાહ..."

મને આ જ રીતે યાદ રાખજો તમે... કે રામના વનવાસનું કારણ હું હતી, નિમિત્ત હું હતી... પણ હા, નિયમતિ તો હું ન જ હતી.

ભૂલશો નહીં આ મંથરાને...


યાદ રાખજો આ મંથરાને...

હા, યાદ રાખજો... ભૂલતા નહીં...

(એમ બોલતાં બોલતાં, એ જ હાસ્ય કરતાં કરતાં એક્ઝીટ)

## જ્ઞાતિ ગૌરવ

### નખત્રાણાના જય સોનીએ ચિત્ર સ્પર્ધામાં જીલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવ્યો



મૂળ નખત્રાણા તાલુકાના નાગવીરી ગામના અને હાલે નખત્રાણાના મહેશભાઈ સોની, જે નાનપણથી મંદિરોમાં કલર કામ તેમજ પેઈન્ટિંગ વ્યવસાય સાથે જોડાયેલા છે. તેમનો પુત્ર જય સોની પણ નાનપણથી પેઈન્ટિંગ કામમાં રસ ધરાવે છે. જેવો ફોટો હોય, એવો જ આબેહૂબ ફોટો બનાવવાની કળા ધરાવે છે.

પોતાના પિતા ચિત્રકાર હોવાથી અને નાનપણથી શોખ હોવાથી જય સોનીએ અનેક ઍવોર્ડ મેળવીને સમાજ તેમજ પરિવારનું નામ રોશન કર્યું છે.

તાજેતરમાં ૩જી સપ્ટેમ્બરના તાલુકા કક્ષાએ ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં જય સોનીએ પ્રથમ સ્થાન મેળવી જીલ્લા કક્ષાએ ચિત્ર સ્પર્ધામાં જવા માટે સ્થાન મેળવ્યું હતું. ત્યારબાદ ર૬મી સપ્ટેમ્બરના રોજ જીલ્લા કક્ષાની ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. આમ રાજ્ય યુવા બોર્ડ દ્વારા યોજવામાં આવેલ જીલ્લા યુવા મહોત્સવમાં ચિત્ર હરીફાઈમાં જય સોનીએ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો.

આ અગાઉ જય સોનીએ રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ ચિત્રો દોરી સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવીને ઍવોર્ડ મેળવ્યા છે.

# ૪૦ વર્ષ પહેલાંની એક રસપ્રદ પ્રવાસ નોંધ

**પ્રેષક : રૂમા કંસારા - દિલ્હી**

*મારા પૂજ્ય પિતાશ્રી સ્વ. કાંતિલાલ લખમશી પોમલ (રાયપુર - છત્તીસગઢ)ની ઈ.સ. ૧૯૮૧ની ડાયરીમાં પ્રસ્તુત પ્રવાસ નોંધ.*

*– રૂમા કંસારા*

(ગતાંકથી ચાલુ)

આશ્રમની સુંદર ધર્મશાળામાં આશરો મળ્યો. ફક્ત ૧૦૦/- રૂા.માં બધી જાતની સુંદર વ્યવસ્થા હતી. પાસે જ સરસ કેન્ટીન હતી. એમાં પણ એ જ દક્ષિણ ભારતનું ભોજન તથા નાસ્તો હતા. જતાવેંત થોડીવાર તો બધા આરામથી સૂતા. સૌ થાકી ગયા હતા. સારા એવા કંટાળી ગયા હતા.

જેમ ગુજરાતમાં માઉન્ટ આબુ ઉપર 'સન સેટ' પોઈન્ટ વખણાય છે, તેમ કન્યાકુમારીમાં 'સૂર્યોદય' વખણાય છે. સાગરની લહેરોમાં સાગરની દૂર ક્ષિતિજ ઉપર જ્યારે સૂર્યદેવ ઉદયમાન થાય છે ત્યારે તેના પ્રકાશના કિરણો ચારેકોર વિધવિધ રંગોમાં ફેલાઈ જાય છે. ત્યારનું મનોરમ રંગબેરંગી પ્રકાશના કિરણો પૂરી ક્ષિતિજમાં અને સાગર પર એવા ફેલાઈ જાય છે કે જોનાર મંત્રમુગ્ધ બની જાય છે. એ સુંદરતા ખરેખર અવર્ણનીય હોય છે. પરંતુ અમારૂં ભાગ્ય કમજોર હતું. થાકના વિચાર વગર, ઊંઘના દુઃખની પરવા કર્યા વગર, એ સુખ માણવા સૌ સાગર તરફ ભાગ્યા. પણ અમારા સૌની એ મહેનત વિફળ ગઈ. વરસાદના ઘેરાયેલા એ શામળ વાદળોએ અમારા એ મનોરથ પૂરા થવા ન દીધા અને સૂર્યોદયના દર્શન ન થઈ શક્યા – જેની ઝંખના અમે રાયપુરથી કરતા આવ્યા હતા.

કૃષ્ણ ભગવાનને ચાહનારી જેમ ઘણી ગોપીઓ હતી, તેમજ શ્રી શંકરદેવ સાથે લગ્નના મનોરથ સેવનાર પણ બીજી કુમારિકાઓ હતી, જેમાંની એક હતી 'કન્યાકુમારી.' તેના મનોરથો શંકર ભગવાન સાથે પરણવાના હતા પરંતુ તેની આશા ફળીભુત ન થઈ, એ દેવીના અમે દર્શન કર્યા. યાત્રાની ભાવનાથી નીકળ્યા હોઈએ ત્યારે મન બધું સહર્ષ અને પ્રેમથી ત્યાંના નિયમોને અપનાવી લે છે. અમે પણ અપનાવી લીધું અને દર્શન કરવા લાઇનમાં જોડાઈ ગયા. સારી એવી ભીડ રહે છે. લાંબી એવી કતાર રહે છે. જ્યારે એ દેવીના દર્શન કર્યા ત્યારે મન બે ઘડી કલ્પનામાં ડૂબીગયું. શું એ વખત કેવું શ્રી શંકર ભગવાનનું રૂપ હશે. કેવા એમના ગુણ હશે, જેના પ્રત્યે આટલી સુંદર મહાન દેવી મોહી પડ્યા! એટલું જ નહીં, શંભુની પત્ની બનવાનું સદ્ભાગ્ય ન મળવાથી જીવન આખું એ કુંવારા રહ્યા, એ કંઈ મામૂલી તપસ્યા કહેવાય? સુંદર શણગાર અને સુંદર વસ્ત્રોમાં તે મૂર્તિ શોભતી હતી. સૌથી વિશેષ સુંદર તેના નાકમાં પહેરેલ કિંમતી હીરાને લઈને તેમનું રૂપ દીપી ઉઠતું હતું. અનેક વિચારોથી ઘેરાયેલો હું જ્યારે બહાર આવ્યો ત્યારે દૂર સાગર



**વિવેકાનંદ રોક - કન્યાકુમારી**

ઘુઘવતો હતો. વચ્ચે એક મોટી શિલા ઉપર "વિવેકાનંદ"નું સ્મારક નજરે ચડ્યું. વિચારધારા કન્યાકુમારીથી હટીને વિવેકાનંદ તરફ વળી. જેમ પહાડ સમુદ્રના તોફાનોમાં અવિચળ હતો, આંધી તોફાનોમાં મક્કમ હતો, તેવું જ વિવેકાનંદજીનું જીવન સંઘર્ષપૂર્ણ હતું. વિચારોના અને સ્વભાવના તે મક્કમ હતા. દેશ અને વિદેશમાં તે ચમકી ઉઠ્યા હતા. તેવું જ તેમનું પ્રભાવશાળી જીવન - ઉચ્ચ વિચારો અને મર્દાનગીભર્યું તેમનું રૂપ દરેક જગ્યાએ પ્રભાવશાળી બન્યું હતું. તેથી ઈશ્વરની લાઈનમાં – ઈશ્વરની સરખામણીમાં, ઈશ્વરના સાનિધ્યમાં, તેમનું સ્મારક ૧૯૭૦માં અહીં બનાવ્યું હતું, જે આજે બધે એમના ગુણ ગવાય છે.

અમે સૌ સાંજના ત્યાં ગયા. ૨ રૂા./-ની લોન્ચની ટિકીટ અને ૬૦ પૈસા ડોનેશનના ત્યાં લાગે છે. પહાડ ઉપર સુંદર મંદિર અને આશ્રમ – સાથે નાની એવી લાઈબ્રેરી જેમનું તેમનું સાહિત્યની અનેક કૃતિ રાખવામાં આવી છે. વિવેકાનંદે અનેક વિષયો ઉપર ખૂબ જ લખ્યું છે. એ સાહિત્ય ઉપર નજર નાખીએ ત્યારે સમજાય કે એ કેટલા વિદ્વાન હતા. ઉછાળા મારતો સાગર, એની વચ્ચે નાની એવી ટેકરી ઉપર બે ઘડી આપણે મૂક બની જઈએ છીએ. જે કોઈ ક્રોધિત વ્યક્તિની સામે રડતું બાળક ચૂપ થઇ જાય. આ ટેકરી – જેના ઉપર દેવ અને સંતનો વાસ છે, તે આપણને પ્રેરણા આપતા હોય તેમ આભાર થાય છે કે મનુષ્યે જીવનના સંઘર્ષમાં આ ટેકરીની જેમ અવિચળ અને મક્કમ રહેવું જોઈએ. સમુદ્રના તોફાનો જેવા જીવનનાં તોફાનોનો સામનો કરીને માનવીએ પોતાના મનને મજબૂત બનાવવું જોઈએ. થોડો સમય, સુખ-શાંતિ અને પ્રેમનું પાન કરી અમે પાછા ફર્યા. હરેક યાત્રાના ધામમાં મંદિરની બહાર દુકાનોનો ઝળકાટ લાગેલો હોય છે. તેમાં કન્યાકુમારીમાં સાગરને કાંઠે લાગેલ અનેક દુકાન - બજાર ખૂબ જ સુંદર છે. દેશ અને વિદેશની અનેક વસ્તુઓથી પરિપૂર્ણ અહીંના બજારમાં ખરીદવાનું મન થઇ આવે. અમારામાંના ઘણાએ પોતાના બજેટ મુજબ ખરીદી કરી. અમે સૌ પાછા ફર્યા. સાંજે ખીચડી ખાઈ 'મદુરાઈ' જવા રવાના થઈ ગયા.

*(ક્રમશઃ)*

# રંગોળીની થોડી વાતો...

**જીનલ જીગર પરમાર**



રંગોળીનું એક નામ 'અલ્પના' પણ છે. મોંહે-જો-દડો અને હડપ્પામાં પણ 'અલ્પના'ના ચિહ્નો જોવા મળે છે. 'અલ્પના' વાત્સ્યાયનના કામસૂત્રમાં વર્ણિત ચોંસઠ કળાઓમાંની એક છે. 'અલ્પના' શબ્દ સંસ્કૃતના 'ઓલંપેન' શબ્દ પરથી આવ્યો છે. 'ઓલંપેન'નો અર્થ છે 'લેપ કરવો.' પ્રાચીન કાળમાં લોકોનો વિશ્વાસ હતો કે કલાત્મક ચિત્ર શહેર અને ગામને ધન-ધાન્યથી પરિપૂર્ણ રાખવામાં સમર્થ હોય છે અને પોતાના જાદુઈ પ્રભાવથી સંપત્તિને સુરક્ષિત રાખે છે. આ કારણે લોકો રંગોળીને મહત્ત્વ આપે છે.

*આપણે લોકો દિવાળીના દિવસોમાં રંગોળી કરીએ છીએ કેમકે –*

૧. ભગવાન રામ જ્યારે રાવણને મારીને અયોધ્યા નગરી પરત ફર્યા હતા ત્યારે નગરવાસીઓએ અયોધ્યાને સાફ કરી રાત્રે દીપ પ્રજ્વલિત કર્યા હતા. તે દિવસથી આજ સુધી આ પરંપરા ઘરે ઘરમાં ચાલી આવે છે. કારતક માસની અમાસની રાત્રે દીપ પ્રાગટ્ય કરી ઘોર અંધકારને દૂર કરવામાં આવે છે અને પોતાના ઘર આંગણે લોકો રંગોળી કરે છે.

૨. જ્યારે દેવતાઓ અને રાક્ષસોએ સમુદ્ર મંથન કર્યું ત્યારે આજના દિવસે દેવી લક્ષ્મી ક્ષીર સાગરમાંથી બ્રહ્માંડમાં અવતરીત થઈ હતી. ત્યારથી માતા લક્ષ્મીના જન્મ દિવસ તરીકે આ દિવસે દિવાળી ઉજવાય છે અને લક્ષ્મીપૂજન થાય છે.

૩. દિવાળીના એક દિવસ અગાઉ નરક ચતુર્દશી ઉજવાય છે કારણકે ભગવાન શ્રીકૃષ્ણએ આ દિવસે નરકાસુરનો વધ કર્યો હતો. નરકાસુર એક પાપી રાજા હતા. તેણે પોતાની શક્તિથી દેવતાો પર અત્યાચાર કર્યો અને અધર્મ ફેલાવ્યો હતો. તેણે સોળ હજાર કન્યાઓને બંદી બનાવી હતી. નરક ચતુર્દશીના દિવસે શ્રીકૃષ્ણએ નરકાસુરનો વધ કરી તમામ કન્યાઓને મુક્ત કરી હતી. ત્યાર પછી અધર્મ પર ધર્મના વિજયની ઉજવણી દિવાળી તરીકે કરવામાં આવે છે.

આ તો છે દિવાળી શા માટે ઉજવાય છે તેનો ઈતિહાસ. આજે પણ આપણે એવું માનીએ છીએ કે ભગવાન રામ આ દિવસે આવે છે અને તેથી તો આપણે આપણા ઉંબરે રામના પગલાંની છાપ કરીએ છીએ. જો ખરેખર જૂની ભૂલો ભૂલીને આપણે આ દિવસે નવી શરૂઆત કરી શકીએ તો ખરેખર 'રામ' આપણા ઘરે આવ્યા કહેવાય.

દિવાળી, ફટાકડા, દીવા, રંગોળી આ બધું આપણને સૌને આકર્ષે છે. આપણું જીવન પણ આમ જોઈએ તો રંગોથી ભરપૂર છે. બાળપણ, યુવાની, વૃદ્ધાવસ્થા જેવા અનેક રંગો ઈશ્વર ભરે છે. એ રીતે જોઈએ તો આપણું જીવન પણ ઈશ્વરે દોરેલી રંગોળી છે.

આ સાથે મેં કરેલી રંગોળી આ સાથે મૂકું છું.

## સ્વામિ વિવેકાનંદના પ્રેરણાદાયક વિચારો : (૩)



**જેમીની કલ્પેશકુમાર સોની**
**મમાયમોરા (માંડવી)**

નમસ્તે. અહીં હું ભારતના પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા પુરુષ – સ્વામી વિવેકાનંદ, જેઓ 'અમેરિકાના ભાઈઓ તથા બહેનો' સંબોધન સાથેના તેમના પ્રવચનથી વધુ જાણીતા બન્યા છે, તેમના પ્રેરણાદાયક વિચારોનો ભાગ-૩ રજૂ કરૂં છું.

★ જો તમે તમારી જાતને દુર્બળ માનસો તો તમે દુર્બળ બનશો; જો તમે પોતાને સબળ માનશો તો તમે સબળ બનશો.

★ જે કાંઈ શક્તિ અને સહાય તમારે જોઈએ તે તમારી પોતાની અંદર જ છે. માટે તમારૂં ભાવિ તમે પોતે જ ઘડો.

★ મનુષ્ય - મનુષ્ય વચ્ચે ભેદ પાડનાર આ તેની શ્રદ્ધાનો તફાવત છે, બીજું કંઈ નહીં. આ શ્રદ્ધા એક માણસને મહાન અને બીજાને નબળો તથા નીચો બનાવે છે.

★ ઈચ્છાશક્તિ દ્વારા જ સઘળું કાર્ય સિધ્ધ થઇ શકે છે.

★ દરેકના જીવનમાં સમાધાનવૃત્તિ હોવી જ જોઈએ. આ સનાતન પાઠને શીખી લઇને તેનું પાલન કરશે તો લોકો અત્યંત સુખી જીવન ઘડી શકશે.

★ ભવિષ્યમાં શું થવાનું છે તેની જ જે ગણતરી કર્યા કરે તે કદી કશું સિધ્ધ કરી શકતો નથી. તમે જે સાચું અને શુભ માન્યું હોય, તે તુરંત જ કરવા લાગો.

★ જે કેળવણી જીવનના સંઘર્ષ સામે ઝઝુમવાની તાકાત આપતી નથી, જે ચારિત્ર્યબળને ખીલવતી નથી, જે પરોપકાર કરવાની ઉદારતા અને સિંહ સમાન હિંમત આપતી નથી, તે શું કેળવણીના નામને લાયક છે? સાચી કેળવણી તો તે છે કે જે માનવીને પોતાના પગ ઉપર ઊભો રહેતા શીખવે છે.

# પ્રો. ડૉ. મહેન્દ્ર છત્રારા

*'સેતુ' પરિવાર માટે એ હર્ષની વાત રહી છે કે, એને સદૈવ આપણા સમાજના ઉચ્ચ શિક્ષિત વર્ગનો અણમોલ સહયોગ રહ્યો છે. 'સેતુ'નો કોઈપણ અંક એવો નહીં હોય કે જેમાં એકને એક વિદ્વાનની 'સેતુ' પરિવારમાં સામેલ થવાની જાણ નહીં હોય! આપણો પ્રત્યેક અંક વિદ્વાનોના વિચારોથી સમૃધ્ધ હોય છે અને અવશ્ય રહેશે, તેવો અમને વિશ્વાસ છે. આ અંક માટે આપણે એક 'ઉચ્ચ કેળવણીકાર' અને સિધ્ધહસ્ત લેખકનો પરિચય મેળવ્યો છે. તેઓશ્રીના છેલ્લા ગ્રંથ 'ગંગોત્રીથી ગંગાસાગર'નું વિમોચન આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વરદ્ હસ્તે થયું છે. તેઓશ્રીએ 'સેતુ'ને સમૃધ્ધ કરવા પોતાનું યોગદાન આપવાનો નિર્ધાર કર્યો છે. તો આવો, આપણે રાજકોટના પ્રો. મહેન્દ્રભાઈ છત્રારાનું હાર્દિક સ્વાગત કરીએ અને એમનો શાબ્દિક સંપર્ક, એમના પ્રકાશિત પુસ્તકોના કેટલાક અંશ દ્વારા કરીએ.*

*– હંસરાજ કંસારા*

## પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા



પ્રો. ડૉ. મહેન્દ્ર છત્રારા

*જન્મ તારીખ* : ૯-૫-૧૯૪૬

*જન્મભૂમિ અને કર્મભૂમિ* : જામજોધપુર (જી. જામનગર)

*અભ્યાસ* : પ્રાથમિક હાઈસ્કુલ શિક્ષણ - જામજોધપુર.
બી.એ. - ઉપલેટા મ્યુનિ. આર્ટસ કોમર્સ કોલેજ (૧૯૬૫થી ૬૯)
એમ.એ. - બદરૂદ્દીન કોલેજ - જુનાગઢ (૧૯૭૧-૭૨)
એલ.એલ.બી. - લૉ કોલેજ - જુનાગઢ (૧૯૭૧-૭૨)
પીએચ.ડી. - ૧૯૯૪. માર્ગદર્શક : પ્રો. ડો. એ.એમ. રાણિંગાસાહેબ
(વિષય : નવલકથાકાર 'દર્શક' - સમીક્ષાત્મક અધ્યયન)
અધ્યાપક તરીકે સેવા — માતુશ્રી અમૃતબા વાલજીભાઈ દામજીભાઈ સવજાણી આર્ટસ-કોમર્સ કોલેજ - જામજોધપુર (૧૯૭૨થી ૨૦૦૮) (૩૬ વર્ષ)

*પરિવાર* : જીવનસંગિની - હંસાબેન.

*સંતાનો* : તુષારભાઈ, શીલાબેન, સુધીરભાઈ

*અન્ય* : ગીતામંદિર - બાલસંસ્કાર કેન્દ્ર, સાહિત્યવર્તુળ, ગાંધી વિચાર મંડળ, લાયન્સ ક્લબ, જેસીઝ, હોમગાર્ડઝ, એન.સી.સી., લોક અદાલત, આકાશવાણી - રાજકોટ વગેરે સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા. કોલેજ ઉપરાંત અન્ય સંસ્થાઓ દ્વારા યોજાતી વક્તૃત્વ-નિબંધ-રાસગરબા-નાટક-સંગીતની સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે સેવા. કોલેજના સાંસ્કૃતિક વિભાગના વડા તરીકે વિવિધ કાર્યક્રમોના સંચાલક, સંયોજક, સંકલનકર્તા, વિવિધ ગુજરાતી સામયિકોમાં લેખો-કાવ્યોનું પ્રકાશન. અત્યાર સુધીમાં પંદર ગ્રંથોનું પ્રકાશન. વિદ્યાર્થીપ્રિય અધ્યાપક.

## પ્રા. મહેન્દ્રભાઈનો પ્રોત્સાહક સંદેશ

*'જ્ઞાતિસેતુ'નો સંપર્ક ડૉ. શૈલેષકુમાર બારમેડા સાહેબ દ્વારા થયો તે મારૂં સદ્ભાગ્ય છે.*

*દરેક જ્ઞાતિનો એક વિચારમંચ હોય, તે સાંપ્રત સમયમાં અનિવાર્ય રીતે આવશ્યક છે.*

*'જ્ઞાતિસેતુ' દીવાદાંડીનું કાર્ય કરી રહેલ છે. તેની પાર્શ્વભૂમાં ઉત્સાહ-ઉલ્લાસ-ઉમંગના ત્રિવેણી સંગમ સમા તેના વ્યવસ્થાપકો છે. જ્ઞાતિને ઉપયોગી માહિતી, સ્વચ્છ અને સુંદર મુદ્રણ, નિયમિતતા – એ આ સામયિકના ગુણ લક્ષણો છે.*

*આયોજકો જ્યારે આદેશ આપશે ત્યારે મારા લખાણો મોકલતા મને આનંદ થશે.*

*'જ્ઞાતિસેતુ'ના સર્વાંગી વિકાસ માટે અંતરની આનંદભીની અપરંપાર શુભકામનાઓ.*

*– પ્રો. મહેન્દ્ર છત્રારા*

## અને ઊછળ્યો ઉદધિ આનંદનો!

સંયુક્ત કુટુંબનું ઘેઘૂર વૃક્ષ. પંખીઓ જેવાં અતિથિઓ પણ આનંદ કરે. વૃક્ષના મૂળમાં કલહની ઊધઈ પેઠી. મન મીઠાં છે ત્યાં જુદાં થઇ જવું હિતાવહ લાગ્યું. માતા-પિતા હતાશ... મિલ્કતની વહેંચણી થઈ ગઈ. વધ્યા મા-બાપ! બંને ભાઇઓનો હઠાગ્રહ : ''બા-બાપુજી તો અમારી સાથે જ રહેશે!'' મા-બાપની આંખમાં ચમકભરી ભીનાશ આવી. સૌ મૂંઝાયા... મધ્યસ્થીઓએ તોડ કાઢ્યો : ''મા-બાપ વારાફરતી બંનેની સાથે રહે!'' ભાઈઓ મા-બાપ પોતાની સાથે જ રહે તેવી માંગણીમાંથી ટસના મસ ન થયા... અને આશ્ચર્ય! કુટુંબ વિભાજન ટળ્યું. ભાઇઓ ભાવથી ભેટ્યા. મા-બાપ હરખે રડી પડ્યાં અને કલહની ઊધઈ મરી ગઈ!

*''ઝળહળ ઝાકળ''માંથી*

## જ્યોતિ-કલશ છલકે

કાજળઘેરી રાત્રિએ ચોસલાં પાડી શકાય તેવું ઘટ્ટ અંધારું જામ્યું હોય, ઝમઝમ માઝમરાત નીરવ સરકતી હોય, સર્વત્ર સ્તબ્ધતા અને મૌનનો મહિમા હોય અને પછીની પળોમાં પૂર્વાકાશે આછો ઉજાસ જણાય પછી લાલાશ પ્રગટે અને સોનેરી રસ ઢોળાય, ત્યાં તો પક્ષીઓનાં સ્વાગત-ગીતો શરૂ થાય, પ્રભાતી વાયુ લહેરાય, સૂર્યનારાયણના આગમનને સમસ્ત પ્રકૃતિ સહર્ષ આવકારે, સમગ્ર ચૈતન્ય આનંદ ઓવારણા લે... એ પુલકિત પ્રસન્ન પળોનો પ્રસાદ મુદિત મનથી ઝીલ્યો છે? – તો આપ પરમ ભાગ્યવાન!

*''ઝગમગ દીપક''માંથી*

## સત્યમ્...

માત્ર પૃથ્વી પર જ નહીં, સમગ્ર બ્રહ્માંડમાં એક અફર નિયમ પ્રવર્તી રહ્યો છે, તે સત્યનો! ગાંધીજીના આત્માના તેજ સમાન શબ્દો : ''સત્ય એ જ પરમેશ્વર!'' આવા સત્ય ખાતર હરિશ્ચંદ્ર, સોક્રેટિસ, જિસસ, હજરત મોહમ્મદ, ગાંધી જેવા અનેકે આત્મબલિદાન આપ્યા. આજે પણ નાના ગાંધી કે સોક્રેટિસ સત્યોપાસના કરતા હશે ને સમાજની ઉપેક્ષા સહેતા હશે. ઈતિહાસ કબૂલે છે : ''માનવજાતે સત્ય-આરાધકોને જીવતાં પીડ્યા, મૃત્યુ બાદ પૂજ્યાં!'' સત્યને સુવર્ણ - આવરણે ઢાંકવાના પ્રયાસો પણ થયા. વૈશ્વિક સત્તાના પાયામાં રહ્યું છે – અટલ, અફર, શાશ્વત, ચિરંતન સત્ય!

*''ઝગમગ દીપક''માંથી*

## ધરતીનાં ઘરેણાં

દુહો એટલે દસમો વેદ, વીંછીનો ડંખ, સંક્ષેપમાં સાર સમજાવે... એક દુહામાં માનવજાતનો નિચોડ –

*સબળ ક્ષમી, નિર્ગર્વ ધની, કોમલ વિદ્યાવંત,*
*ભૂ ભૂષણ વો તીન હૈં, ઉપજત-ખપત અનંત!*

બળવાન હોય છતાં ક્ષમાશીલ હોય, ધનવાન હોય છતાં ગર્વ ન હોય અને વિદ્યાવાન હોય છતાં કોમળ હોય તે ભૂમિનાં ભૂષણ! બાકી તો જન્મતા ને મરતા અનેક! (આનાથી ઊંધું હોય તો? બળવાન હોય ને ક્ષમાનો છાંટો ન હોય, ધનનો ઘમંડ હોય, પંડિત કઠોર હોય... એ બધા રાફડામાં રહી ફૂંફાડા મારતા સર્પ?)

*''ઝિલમિલ તારક''માંથી*

## શિવમ્...

સામાન્ય જનમાનસમાં 'શિવ' શબ્દની મુખ્ય અર્થછાયા છે : ''મહાદેવ શંકર!'' તેનો અન્ય અર્થ છે : શુભ, કલ્યાણ!

વિશ્વના પ્રત્યેક જીવના કલ્યાણ અર્થેની ભાવના એટલે શિવંકરી ભાવના. માત્ર પોતાના લાભ માટે આળોટતા લાલિયાઓનો તો જગતમાં તોટો નથી, પરંતુ પશુ-પંખી-વનસ્પતિ – આ સર્વના મંગલ-કલ્યાણ માટે અંતરાત્મા પદ્મ પેઠે ખીલે ત્યારે શુભ્ર વલય પ્રસરે. જીવમાત્રના કલ્યાણ માટેની કરુણાભીની લાગણીનો પવિત્ર નિર્ઝર આત્મ-સરોવરેથી વહે, ત્યારે બુદ્ધ મહાવીરની આંખોમાં ભીનાશ આવે! શિવંકર માનસમાં જ અહિંસા ઝળહળે.

'શિવસ્તે પન્થાનઃ' – આપનો માર્ગ કલ્યાણમય હો!

*''ઝગમગ દીપક''માંથી*

## સંબંધનું વાવેતર


ફૂલ છું કોમળ, લોપ થતાં ભીનાશ કરમાઈ જાઉં છું
સંબંધનું છું વાવેતર, વગર કીધે જ ખર્ચાઇ જાઉં છું.
ન વિચાર છે મસ્તિષ્કમાં કોઈ શું કહેશે;
અઢળક હશે જીવનમાં કે ખાલીપો જ હશે!
ઉરની શેરીમાં એક પંથ રચાયે જાઉં છું,
અજાણતા જ ભીડમાં ચર્ચાઇ જાઉં છું... સંબંધનું૦
હોડ છે અરમાનોની પામવાને આકાશ,
'હું'પણાના દંભમાં મળે છે શૂન્યાવકાશ.
અત્તર છાંટેલા ચીરમાં ચીમડાઇ જાઉં છું
'હું'ને શોધવામાં અહમ થી ઘવાઈ જાઉં છું... સંબંધનું૦
પૂછ ન 'કવન' ઉમ્ર આમાન્યાની તારીજ –
હર ડગલે સમય બસ આપે છે તવારીખ!
તૂટતાં સપનાઓ દર્શ મોતી બની...
આશાની માળામાં ફરી ક્યાંક સંધાઇ જાઉં છું,
છે હર એક સ્વજન મુજનું...
એ અંધકારમાં હે ઇશ! વહેમાઇ જાઉં છું.
સંબંધનું વાવેતર છું
વગર કીધે જ એટલે ખર્ચાઇ જાઉં છું...

*કવિતા કમલેશ સોલંકી ''કવન'' - આદિપુર, કચ્છ*

## ‘જ્ઞાતિસેતુ’ના મુખ્યતંત્રી

# હંસરાજભાઈ કંસારાના વાર્તા સંગ્રહ “કોરી આંખનું કલ્પાંત”નું વર્ચ્યુઅલ વિમોચન

***– અતુલ સોની***



“જીવનભરના સકારાત્મક સંઘર્ષ, તેમાંથી પ્રાપ્ત થયેલા અનેક સારા-નરસા અનુભવો તેમજ નીપજેલા જ્ઞાનના પરિપાક સ્વરૂપે સાહિત્યની ઊંડી અભિરૂચિથી પ્રેરાઇને સર્જન થાય છે ત્યારે સમાજને ઉત્કૃષ્ટ કૃતિ મળે છે” એવું જન્મભૂમિ ગ્રુપ ઓફ ન્યુઝ પેપર્સના મુખ્યતંત્રી અને સી.ઇ.ઓ. કુંદનભાઈ વ્યાસે હંસરાજભાઈ કંસારાના વાર્તાસંગ્રહ ‘કોરી આંખનું કલ્પાંત’ના વર્ચ્યુઅલ વિમોચન પ્રસંગે ડિજિટલી ઉપસ્થિત રહેલા સૌ સાહિત્યના ભાવકોને સંદેશ આપતાં જણાવ્યું હતું.

જીવનભર સરકારી નોકરી કર્યા બાદ પણ અંતરપટમાં રહેલા સર્જકને આજીવન સક્રિય અને પ્રવૃત્ત રાખી ૧૯૬૫થી ૨૦૧૫ – એમ અડધી સદીની જીવનયાત્રા દરમિયાન બનેલી સારી-નરસી ઘટનાઓને કેન્દ્રબિંદુમાં રાખી સર્જકે સર્જેલી વાર્તાઓ સાહિત્યના ભાવકો માટે પ્રેરણાદાયક, દિશાસૂચક અને જીવનનો ખરો મર્મ સમજાવનારી બની રહેશે એમ જણાવી શ્રી કુંદનભાઈએ કંસારા પરિવાર સાથેનો એમનો જૂનો સંબંધ તાજો કર્યો હતો.

તાજેતરમાં દિલ્હી ખાતેથી યોજાયેલા વર્ચ્યુઅલ વિમોચન સમારોહમાં અનેક સાહિત્યકારો, સર્જકો તેમજ સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા અને મનોભાવો રજૂ કર્યા હતા.



કાર્યક્રમના પ્રારંભે દૂરદર્શન કેન્દ્ર અમદાવાદના પ્રસિધ્ધ ન્યુઝ રીડર અને એન્કર ફાલ્ગુની શાહે વિમોચનકર્તા શ્રી કુંદનભાઈ વ્યાસનો પરિચય આપ્યો હતો.

વરિષ્ઠ પત્રકાર કીર્તિભાઈ ખત્રીએ હંસરાજભાઈની બધી વાર્તાઓ સિદ્ધહસ્ત વાર્તાકારની કલમ જેવી જ હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, તમામ વાર્તાઓ ઘટનાપ્રધાન, અનુભૂતિની ચોટથી પ્રગટેલી, ઊંચા સ્તરની અને ટેકનિકથી ભરપૂર છે. ૮૬ વર્ષની ઉંમરે સર્જન પામેલા હંસરાજભાઈના આ વાર્તા સંગ્રહને શ્રી ખત્રીએ **સાહિત્ય જગતની વિરલ ઘટના** ગણાવી, સર્જકની સમગ્ર કારકિર્દીનો પરિચય આપ્યો હતો.

‘કચ્છમિત્ર’ના તંત્રી દીપકભાઈ માંકડે કુલ ૧૪ વાર્તા અને એક રૂપક તેમજ એક એકાંકી એમ કુલ ૧૬ કૃતિથી સમૃદ્ધ થયેલા વાર્તાસંગ્રહને વાંચનક્ષમ, સંવેદનશીલ, ઊંડાણસભર તેમજ ભાવકોને વિચારતા કરી મૂકે તેવો હોવાનો પ્રતિભાવ આપ્યો હતો. ***આ સર્જન ઍવૉર્ડ મળી શકે એ કક્ષાનું હોવાનું એમણે જણાવ્યું હતું.***

પ્રસિદ્ધ કચ્છી ઇતિહાસકાર અને સાહિત્ય સર્જક ઉમિયાશંકરભાઈ અજાણીએ વાર્તાઓ વિશે વિશદ્ અને વિસ્તૃત વિશ્લેષણ કરતાં, સર્જકે આજીવન જનસંપર્ક અધિકારીની ભૂમિકા ભજવી હોવાથી માનવ જીવનને સમીપથી જોયું હોવાનું જણાવી વાર્તા સંગ્રહને સંઘેડા ઉતાર તેમજ હૃદયસ્પર્શી લેખાવ્યો હતો.

સિદ્ધહસ્ત સાહિત્યકાર ડૉ. ધીરેન્દ્ર મહેતાએ લેખન અને વાંચન માટે આ વાર્તાસંગ્રહ મહત્ત્વપૂર્ણ ઘટના હોવાનું જણાવી મૂંગી વેદનાઓને વાચા આપતી કૃતિઓ વાર્તાકલાનો નિષ્કર્ષ હોવાનો પ્રતિભાવ રજૂ કર્યો હતો.



કચ્છશ્રુતિના પૂર્વતંત્રી મીનાક્ષીબેન માંકડે સર્જક શ્રી હંસરાજભાઈનો પરિચય આપ્યો હતો. નિવૃત્ત સેન્ટ્રલ ઇન્ફોર્મેશન સર્વિસ ઓફિસર કલ્પનાબેન પાલખીવાલાએ સંગ્રહની બે વાર્તાના થોડા અંશોનું વાંચન કર્યું હતું.



મૂર્ધન્ય સાહિત્યકાર માધવ રામાનુજ, શિક્ષણવિદ શ્રી હરેશ ધોળકિયા, ડૉ. કાંતિ ગોર, ડૉ. દર્શના ધોળકિયા અને જયંતી જોશી ‘શબાબ’ તેમજ ઇશ્વરભાઈ એચ. દેસાઈ, હેમરાજ શાહ, શંકરભાઈ સચદે, હરીશભાઈ રંગવાલા, ઘનશ્યામ ઠક્કર, મૃદુલાબેન પરમાર, રમીલાબેન મહેતા, અતુલ સોની, પ્રા. સંજય ઠાકર, ભરતભાઈ ઠાકર, વિમલ જેઠા, વર્ષાબેન મહેતા, ગીતાબેન મહેતા, રોહિતભાઈ વોરા, મૃદુલ ધોળકિયા,

સુરેશભાઈ શાહ, પ્રજ્ઞાબેન શુક્લ, અશોકભાઈ મહેતા, રત્નાકરભાઈ ધોળકિયા, રવિ પેથાણી 'તિમિર' વગેરેએ શુભેચ્છા પાઠવી હતી.

આ પુસ્તકની પ્રસ્તાવનામાં મૂર્ધન્ય સાહિત્ય સર્જક ડૉ. હસુભાઈ યાજ્ઞિકે લેખકની સર્જન પ્રક્રિયાનો ચિતાર આપ્યો હતો.



થોડા સમય પૂર્વે કોરોના મહામારીને કારણે સર્જકને અર્ધાંગિની સ્વ. હંસાબેન કંસારાના અકાળે અવસાનના શોકમાં ગરકાવ થયા હોવા છતાં સકારાત્મક સાહિત્ય સર્જન કરવાનું બેનમૂન ઉદાહરણ સમાજને આપ્યું છે એની વક્તાઓએ નોંધ લીધી હતી.

હંસરાજભાઈ કંસારાએ સર્જનશીલતાના સંતોષ સાથે ભાવુક હૃદયે પોતાની સર્જનયાત્રાની પ્રેરણાના મુખ્ય સ્રોત તરીકે પ્રસિદ્ધ વાર્તાકાર ડૉ. જયંત ખત્રી, ડૉ. મનુભાઈ પાંધી જેવા ઉત્તમ કક્ષાના અનેક વાર્તાકારોને શ્રેય આપ્યો હતો અને સાહિત્ય રસિકોની તેમના પ્રત્યેની લાગણી માટે આભાર વ્યક્ત કર્યો હતો.





કાર્યક્રમનું સંચાલન પ્રસિદ્ધ ટી.વી. એન્કર અને ન્યુઝ રીડર અલ્પાબેન શાહ તેમજ કંસારા પરિવારનાં પૌત્રી કૃતિ કંસારાએ સંભાળ્યું હતું.

કચ્છમિત્રના વ્યવસ્થાપક શૈલેષભાઈ કંસારાએ વિમોચન પ્રસંગે ઉપસ્થિત રહેલા તમામ મહાનુભાવો અને સાહિત્ય રસિકોનો ઋણ સ્વીકાર કર્યો હતો અને વિશેષ કરીને પિતાને સર્જન પ્રક્રિયાના સહારે હતાશામાંથી બહાર આવવાની પ્રેરણા આપનાર ડૉ. પૃથ્વી શાહ, મુખપૃષ્ઠ માટે સંમતિ આપવા બદલ ગીતાબેન ચંદ્રકાંત મહેતાનો તેમજ વીડિયો ફિલ્મ "મહામારી"ના નિર્માતા-નિર્દેશક સુરેશ બીજલાણી 'સુબી'નો આભાર માન્યો હતો.

'સેતુ' પરિવારના સ્વજનો ગિરીશભાઈ સોની, ઈન્દુભાઈ સોલંકી, લતાબેન સોલંકી, જીનલ સોલંકી, ધારા બારમેડા, ભાવિ બારમેડા, પ્રવીણા મહીચા અને સુરેશ બીજલાણી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રી મનુભાઈ કોટડિયાએ આપેલો સંદેશ, શબ્દશઃ નીચે પ્રસ્તુત છે :

*"પુસ્તક પ્રકાશનનું નક્કી થયા બાદ, બે માસ સુધી શ્રી હંસરાજભાઈએ એમના સુપુત્ર શ્રી પરેશકુમારની મહેનત સાથે જે સંઘર્ષ કર્યો, તેના હું (મનુભાઈ), જયેશ ઘડિયાળી અને અતુલ સોની સહભાગી સાક્ષી છીએ. આ ગ્રંથનું પ્રકાશન અમારા માટે હર્ષ તેમજ ગૌરવપ્રદ ઘટના છે."*

કાર્યક્રમ માટે હંસરાજભાઈના પરિવારના નીકિતભાઈ, પરેશભાઈ, મનીષભાઈ, દીપ્તિબેન, કૃતિ, કદમ, હની, મૃદુલ, નેહા, પૂર્વી સહિત સહુએ યથોચિત જહેમત ઉઠાવી હતી.

## વાચકોના પ્રતિભાવ

★ શિર્ષક સાર્થક છે. જેમાં હંસરાજભાઈની નિરીક્ષણ શક્તિનાં દર્શન થાય છે. સાદી સરળ ભાષા દ્વારા જાણે પ્રસંગ વાચકની સમક્ષ ઘટ્યો હોય તેવી ભાવના થાય છે. હૃદયસ્પર્શી વાર્તાઓ આજની બદલાયેલી હકીકતનું સુંદર અવલોકન તથા આલેખન.

**ડૉ. મણિલાલ ગડા - મુંબઈ**

★ સામાન્ય માનવીના જીવનપર્યંતના જુદા જુદા પરિવેશે થતા સંઘર્ષની વેદનાને વાચા આપતો આ વાર્તા સંગ્રહ જે જે વ્યક્તિ વાંચશે, તેને તેના જીવનની કોઈ ને કોઈ ક્ષણે આવેલી દર્દીલી વેળા યાદ આવશે. **સુરેશ શાહ - ભુજ**

★ પહેલી દૃષ્ટિએ જ આકર્ષક લાગે એવું સરસ પ્રકાશન. તમારી શૈલી સરળ છે. એમાં ક્યાંય વિદ્વતા કે સજ્જતાનો ભાર નથી. વાંચતી વખતે વાચક વાર્તા પ્રવાહમાં ખેંચાય છે પરંતુ એને એનો અણસાર નથી આવતો. વાર્તા જ્યારે સમાપ્ત થાય છે ત્યારે એ કંઈક નવું પામ્યાનો સંતોષ અનુભવે છે. **મનુભાઈ શાહ**

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય - અમદાવાદ**

★ તથ્ય આધારીત ઘટના પ્રધાન વાર્તાઓ વાચકને વિચારતા કરી મૂકે તેવી છે. તેમાં કંઈક સંદેશ છે. 'કોરી આંખનું કલ્પાંત' જેવા વિશિષ્ટ અને સશક્ત વાર્તા સંગ્રહથી ડૉ. જયંત ખત્રી, બકુલેશ, ડૉ. મનુભાઈ પાંધી વગેરે શૃંખલામાં શ્રી હંસરાજ કંસારાના નામનો ઉમેરો થાય છે. **શંકરભાઈ સચદે**

**સિનિયર એડવોકેટ, વિવિધ સંસ્થાઓના અધ્યક્ષ - ભુજ**

★ સમગ્ર રીતે જોતાં કહી શકાય કે પુસ્તક પ્રથમ કક્ષાનું બન્યું છે. તેમના પાસે વિચાર છે, સંવેદના છે, સુંદર અભિવ્યક્તિ છે. આગ્રહ છે કે તેઓ ટુંકા ગાળામાં બીજાં લખાણો પ્રકાશિત કરશે. તેમની પાસે પુષ્કળ સર્જનાત્મક્તા છે. તેનો લાભ સમાજને મળવો જ જોઈએ. **હરેશ ધોળકિયા**

**શિક્ષણ વિદ્ અને વરિષ્ઠ સાહિત્ય સર્જક - ભુજ**

★ શાશ્વતી સાથેનો સંબંધ ધન્યતાની સહજ અનુભૂતિ કરાવે

છે. એક સુંદર કૃતિ ગુજરાતી ભાષાના ચરણોમાં ધરવા બદલ સાધુવાદ. *સૂર્યશંકર ગોર - રાપર*

★ હંસરાજભાઈએ એમના ભીતરમાં ભરેલી સંવેદના સરિતાનાં નિર્મળ જળની જેમ વહાવી છે.

*પી. જી. સોની 'દાસ' - ભુજ, કચ્છ*

★ કસાયેલ કલમે હૃદયની વ્યથાની અભિવ્યક્તિ, દરેકને ભાવવિભોર કરશે. *મહેન્દ્ર દોશી - અમદાવાદ*

★ તરબતર ઉર્મિઓનું શબ્દસ્થ આલેખન. વાચકની લાગણીઓને ઝણઝણાવે તેવું પ્રકાશન. *દેવેન્દ્ર વ્યાસ - માંડવી*

★ આપણા 'જ્ઞાતિસેતુ'ના મુખ્યતંત્રી અને હાલે દિલ્હીમાં વસવાટ કરતા જૈફ ઉંમરના શ્રી હંસરાજભાઈનો પ્રથમ વાર્તા સંગ્રહ ''કોરી આંખનું કલ્પાંત'' હાલમાં જ બહાર પડેલ છે. જેની એક પ્રત મને તેમના પુત્ર શ્રી શૈલેષભાઈ મારફતે મળેલ છે. આ વાર્તા સંગ્રહમાં ૧૪ ટૂંકી વાર્તાઓ અને બે નાટકોનો સમાવેશ થાય છે. આ દરેક વાર્તાઓ માનવ જીવન સાથે સંકળાયેલ હકારાત્મક કે નકારાત્મક લાગણીઓ વ્યક્ત કરે છે.

ટૂંકી વાર્તાના આ સંગ્રહમાં લેખકે આવી લાગણીસભર ઘટનાઓની વાતો વણી લઈને તેમાંથી નિષ્પન્ન થતી પરિસ્થિતિઓને વાચા આપેલ છે.

દા.ત. વેજલ નામની વાર્તામાં પોતાની કોખ ભાડે આપી, એક પારકા પિંડનો ભાર ઉંચકતી મહિલાની શારીરિક પીડા, તકલીફ તેમજ માનસિક વેદનાને વર્ણવેલ છે.

વાર્તાઓ વાંચતા તેમાં શ્રી હંસરાજભાઈનો, તેમની હેલ્થ ખાતાની લાંબી નોકરીનો અનુભવ દૃષ્ટિગોચર થાય છે.

કેટલીક વાર્તાઓમાં લેખકે નવા વિષયમાં પણ ખેડાણ કરેલ છે. દા.ત. ચશ્મદીદ ગવાહ દ્વારા વાચકને કોર્ટરૂમના વાતાવરણમાં લઈ જઈ કાયદાકીય બારીકીઓનું વર્ણન કરેલ છે. તો સ્વીસ બેંકમાં બેનામી નાણાં રાખતાં મંત્રીની ચાલાકી પર કટાક્ષ કરતી કથામાં સ્વપ્નનું વિશ્લેષણ લેખકે એક જ વાક્ય 'તંદ્રાવસ્થાનો તલસાટ', જાગ્રત મનની માત્ર વાંઝણી ઝંખના'માં મૂકી દીધેલ છે.

અન્ય કૃતિઓમાં પણ વાંચકને કંઈક નવું જાણવા મળશે. રેડિયો રૂપક 'ભૂકંપના ભણકારા' જોઈએ તો તેમાં સોનોગ્રાફીનો વિરોધ દર્શાવતી વાત થપ્પડના રૂપક દ્વારા કહેવાયેલ છે. તો ત્રણ દશ્યોમાં વહેંચાયેલ એકાંકી નાટક 'દાદાજીની હવેલી'ના સંવાદો તેમજ ભ્રૂણ હત્યા અને હોસ્પિટલમાં થતી દીકરી સામે દીકરાની અદલા-બદલીની કથાવસ્તુ વાચકોને ગમશે.

*તુલસીદાસ કંસારા - અમદાવાદ*

★ મુરબ્બી વડીલ શ્રી હંસરાજભાઈની સાહિત્ય પ્રસાદી મળી. એમના હાથ નીચે કામ કરવાનો લાભ મને મળ્યો છે. એ સમય મારા માટે કાયમ ગુણવત્તાભર્યો રહ્યો છે. આ સમયે પૂ. હંસાબેનની યાદ આવ્યા વગર રહેતી નથી. અત્યંત સાદગી, સરળતા અને પ્રેમાળ વર્તનનું સ્મરણ કાયમ રહેશે.

*પ્રજ્ઞા શુક્લ, પૂર્વ સહતંત્રી – 'કચ્છશ્રુતિ', અમદાવાદ*

★ આપનું સાહિત્ય લાંબા સમય પછી પ્રકાશિત થઈ રહ્યું છે, એનો આનંદ છે. કચ્છના ઇતિહાસ લેખન કાર્યમાં આપનું માતબર યોગદાન રહ્યું છે. આ વાર્તા સંગ્રહ દ્વારા આપની સર્જનાત્મક્તા બહાર આવી રહી છે. આપ ઘણું બધું કરી શકો તેમ છો....

*ડૉ. કાંતિ ગોર - ભુજ, કચ્છ*
*સિધ્ધહસ્ત સાહિત્ય સર્જક, પૂર્વ કુલપતિ – કચ્છ યુનિવર્સિટી*

★ વાર્તાઓ સત્ત્વશીલ અને ગુણવત્તાસભર છે.

*ભરત પ્રા. ઠાકર - અંજાર*

★ શ્રી હંસરાજભાઈ આરોગ્ય, શિક્ષણ, પત્રકારત્વ, સંપાદન, આરોગ્યલક્ષી ટૂંકી ફિલ્મોના નિર્માતા, સમાજના મુખપત્રોના તંત્રી, પરામર્શક આદિ સમાજના મુખપત્રોમાં શું જરૂરી છે અને સમાજના વિકાસ માટે કેવું લખાણ જોઈએ તેનો હંમેશાં ખ્યાલ રાખ્યો. ગુજરાતીમાંથી અંગ્રેજીમાં અને અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ નિપુણતા દર્શાવી. આવું બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા હંસરાજભાઈની કસાયેલી કલમે લખાયેલું પુસ્તક ''કોરી આંખનું કલ્પાંત'' ગુજરાતી જાણતા સૌ વાચકો વડે ઉમળકાભેર આવકાર પામશે જ.

*પ્રા. પૃથ્વી શાહ - ગાંધીનગર*

★ પરિસ્થિતિજન્ય પ્રસંગો સાંકળતો, સત્ત્વ અને તત્ત્વસભર વાર્તા સંગ્રહ.

*વિનોદ એલ. ચાવડા, લોકસભા સાંસદ - ભુજ*

★ સામાજીક બંધનોના તાણાવાણા એવા ગુંથાયેલા હોય છે કે એમાં આંખો કોરી હોવા છતાં હૈયુ કલ્પાંત કરતું હોય... આવી કોરી આંખોની કલ્પાંતની વાર્તાઓ લઈને આવ્યા છે, હંસરાજભાઈ કંસારા. આ કલ્પાંતને સંયમીત રીતે રજૂ કરવાની એમની આવડત નોંધપાત્ર છે. વાર્તા સર્જનમાં બોલકા થવાની લાલચ ભલભલા લેખક રોકી શકતા નથી. પરંતુ હંસરાજભાઈ એવી લાલચમાં પડ્યા વિના કલાત્મક રજુઆત કરી શક્યા છે.

*રજનીકાંત સોની*

*['કચ્છમિત્ર' દૈનિકની મધુવન પૂર્તિમાં, એમની કોલમ 'ગ્રંથ સમીપે'માં પ્રસ્તુત પુસ્તકના અવલોકનના અંશ (તા. ૫-૧૨-૨૦૨૧)]*

Prdeep Kansara
939 9999 330
Sanjay Kansara
94265 21974

Bharat Petroleum
Pure for Sure

**PRADEEP AGENCIES**
BHARAT PETROLEUM DEALER

Email: pradeep_kansara25@gmai.com
Petrol Site: 126, M. G. Road, Secundarabad
Diesel & LPG: 1-54/2, Madinaguda Village, Myapur
Bitumen Depot: 8-2-98 Isanpur, Opp. Raasi Ceramics, Medak

---

સોની નરેશ દામજીભાઈ

**પાર્થ જ્વેલર્સ**

સોના-ચાંદીના દાગીના
બનાવનાર તથા વેચનાર

સુભાષ પોળ, સ્ટેશન રોડ, ખેડબ્રહ્મા, (સા.કાં.)
ફોન : (ઓ) ૨૨૦ ૫૯૯ (રહે) ૨૨૦૧૨૯ • મો. ૯૪૨૭૬ ૯૬૧૭૬

---

Pinack. S. Halaie
99225 79995

Vipul. S. Halaie
94221 02427

**Macken Jeweller's**
**Macken Gift**
**Vipul Wooden Art.**
(Govt. Contractor)

Abhyankar Road sitabuldi Nagpur

---

Hitesh S. Pomal : 98791 22298
Nandish S. Pomal : 99242 19117

**M/s. Soni Ramniklal Nanalal**
*Retailer of Gold and Silver Ornaments*

Foram S. Pomal : 94280 33100
Showroom : 02836 246108

**M/s. Mahalaxmi Jewellers**
*Wholesale of Gold Ornaments*

Lalbahadur Shashtri Road, Anjar-Kutch-370110
Email: foramsoni2@gmail.com

---

**V P Jewellers**

**વી.પી.જ્વેલર્સ**
ચાંદી - સોનાના દાગીનાના હોલસેલ વિક્રેતા

વસંતભાઈ પોમલ
98254 45364

મુકેશ સોની
98257 69258

ધોબી શેરી,
છઠીબારી રીંગ રોડ,
ભુજ-કચ્છ.૩૭૦ ૦૦૧

---

Er. Ghanshyam Soni
B. E. Civil
M : 09998694694
Email : gp_hirise@yahoo.co.in

Let's Live Better...
**HI-RISE**
CONSULTANT

- Architectural Designer
- Structure Designer
- Consulting Civil Engineer
- Approved Valuer

Office : f/4, AJANTA COMPLEX, B/H S.T. STATION, MODASA-383315 DIST SABARKANTHA (GUJ)

---

Ishwarbhai Soni
99989 71613

Jitendrabhai Soni
98982 39583

**Shree Radhe Jewellers**

**Makers and Salers of Gold & Silver Ornaments**

12 Mtr Road, Kansara Bazar,
Ganga Bazar, Anjar, Kutch

---

કિશોર પી. સોની
9825271912

જીત કે. સોની
9099939143

**મે. સોની કિશોર પ્રેમજી**
**કે. પી. જ્વેલર્સ**

ડાયમંડ | ગોલ્ડ | સિલ્વર

હોસ્પિટલ રોડ, ડો. દિલ્હીવાલા બિલ્ડીંગ, જી.ઈ.બી.ની સામે, ભુજ-કચ્છ.
02832 255162   99093 55162   kpjewellers916@gmail.com

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.


# LET US GUIDE YOU TO HOMES

## MAKE THE BEST INVESTMENT IN PROPERTY



• Inspection of Property • Evaluate Property • Pricing of Property
• Goodwill of Developer • Validation of Documents • Time of Delivery
• Tenant Screening • Ultimate Properties

**PRIME PROPERTY**

48, 4th Floor, Amarapali Axiom, Nr. Bopal Ring Road, Bopal,
Ahmedabad-380 058 Phone: (02717)401598
Mo : +91 98795 32139 I +91 98700 63481
primeproperty123@yahoo.com | primepropertymanagement.in
**RERA No : AG/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/AA00779/291223R1**

raj.divyang.in


Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021.
Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00